॥ હરિ:ૐ ॥



# પૂજ્ય શ્રીમોટા સાથે સત્સંગ-૭

# ગ્રહ ગ્રહણ

પૂજ્ય શ્રીમોટા હરિ:ૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

# ગ્રહ ગ્રહણ

## (પૂજ્ય શ્રીમોટા સાથે સત્સંગ-૭)

સ્વજન : શ્રી રમણભાઈ બી. અમીન
સંપાદક : ડૉ. રમેશભાઈ મ. ભટ્ટ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૯૩ | ૧૫૦૦ |
| બીજી | ૨૦૦૬ | ૨૦૦૦ |
| ત્રીજી | ૨૦૧૨ | ૨૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૮ + ૧૪૬ = ૧૬૪

❑ કિંમત : **રૂ. ૧૫**/-

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

પૂજ્ય શ્રીરંગ અવધૂત મહારજનો સત્સંગ અને આશીર્વાદ વડે કૃપાપાત્ર થયેલા, પૂજ્ય શ્રીમોટાના મૌનઓરડાના વાતાવરણ અને રચનાઓથી આકર્ષાઈને ઘણાં વર્ષોથી નિયમિતપણે મૌનસાધના કરનાર અને દરેક વેળાએ મૌનરૂમમાં ભારતીય સંસ્કૃતિના પૌરાણિક ગ્રંથોનો અભ્યાસ કરનાર, મુંબઈ શહેરના વાતાવરણમાં રહીને પણ સતત પ્રભુમય જીવનમાં રત રહેનાર, શાસ્ત્રોના અભ્યાસુ, વાતે વાતે સંસ્કૃતના શ્લોક સાથે ભારતીય સનાતન ધર્મની સમજ આપનારા, ભાવસભર, શાંત અને મૃદુભાષી સજ્જન

**શ્રી સનતકુમાર જયશંકર દ્વિવેદી**

અને તેમનાં ધર્મપત્ની

**સદ્ગત શ્રીમતી રેણુકાબહેન સનતકુમાર દ્વિવેદીને**

**'ગ્રહ ગ્રહણ'** પુસ્તકની આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન પ્રેમપૂર્વક સમર્પણ કરતાં અમો આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

તા. ૧-૪-૨૦૧૨
રામનવમી

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત.

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

ઈ.સ. ૧૯૭૪-૧૯૭૫ દરમિયાન પૂજ્ય શ્રીમોટા, આરામ માટે ફાજલપુર મુકામે ફાર્મ હાઉસમાં કેટલાક દિવસો રહેલા. તેઓશ્રીના નિવાસના એ દિવસો દરમિયાન વહેલી સવારે અમારે એમની પાસે જવું એમ નક્કી થયેલું હતું. કલાક-દોઢ કલાક સત્સંગ થતો. મારા મનમાં ઉદ્‌ભવતા પ્રશ્નો હું પૂછતો. ક્યારેક ક્યારેક ધીરજબહેન પૂછે. ચિ. જ્યોતિબહેન પણ પૂછે. આ પુસ્તક **'ગ્રહ ગ્રહણ'**માં શ્રી સુરેશભાઈ પટેલે પણ પ્રશ્ન પૂછ્યો છે. વળી, સત્સંગ દરમિયાન શ્રી નંદુભાઈ, રામભાઈ, ડૉ. કાંતાબહેન પણ હિસ્સેદાર બનેલાં, એનો સમાવેશ પણ થયો છે.

પૂજ્ય શ્રીમોટા સાથે થયેલા સત્સંગની પચાસ જેટલી કેસેટ્સ ભરાયેલી. એ બધી જ કેસેટ્સમાં ઊતરેલી વાણીમાંથી શ્રી રમેશભાઈએ આ પુસ્તકમાં કરેલું સંકલન ઘણા જ ઉપયોગી વિષયોને આવરી લે છે. આમાં આધ્યાત્મિક જીવન અંગેની ચર્ચા ઉપરાંત, આપણી કેટલીક પ્રચલિત માન્યતાઓ વિશે પૂજ્ય શ્રીમોટાએ સચોટ ખુલાસા તથા સમજૂતી આપ્યાં છે. આથી, આ સત્સંગ શ્રેણીના આજ સુધી પ્રગટેલાં પુસ્તકોમાં આ પુસ્તક બહુજનસમાજને વધુ આકર્ષશે.

પૂજ્ય શ્રીમોટાની વાણીનું આ અક્ષરરૂપ પ્રગટ કરીને ધન્યતાની અને કૃતાર્થતાની લાગણી અનુભવું છું.

વડોદરા, **રમણભાઈ બી. અમીન**

તા. ૧-૭-૧૯૯૩

॥ હરિઃૐ ॥

# આભારદર્શન

પૂજ્ય શ્રીમોટાએ ૧૯૭૪-૧૯૭૫માં શ્રી રમણભાઈ અમીન સાથે સત્સંગ કરેલો. એ સત્સંગ શ્રી રમણભાઈએ કેસેટ-ટેપમાં રૅકૉર્ડ કરેલો. એ પરથી શ્રી રમેશભાઈ ભટ્ટે સંપાદન કરેલું આ પુસ્તક **'ગ્રહ ગ્રહણ'** તૈયાર થયું છે. પૂજ્ય શ્રીમોટાની વાણીની કેસેટ્સ શ્રી રમણભાઈ અમીન સાહેબે આપીને પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનો પર પોતાનો પ્રેમભાવ દર્શાવ્યો છે, એ માટે એમને ધન્યવાદ ઘટે.

શ્રી રમેશભાઈએ ઘણા પરિશ્રમથી આ પુસ્તક તૈયાર કર્યું છે. પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના એમના ભાવની અમો કદર કરીએ છીએ.

આ પુસ્તક તથા આ જ શ્રેણીનાં બીજાં પુસ્તકો લાઇટ પબ્લિકેશન્સ લિમિટેડમાં નવા ગોઠવાયેલા કૉમ્પ્યૂટરાઇઝ્ડ ટાઇપ સેટિંગથી તૈયાર થાય છે. અને શ્રી રમણભાઈ અમીન તરફથી આ પ્રકાશનો પૂજ્ય શ્રીમોટાનાં ચરણે સમર્પિત થયાં છે. આ માટે શ્રી રમણભાઈ અમીન સાહેબના અમો ઘણા ઘણા આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોએ તથા અધ્યાત્મરસિક ગુજરાતી પ્રજાએ, આ સત્સંગના ગ્રંથો ઉમંગથી આવકાર્યા છે. આ પુસ્તક **'ગ્રહ ગ્રહણ'**માં સંપાદિત થયેલા વિષયો તો સર્વસાધારણ વ્યક્તિને પણ રસપ્રદ બને એવા છે. આથી, આ પુસ્તક તો સવિશેષ આવકાર પામશે એવી શ્રદ્ધા છે.

**વ્યવસ્થાપક ટ્રસ્ટી,**
હરિઃૐ આશ્રમ, નડિયાદ.

તા. ૧-૭-૧૯૯૩

॥ હરિઃૐ ॥

# સર્વગ્રાહી

## (સંપાદકીય)

ઈ.સ. ૧૯૭૪-૧૯૭૫ દરમિયાન પૂજ્ય શ્રીમોટાએ શ્રી રમણભાઈ અમીન સાથે સત્સંગ કરેલો. ટેપ પર રૅકૉર્ડ થયેલા, એ સત્સંગ પરથી તૈયાર થયેલાં પુસ્તકોમાં **'ગ્રહ ગ્રહણ'** સાતમું પુસ્તક છે. અગાઉ પ્રગટ થયેલાં છ પુસ્તકોની સરખામણીમાં આ પુસ્તક વિષયની દૃષ્ટિએ વૈવિધ્યપૂર્ણ અને સર્વગ્રાહી બન્યું છે. વળી, આ પુસ્તકમાં સંપાદિત થયેલા સત્સંગમાં શ્રી રમણભાઈ, પૂજ્ય ધીરજબહેન, શ્રીમતી જ્યોતિબહેન પટેલ ઉપરાંત, પૂજ્ય નંદુભાઈ, શ્રી સુરેશભાઈ પટેલ, શ્રી રામભાઈ પટેલ તથા ડૉ. કાંતાબહેન પટેલે પણ ભાગ લીધો છે. આથી, આ પુસ્તકમાં પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોનું એક નાનકડું સંમેલન થયું હોય એવો આનંદ અનુભવાય છે.

પૂજ્ય શ્રીમોટા સાથેના સત્સંગની ટેપરૅકૉર્ડ થયેલી વાણીનું આ ગ્રંથરૂપ નામકરણની દૃષ્ટિએ નોંધપાત્ર રહ્યું છે. અગાઉ પ્રગટ થયેલાં પુસ્તકો અનુક્રમે ૧. શેષ વિશેષ, ૨. જન્મ પુનર્જન્મ, ૩. તદ્રૂપ સર્વરૂપ, ૪. અગ્રતા એકાગ્રતા, ૫. અન્વય સમન્વય, ૬. જોડાજોડ અને આ ૭. ગ્રહ ગ્રહણ તથા હવે પછી પ્રગટ થનારું આઠમું અને છેલ્લું પુસ્તક 'એકીકરણ સમીકરણ'-આ બધાં જ પુસ્તકોનાં પેટાશીર્ષકનું નામકરણ જે તે પુસ્તકમાં ચર્ચાયેલા એકાદ વિષયને ધ્યાનમાં રાખીને થયું છે. કેટલાંક પુસ્તકોનાં શીર્ષકો તો પૂજ્ય શ્રીમોટાએ પ્રયોજેલા શબ્દરૂપે જ લીધા છે. 'જોડાજોડ' અને 'એકીકરણ સમીકરણ' એ પૂજ્ય શ્રીમોટાના શબ્દો છે. આમ છતાં આ શીર્ષકોમાં આંતરપ્રાસ આવ્યો છે. એ સહજ બન્યું છે. માત્ર આ પુસ્તકનાં શીર્ષકની પસંદગીમાં અર્થની સ્પષ્ટતા કરવી જરૂરી

છે. આ પુસ્તકમાં ગ્રહો, ગ્રહોની આપણા જીવન પરની અસરો, તથા આપણી જન્મ રાશિના ગ્રહો, ગ્રહની અસર નિવારવા માટે પહેરાતાં નંગો વિશે ચર્ચા છે. ‘ગ્રહણ’ શબ્દનો અર્થ ‘સ્વીકાર’ તરીકે કરવાનો છે. તાત્પર્ય એ છે કે પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકમાં ગ્રહો ઉપરાંત, અન્ય માન્યતાઓ વિશે જે ખુલાસાઓ આપ્યા છે, એનું હાર્દ આપણે ગ્રહણ કરવાનું છે. આ પુસ્તક શ્રેણીનાં પેટાશીર્ષકની પસંદગી અંગે કેટલાક વાચકોએ કૌતુક વ્યક્ત કર્યું હતું તથા કેટલાકે એના અર્થો વિશે પણ શંકા વ્યક્ત કરેલી. એથી, આટલી સ્પષ્ટતા કરવી યોગ્ય લાગી છે.

પૂજ્ય શ્રીમોટા સાથેના આ સત્સંગ પુસ્તકમાં તેઓશ્રીએ આપણા જીવનમાં દૃઢ થયેલા સંસ્કારોને લીધે આપણી રૂઢ માન્યતાઓનું તથા રૂઢ ક્રિયાઓનું હાર્દ  પ્રગટ કર્યું છે. આપણા જન્મની રાશિ, આપણું પ્રારબ્ધ, આપણા જીવનમાં ગ્રહોની અસર, એવી અસરોમાંથી મુક્ત થવા માટે પહેરાતાં નંગ, શ્રાદ્ધક્રિયા, વાસ નાખવાની ક્રિયા વગેરે વિશે પૂજ્ય શ્રીમોટાએ જે સમજૂતી આપી છે, એ દ્વારા આપણી સંસ્કારગત માન્યતાઓ શુદ્ધ થાય છે. પરિણામે આપણે એવી બધી માન્યતાઓના તથા ક્રિયાના સમયલક્ષી હાર્દને પામી શકીએ છીએ. પૂજ્ય શ્રીમોટા, કોઈ ક્રિયાવિધિનો ઉચ્છેદ કરતા નથી, પરંતુ એનો સમાજસંદર્ભ અને કાળસંદર્ભ તપાસીને વિચારપૂર્વકનું હોય તો સ્વીકારવા-આચરવાનું સૂચવે છે. આપણા જીવન પર ગ્રહોની અસર છે, એ વાત સાચી હોવા છતાં આપણે માત્ર પ્રારબ્ધવાદી થઈને નિષ્ક્રિય રહીએ, એ પૂજ્ય શ્રીમોટાને માન્ય નથી.

આપણા ચિત્તમાં અનેક જન્મોના સંસ્કારો સંગ્રહાયા છે. આપણું જીવન એ સંસ્કારબળથી કાળપ્રવાહમાં લાકડાંની જેમ તણાય છે. સંસ્કારોનો ઉદય એટલો પ્રબળ હોય છે કે ત્યાં માણસનું કશું બળ

ચાલતું નથી. આથી, સંસ્કારોનો ઉદય એ પ્રારબ્ધ છે. એટલે પ્રારબ્ધને બળવાન ગણેલું છે. આપણા જીવનની ગતિનો વેગ સંસ્કારબળથી ભલે હોય, પણ તે સાથે આપણું જીવન ચેતન સાથે પણ સંકળાયેલું છે. આથી, સ્વતંત્ર નિશ્ચયશક્તિ, સંકલ્પબળ અને અસાધારણ પુરુષાર્થથી સંસ્કારબળોના ઉદય વખતે, એને નિવારવાનું પણ આપણાથી બની શકે છે. આવી પ્રક્રિયાને તેઓશ્રીએ સાધના તરીકે ઓળખાવી છે. જીવનનો ધ્યેય નક્કી કર્યા પછી એ જ હેતુને ફલિત થવા પ્રત્યેની જાગૃતિથી જે ક્રિયા થાય છે, એ પુરુષાર્થ છે. આવા પુરુષાર્થ બળથી પ્રારબ્ધની અસરોને ખાળી શકાય છે. આ હકીકત પૂજ્ય શ્રીમોટાએ એવી સરળ-સહજ રીતે સમજાવી છે કે જેથી આપણે એને ગ્રહણ કરી શકીએ.

આપણને જે જન્મ અને જીવન પ્રાપ્ત થયું છે, એનું યોગ્ય મહત્ત્વ આપણને પૂરેપૂરું સમજાયું નથી. એ તો જેને જીવનની અખંડતાનું અનુભવદર્શન થયું હોય, એ જ એના મહત્ત્વને પ્રમાણી શકે. પૂજ્ય શ્રીમોટાએ પોતાના અનુભવદર્શનથી મનુષ્યદેહ તથા મનુષ્યજીવનનું મહત્ત્વ સમજાવ્યું છે. દેહનો જન્મ જે દિવસે થાય છે, એનું આધ્યાત્મિક જીવનમાં મહત્ત્વ છે. જન્મના જ દિવસે ખાસ વિશિષ્ટ પ્રકારનું રૂપાંતર થતું હોય છે. જે જીવ જીવનવિકાસની સાધનામાં એકાગ્ર કેંદ્રિત થયેલો છે, એને તો પ્રતિવર્ષે આવા ફેરફારનો અનુભવ પણ થયા કરે છે. આથી વિશેષ, જે મુક્તાત્મા છે, પરમાત્માનુભવમાં જે નિરંતર લીન છે, એના જન્મદિવસનું મહત્ત્વ તો કોઈ ઑર જ હોય છે. પૂજ્ય શ્રીમોટાએ ટૂંકમાં સાંકેતિક રીતે આ બાબત સમજાવી છે. અનુભવી પુરુષનો જન્મદિવસ તો કોઈ અલૌકિક, ગૂઢ અને વિશિષ્ટ પ્રક્રિયાયુક્ત હોય છે. આ સમજ્યા પછી પરમાત્માનુભવી પુરુષ પૂજ્ય શ્રીમોટાના જન્મદિવસની ઉજવણીની ભાવના આપણને સ્પષ્ટ થાય છે.

આપણા જીવનમાં આવતી ચડતી પડતીનો હેતુ સમજાવતાં પહેલાં તેઓશ્રીએ આ હકીકતને અનિવાર્ય ગણાવી છે. આથી 'આમ કેમ થાય છે ?' એવો પ્રશ્ન જ ઉદ્ભવે નહિ. ચડતી પડતી એ કુદરતી અવસ્થા છે. જીવનના પ્રત્યેક તબક્કે આ અવસ્થામાં આવવું જ પડે છે, પરંતુ પડતીમાં કેવી ધારણા રાખવી તથા ચડતીમાં કેવા ભાવથી સંયમિત રહેવું, એ તેઓશ્રીએ સમજાવ્યું છે. વ્યક્તિની જેમ સમાજ તથા દેશની બાબતમાં પણ આ જ નિયમ લાગુ પડે છે. આથી, વ્યક્તિએ, સમૂહે તથા રાજસત્તાએ આવી સ્થિતિમાં કેવાં વલણોથી કામ કરવું જોઈએ, એ તેઓશ્રીએ દર્શાવ્યું છે.

આપણા ચિત્તમાં રૂઢ ધર્મસંસ્કારો તથા પરંપરિત કર્મકાંડ આચરવાના પ્રબળ સંસ્કારો છે. મૂર્તિપૂજા એ આપણા ધર્મસંસ્કારનું પ્રગટ અંગ છે. મૂર્તિપૂજા વખતે જ્ઞાનમૂલક ભાવનાની જાગૃતિ ન રહેતી હોય તો આ ક્રિયા જડ ગણાય. એટલું જ નહિ પણ એવી પૂજાવિધિ વ્યક્તિના અજ્ઞાનને વધારે છે. મૂર્તિમાં અનુપમ કલાસૌંદર્ય છે, પરંતુ એમાં કલ્પના હોવાથી એ કેવળ મનને પ્રસન્ન કરે છે, પણ જો એ સાથે બુદ્ધિપ્રકાશથી ભાવના સ્પષ્ટ થાય અને હૃદયમાં ભાવ જાગે તો હૃદય કૂંણું બને છે. મૂર્તિનાં માત્ર દર્શનથી ભાવોદ્રેક થાય કે આંખમાંથી આંસુ સરે એને ભક્તિનું પ્રમાણ માની લેવું એ યોગ્ય નથી, એમ તેઓશ્રીએ સ્પષ્ટ કહ્યું છે, પરંતુ આવા કોઈ પણ અનુભવ પછી જીવન વિશેનું દૃષ્ટિબિંદુ ધરમૂળથી પલટાય અને ભગવાન વિશેનું ચિંતન નિરંતર રહ્યા કરે તો જ હૃદયમાં જાગેલા ભાવોદ્રેકનું યોગ્ય પરિણામ કહેવાય. નહિતર આવો ભાવોદ્રેક પણ પૂર્વજન્મના કોઈક શુભસંસ્કારોના ઉદયનું તે સમયે આવેલું પરિણામ ગણાય. આ હકીકતના સમર્થનમાં તેઓશ્રીએ એક પ્રસંગ પણ રજૂ કર્યો છે.

મૂર્તિનું મહત્ત્વ એકાગ્રતા માટે તથા ભાવના કેળવીને દૃઢ

કરવા માટે છે. ભાવનાને જીવનમાં પ્રતિષ્ઠિત કરીને જીવનને ચરિતાર્થ કરવું, એ મૂર્તિ દ્વારા થતી સાધના છે. મહાદેવના મૂર્તિરૂપમાં પરમાત્માના અનુભવનાં લક્ષણોની ભાવનાત્મક સંકલના થઈ છે, એની સમજૂતી તેઓશ્રીએ આપી છે. શિવલિંગ જીવનની ઊર્ધ્વગતિનું સૂચક છે, એમ તેઓશ્રીએ જણાવ્યું છે. અન્ય દેવદેવીઓની મૂર્તિઓ વિવિધ શક્તિનાં પ્રતીકો છે. આમાંથી જે મુખ્ય ચાર મહાશક્તિઓ છે, એનું વિવરણ આકર્ષક છે. ૧. મહેશ્વરી, ૨. મહાલક્ષ્મી, ૩. મહાસરસ્વતી, ૪. મહાકાળી-આ ચારેય શક્તિનાં કાર્ય અને પરસ્પરનો સંબંધ દર્શાવીને શક્તિનું બુદ્ધિગમ્ય આકલન કર્યું છે. આ મહાશક્તિને કેવા ભાવે ઉપાસવી એનો સંકેત પણ કર્યો છે. આ અમૂર્ત શક્તિનાં લક્ષણો આપણે આપણા જીવનમાં અનુભવીએ છીએ ખરા, પણ એના પ્રત્યે ભાવપૂર્વક જાગૃત નથી. પૂજ્ય શ્રીમોટાએ આ શક્તિઓને માતૃશક્તિઓ તરીકે ઊપસાવી છે, પોતાના સાધનામય જીવન દરમિયાન શરીરને જન્મ આપનાર મા પ્રત્યેના ઋણની ભક્તિનું ગાન પૂજ્ય શ્રીમોટાએ હૃદયના ભાવભર્યા ઉમળકાથી ગાયું છે. માના દેહરૂપને વૃત્તિની શુદ્ધિની પ્રક્રિયા માટે સેવ્યું છે. એ ઉપરાંત, પોતાના દેહને ઉગારીને જીવનના પરમ કલ્યાણકારી ધ્યેયનું ભાન પ્રગટાવનાર નર્મદાનું પણ માતૃરૂપે સ્તવન કર્યું છે. ગંગાના પ્રવાહને કેવા ભાવથી પવિત્ર ગણવો અને સાધનામય જીવનવિકાસનું ભાવનાત્મક દર્શન કેવી રીતે પામવું, એનો મર્મ **‘શ્રીગંગાચરણે’**ના સ્તુતિકાવ્યમાં તેઓશ્રીએ રજૂ કર્યો છે. આત્માની શક્તિ-શ્રદ્ધાનું ગાન તો અલૌકિક છે. શ્રદ્ધાનું એકમાત્ર કાર્ય ‘જીવ’ને આત્માના અનુભવ સુધી લઈ જવાનું છે. એ શક્તિનાં અનુભવમૂલક લક્ષણોનો સાક્ષાત્કાર તેઓશ્રીએ વિગતે રજૂ કર્યો છે. પરમાત્માના અનુભવની શક્તિનાં પ્રત્યક્ષ લક્ષણોનું પ્રમાણ તેઓશ્રીને ‘શ્રીમદ્ ભગવદ્ગીતા’માં મળ્યું. પરમતત્ત્વવિચાર રજૂ કરતા

તત્ત્વાનુભવમૂલક આ સંસ્કૃતિગ્રંથની તેઓશ્રીએ ગીતામાતા તરીકે ભક્તિ વ્યક્ત કરી છે. એમાં જ્ઞાનભક્તિકર્મના ત્રિવેણીસંગમમાં સ્નાન કર્યા જેટલો આનંદ અનુભવાય છે. જિજ્ઞાસુને ‘જીવનગીતા’ ગ્રંથની ઉપાસના કરવાનું સૂચન કર્યા વિના રહેવાતું નથી. પૂજ્ય શ્રીમોટાની સાધના જ્ઞાનલક્ષી છે, પણ બધાં સાધનો ભક્તિમાર્ગનાં છે. તેઓશ્રીના સાક્ષાત્કારના તબક્કામાં પણ અમૂર્ત જ્ઞાનભાવ જ રહ્યો છે. દ્વૈત અને અદ્વૈતના અનુભવના વર્ણનમાં પણ અમૂર્તતા જ છે. ભગવાન શ્રીકૃષ્ણનો અમૂર્ત ભાવ પણ તેઓશ્રીએ વર્ણવીને શ્રીકૃષ્ણનું દર્શન આપણને કરાવ્યું છે. અદ્વૈતના અનુભવદર્શન પછી તેઓશ્રીએ ભક્તિભાવભર્યા માતૃસ્તવનો આપણને આપ્યાં છે, એ એક આશ્ચર્યકારક ઘટના છે. આવાં સ્તવનોમાં ક્યાંય મૂર્તરૂપની ઉપાસના થતી નથી, પરંતુ ભાવનાત્મક સ્પષ્ટતાથી ભાવભરી ભક્તિ વ્યક્ત થાય છે. તેઓશ્રીએ તો જ્ઞાનમૂલક અને જ્ઞાનપ્રેરક કર્મને જ ભક્તિ તરીકે અનુભવી છે, પ્રયોજી છે અને વ્યક્ત પણ કરી છે. આ બાબતનો આટલો વિસ્તાર કરવાનું પ્રયોજન એ છે કે પૂજ્ય શ્રીમોટાએ શક્તિરૂપનાં સાકાર પ્રતીકો અંગે કરેલા વિવરણનું યથાર્થ મૂલ્યાંકન થાય. સમાજમાં માતાજીના આવિર્ભાવને નામે હાથમાંથી કે મોંમાંથી નીકળતા કંકુ અંગે, કે મોંમાંથી નીકળતા મોતી અંગે- જે ઘેલછા પ્રવર્તે છે, એને તેઓશ્રીએ હસી કાઢી છે. મહાશક્તિનાં કાર્યના વિવરણથી આવી ક્રિયાઓની પોકળતા અને નિરર્થકતા આપોઆપ સાબિત થાય છે.

પૂજ્ય શ્રીમોટાનો બાહ્યદેખાવ ગૃહસ્થીનો હતો. અને એમનું જાહેર કાર્યકર્તારૂપ સમાજોત્થાન કરનાર વ્યક્તિ તરીકે રહેલું. તેઓશ્રીના આ જાહેર ક્રિયારૂપ દ્વારા વ્યક્તિ તેમ જ સમષ્ટિના જીવનમાં નિગૂઢ પરમાત્મશક્તિના આવિર્ભાવ માટેનો એક આધ્યાત્મિક પ્રયોગ હતો, એ વાત હવે સમજાતી આવી છે. આમ

છતાં, તેઓશ્રીનાં વ્યક્ત વાણીવર્તનમાં ઘણાંને વિચિત્રતા અને પરસ્પર વિરોધાભાસ જણાતો હતો. મુક્તાત્માના હૃદયનો અખંડ જીવનનો અનુભવ આવી રીતે વર્તવાને પ્રેરતો હોય છે. આપણે સૌ ખંડિત જીવનમાં હોવાથી આવા અનુભવીનાં વર્તન વહેવારને યથાર્થ રીતે મૂલવવા માટે શક્તિમાન નથી. આમ છતાં, આવા અનુભવીની પ્રત્યેક ચેષ્ટા દિવ્ય જીવનને જ વ્યક્ત કરવાના હેતુરૂપ હોય છે. એવા લોકો પ્રત્યેના ભાવથી, વિધેયાત્મક વલણમાં એમની ચેષ્ટા પાછળના હેતુની આછી ઝાંખી પણ કૃપાથી થાય છે.

પૂજ્ય શ્રીમોટાના ગુરુમહારાજ પૂજ્ય શ્રીકેશવાનંદજી-ધૂણીવાળા દાદા હતા. તેઓશ્રી તો તદ્દન નવસ્ત્ર રહેતા અને વાણી પણ અશ્લિલ શબ્દોથી જ ભરેલી હતી. આમ છતાં, એવા પ્રત્યેક શબ્દોનો વિશિષ્ટ સાંકેતિક અર્થ હતો. પૂજ્ય શ્રીમોટાએ એક વખત કહ્યાનું સ્મરણ છે કે તેઓશ્રીના આવા શબ્દોમાં તો તંત્રમાર્ગના મંત્રો જેવી શક્તિ હતી. પૂજ્ય શ્રીમોટામાં અવધૂતનું અવ્યક્તરૂપ હતું, પરંતુ વ્યક્તરૂપ ગૃહસ્થીનું હોવાથી સંસારી શિસ્તનું તેઓ પાલન કરતા હતા. આમ છતાં, પોતાના ગુરુમહારાજનું સ્મરણ થતાં, તેઓશ્રી બોલતા હતા, એવા શબ્દોનું ઉચ્ચારણ પૂજ્ય શ્રીમોટા ક્યારેક નિઃસંકોચપણે કરતા. એમ કરવા પાછળ પણ પૂજ્ય શ્રીમોટાનો ચોક્કસ હેતુ રહેતો. એ વખત અમારા નિવાસસ્થાને ગુજરાત યુનિવર્સિટીના એક વખતના વાઈસ ચાન્સેલર સ્વ. શ્રી ઈશ્વરભાઈ પટેલ, સંસ્કૃતના વિદ્વાન અધ્યાપક સ્વ. શ્રી એ.જી. ભટ્ટ, મનોવિજ્ઞાનના અધ્યાપક સ્વ. શ્રી ઇન્દુકુમાર દેસાઈ તેમ જ ગુજરાત રાજ્યના કેટલાક ઉચ્ચ અધિકારીઓ સાથે સત્સંગ ચાલતો હતો. ત્યારે પૂજ્ય શ્રીમોટાએ પોતાના ગુરુમહારાજનું સ્મરણ કરીને તેઓ જે શબ્દ બોલેલા એ જુસ્સાથી બોલેલા. ત્યાં બેઠેલા વિદ્વાનો તો સ્તબ્ધ બની ગયેલા. એ વખતે પૂજ્ય શ્રીમોટા ખડખડાટ

હસેલા. ત્યારે તેઓશ્રીએ કહેલું, 'તમે આ શબ્દોને તમારા ચિત્તમાં સંઘરાયેલા અર્થવાળો સમજો છો એની પંચાત છે. આનો મર્મ જુદો છે.' કહેવાતા શબ્દના ઉપાસકોની ગ્રંથિ કેવી તૂટી ગયેલી, એ પણ એ વખતે અનુભવાયેલું. આવો જ એક પ્રસંગ રાજકોટમાં શ્રી ઉચ્છંગરાય ઢેબરના પ્રમુખસ્થાને તેઓશ્રીના એક ઉત્સવમાં બનેલો. લક્ષ્મીના બેફામ ઉપયોગ સામે તથા લક્ષ્મીની માલિકી સામે તેઓશ્રીએ પુણ્યપ્રકોપથી જે ઉદ્‌ગાર કાઢેલા ત્યારેય આખી જનમેદની સ્તબ્ધ બનેલી.

પૂજ્ય શ્રીમોટાના આવા ક્વચિત્ થતા વ્યક્તવ્ય અંગે આટલી નોંધ લખવાનું પ્રયોજન છે. આ પુસ્તકમાં-'ભગવાનનો અનુભવ ક્યારે થાય ?' એવા એક જિજ્ઞાસુના પ્રશ્નના ઉત્તરમાં પોતાના ગુરુમહારાજે જે ભાંડેલી, એનું પ્રકાશન કરવા સંપાદકે દ્વિધા અનુભવેલી. સત્સંગના નિમિત્ત બનનાર મુરબ્બી શ્રી રમણભાઈ સાથેની આ અંગે ચર્ચા કરતાં 'પૂજ્ય શ્રીમોટાનો પ્રત્યેક શબ્દ મહત્ત્વનો છે.' એમ જણાવીને એ પ્રસંગને પૂરેપૂરો છાપવો જ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો. આમાં અન્યના કોઈ પણ પ્રકારના અભિપ્રાય પ્રત્યેની નિર્ભીકતા અને નિઃસંકોચપણાને હું પ્રમાણી શક્યો. પૂજ્ય શ્રીમોટાની આ પ્રકારની વ્યક્ત વાણી આપણા ચિત્તના સંસ્કારોને શુદ્ધ કરે છે, કેમ કે આપણા ચિત્તમાં આવી વાણીના જે અશ્લિલ કે બીભત્સ અર્થ રૂઢ થયા છે, એ નાશ પામે છે અને એમાં છુપાયેલા આધ્યાત્મિક અર્થ પ્રકાશિત થાય છે.

સંપાદકીય નોંધમાં આ હકીકતને રજૂ કરવા માટેનો એક આધાર રજૂ કરવો જરૂરી છે. પૂજ્ય શ્રીમોટાએ **'જીવન સ્પંદન'** પુસ્તક માટે ગઝલો લખી છે. એમાંની કેટલીક ગઝલોમાં તેઓશ્રીના તાદાત્મ્યભાવથી નિમિત્તમાંની વૃત્તિઓનું પોતાના જ અનુભવરૂપે નિરૂપણ કર્યું છે. 'જીવન સ્પંદન' પુસ્તકનું સંપાદન કરતાં, આ

પ્રકારની ગઝલો વાંચતાં પૂજ્ય શ્રીમોટા પ્રત્યે કોઈ પણ નવા વાચકને ગેરસમજ થાય જ, આથી, આ અંગે સ્પષ્ટતા કરવા મેં પૂજ્ય શ્રીમોટાને વિનંતી કરેલી. આથી, તેઓશ્રીએ 'જીવન સ્પંદન'માં 'લેખકના બે બોલ'માં સ્પષ્ટતા કરી હતી. અનુભવી પુરુષની વાણીનું કેટલું મૂલ્ય છે, એ સમજવું આપણા માટે જરૂરી છે. આથી, એ વાણીનું મનનચિંતવન આપણામાં પ્રભુભાવ જગાડી શકે.

પૂજ્ય શ્રીમોટાએ પોતાના ગુરુની આવી વાણીનું હાર્દ પ્રગટ કર્યું હોવાથી, આપણને પણ આવી વાણી પાછળનો અર્થ પામવામાં ઘણી જ સહાય અને પ્રેરણા મળશે.

આ પુસ્તકની પ્રેસનકલ તૈયાર કરવામાં શ્રી સુરેશભાઈ ભટ્ટ (વડોદરા) તથા શ્રી પ્રભુદાસ જાની (અમદાવાદ)નો સહકાર મળ્યો છે. એમનો હૃદયપૂર્વક આભાર માનું છું. પુસ્તકના પ્રકાશનકાર્યમાં લાઈટ પબ્લિકેશન્સ લિમિટેડના ડાયરેક્ટર સૌ. જ્યોતિબહેન એસ. પટેલે ખૂબ કાળજી દાખવી છે. તથા શ્રી રેશ્માબહેને પૂજ્ય શ્રીમોટા સાથેની સત્સંગ શ્રેણીના ગ્રંથોને સુઘડ અને સુંદર રૂપ આપવામાં ઉમંગ, ઉત્સાહ અને ખંતથી બધી જ અનુકૂળતા પૂરી પાડી છે. તેઓનો પૂજ્ય શ્રીમોટા પ્રત્યેનો સક્રિય ભક્તિભાવ આદરણીય છે. એમને ધન્યવાદ પાઠવું છું.

પૂજ્ય શ્રીમોટા સાથેના સત્સંગનું આ પુસ્તક **'ગ્રહ ગ્રહણ'** સમાજને વધારે રસપ્રદ અને પ્રેરક બનશે એવી શ્રદ્ધા છે.

અમદાવાદ, **રમેશ મ. ભટ્ટ**

તા. ૪-૯-૧૯૯૩

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા સાથે ઈ.સ. ૧૯૭૪-૧૯૭૫માં ફાજલપુર (જિ. વડોદરા) ખાતેના પોતાના ફાર્મ હાઉસમાં વહેલી સવારે જિજ્ઞાસાભાવે શ્રી રમણભાઈ અમીન સાહેબને પૂજ્ય શ્રીમોટા સાથે જે સત્સંગ થયો હતો તેની પચાસ જેટલી કેસેટ્સ ઉપરથી શ્રી રમેશભાઈ ભટ્ટ દ્વારા સંપાદિત પ્રકાશનોની પ્રથમ આવૃત્તિ સને ૧૯૯૨ના અરસામાં સ્વજનોને પ્રાપ્ત થઈ હતી. એ આઠ પુસ્તકોની બીજી આવૃત્તિ પણ સદ્ગત શ્રી રમણભાઈ અમીનનાં સુપુત્રી શ્રી જ્યોતિબહેને લાઇટ પબ્લિકેશન્સ લિમિટેડ, વડોદરામાં જ મુદ્રિત કરી હરિઃૐ આશ્રમ, નડિયાદને સુપ્રત કરી હતી, જે માટે આપણે સૌ એ પરિવારના ખૂબ ખૂબ આભારી છીએ.

કુરુક્ષેત્રની રણભૂમિ ઉપર ભગવાન શ્રીકૃષ્ણએ તેમની સાથે સખાભાવ રાખનાર શ્રી અર્જુનને જે બોધ સંભળાવ્યો હતો, તે દ્વારા આપણને અતિમૂલ્ય સદ્ગ્રંથ 'ગીતા' પ્રાપ્ત થયેલ છે. શ્રી રમણભાઈ સાહેબે પૂજ્ય શ્રીમોટા પ્રત્યે હૃદયના ઊંડાણથી જે આદરભાવ અને પૂજ્ય ભાવ સેવ્યો હતો, તેના પરિણામે આપણને આ પ્રકાશનો ઉપલબ્ધ થયાં છે.

જીવનવિકાસમાં અતિ ઉપયોગી એવાં આ પ્રકાશનોની સતત માગ રહેતી હોવાથી હરિઃૐ આશ્રમ, સુરત દ્વારા તેની ત્રીજી આવૃત્તિના પ્રકાશનનું કાર્ય થઈ રહ્યું છે. સત્સંગભર્યા આ સંવાદમાં જીવનને ઊર્ધ્વગતિ પ્રેરે એવું વિપુલ પ્રમાણમાં ભાથું ભરેલું છે. મનુષ્યના મનની સ્થિતિ, પ્રકૃતિ, વૃત્તિ, વલણ, અનુભવી સાથેનાં નિમિત્ત, જન્મમૃત્યુ વગેરે અનેક ગૂઢ વિષયો ઉપર સરળ ભાષામાં

શ્રીમોટાએ સમજણ આપી છે. એ માટે આપણે સૌ શ્રીમોટાના સદાના આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાએ તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ દેહત્યાગ પણ ફાજલપુર ફાર્મ હાઉસમાં કર્યો અને એ દેહના અંતિમ સંસ્કાર શ્રી રમણભાઈ સાહેબના હસ્તે થયા. સત્સંગ ઉપરાંત, આ ઘટના પણ ઉલ્લેખનીય અને આગવું મહત્ત્વ ધરાવે છે.

આ પુસ્તકની સૂચિ સુધારા વધારા સહિત તૈયાર કરી આપવા બદલ શ્રી કમલેશભાઈ શેઠના અમો ખૂબ આભારી છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ.

અમને આશા અને શ્રદ્ધા છે કે આ અમૂલ્ય સાહિત્યનું સેવન, મનન, ચિંતવન અને યથાશક્તિ આચરણ સ્વજનોને જીવનવિકાસમાં ખૂબ જ સહાયક બની રહેશે.

તા. ૧-૪-૨૦૧૨ **ટ્રસ્ટીમંડળ,**
રામનવમી હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | ચડતી પડતી | ૧ |
| ૨. | જન્મદિવસનું મહત્ત્વ | ૯ |
| ૩. | સભાનતા | ૧૪ |
| ૪. | મથામણ અને ગુણ | ૨૨ |
| ૫. | કૉમ્યુનિસ્ટ અને ચાર્વાક | ૩૩ |
| ૬. | પ્રારબ્ધ બળવાન ? | ૩૬ |
| ૭. | કૉસ્મિક કાયદા | ૩૮ |
| ૮. | સ્વપ્ન | ૪૦ |
| ૯. | ભૂતકાળના વિચારો | ૪૨ |
| ૧૦. | મંત્ર | ૪૪ |
| ૧૧. | ભૂતપ્રેત | ૪૭ |
| ૧૨. | ભાવનાનો વિકાસ | ૫૪ |
| ૧૩. | સૂફી, ફકીર અને પીર | ૫૫ |
| ૧૪. | ગ્રહોની અસર | ૫૯ |
| ૧૫. | શ્રાદ્ધ | ૬૩ |
| ૧૬. | મુહૂર્ત અને રાશિ | ૬૬ |
| ૧૭. | સંગ્રહ વૃત્તિ | ૭૦ |
| ૧૮. | લગ્ન પ્રથા | ૭૩ |
| ૧૯. | બાળકેળવણી | ૭૮ |
| ૨૦. | કુટુંબ અને સમાજનું વાતાવરણ | ૮૫ |
| ૨૧. | સર્જન અને વિધા | ૯૨ |
| ૨૨. | 'મહાદેવ' | ૯૪ |
| ૨૩. | ચાર મહાશક્તિ | ૧૦૧ |
| ૨૪. | રઘા ભગત | ૧૦૫ |
| ૨૫. | ભાવ | ૧૧૦ |
| ૨૬. | શંકરાચાર્યનું અર્પણ | ૧૧૮ |
| ૨૭. | સમયની માગ | ૧૨૧ |
| ૨૮. | સમાસમાનાં દર્શન | ૧૨૩ |
| ૨૯. | નીરોગી રહેવાનાં સૂચનો | ૧૨૯ |

# ગ્રહ ગ્રહણ

❑

પૂજ્ય શ્રીમોટા

## ‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

**- શ્રીમોટા**

# (૧) ચડતી પડતી

**શ્રીમોટા :** ચડ ઊતર થયા જ કરે, એ કુદરતનો કાયદો છે. એને કોઈ તોડી ન શકે. એમાં કોઈ અપવાદ નથી. આજે આપણે ચડેલાં છીએ, તો કાલે પડવાનાં છીએ, એ વાત મનથી જે નક્કી રાખે તે સુખી થાય. પડીએ ત્યારે જે કોઈ સામગ્રી એકઠી કરીને સલામત સ્થળે રાખો એમ વિચારીને કેટલાક રાખે છે, પણ એય જતી રહે છે, હોં સાહેબ.

ચડતી પડતી ક્રમ છે. વ્યક્તિને આવો ક્રમ છે. એવો દેશને પણ ક્રમ છે. દરેક દેશને આ ક્રમમાંથી પસાર થવું પડે છે. માટે, ચડતી હોય ત્યારે માણસે પોતાની પડતીનો વિચાર કરવો જોઈએ, પણ કોઈ કરતા નથી. આપણા દેશમાં સુરતના ચૂનીલાલ હતા. એમણે સરકાર સાથે બારડોલીનું સમાધાન કરાવ્યું. એમની સાથે એકબે વાર મારે સમાગમ થયેલો, ત્યારે આ વિશે મારે વાતચીત થયેલી, એ તો વિચારવાળા માણસ હતા. એ કહે, 'એમ જો છે તો પછી સમાજના હંમેશાં ટુકડા જ રહેવાના !' મેં કહ્યું, 'આખી પૃથ્વીનો, આખા દેશનો સમાજ એક થઈ જાય, એ કોઈ રીતે શક્ય નથી, કારણ કે કુદરતની સાથે આપણું સામ્ય છે. કુદરતમાં વિવિધતા, વિસ્તાર અને સળંગતા વગેરે રહેલાં છે. એને આપણે નાબૂદ નહિ કરી શકીએ.' એમણે કહ્યું, 'મને આ વિચાર નહિ આવેલો. તમે કહો છો એ સાચું છે.'

પણ ભગવાનની વાત જુદી છે. 'તો કહો, મને સમજણ પડે. ભગવાન ચાહે સો કરે.' મેં કહ્યું, 'એવું લેબલ-(છાપ) ના મારો ભગવાન પર, તમને એવો કોઈ અનુભવ થયો ?'

'ના, પણ આવા વિચારની એક પરંપરા ચાલેલી છે. ભગવાનની વાત જાણવાથી તમને જીવનમાં કંઈ ફેરફાર લાગ્યો ? કંઈક ઊંડું અનુભવાયું ?'

'એ તો વિચારવું પડે.'

'એ ખોટું. બૅંકમાં મારી પાસે બૅલૅન્સ-(બાકી સિલક) કેટલું છે, એની ખબર પડે છેને ? એવી રીતે તમે ભગવાન જોયા છે કે દર્શન કર્યાં છે, એ હકીકત સાચી હોય, તો એનાથી જીવનમાં શો ફેરફાર થયો, એ હકીકત મળવી જોઈએને ? સાલા, પાંચ દશ હજાર રૂપિયા મળે છે, તો રાજીરાજી થઈ જઈએ છીએ. હૂંફ મળે છે. ઓથ મળે છે. જબરજસ્ત ઓથ છે એની !' તમારી વાત સાચી, મોટા, મને જીવનમાં ફેરફાર થયો લાગ્યો નથી.

'ખુલ્લા દિલે વાત કરો.' અંગ્રેજ સરકારના વખતમાં એ ફાઈનૅન્સ મિનિસ્ટર-(નાણાપ્રધાન) હતા. પંઢરપુર ગયેલા. એમને છેક મૂર્તિ પાસે લઈ જઈને દર્શન કરવા માટે ઊભા રાખ્યા. એ અડધો કલાક ત્યાં ઊભા રહ્યા. વિઠ્ઠલનાથજીની મૂર્તિની આંખમાંથી આંસુ પડવાં લાગ્યાં, એ એમણે પ્રત્યક્ષ જોયું. એટલે પોતાને પણ રડવું આવ્યું. આ ચૂનીભાઈ સર પુરુષોત્તમદાસના સગાં ભાઈ થાય. પોતે રડે છે એનું પણ ભાન ન રહ્યું. પછી ભગવાનની મૂર્તિની આંખમાંથી આંસુ બંધ થઈ ગયાં. એટલે એમની આંખમાંથી આંસુ બંધ થઈ ગયાં. પછી પૂજારી કહે, 'હવે બહુ વખત થયો માટે બહાર નીકળો.'

આ અનુભવ એમણે મને કહ્યો. મેં કહ્યું, 'આ અનુભવ થયો એ સાચું. તમને પણ અશ્રુ આવ્યાં એ ખરું, પણ એનાથી તમારા જીવનમાં કંઈ ફેરફાર થયો કે આચરવાની પદ્ધતિ

બદલાઈ કે તમારું ધ્યેય વધારે વિચારવાળું થયું ? તમારું થિંકિંગ -(વિચારણા) માત્ર ભગવાન વિશે જ થયું ? કોઈ જાતનો ફેરફાર તમારામાં થયો ? એ મારે જાણવું છે, કારણ કે સામાન્યપણે ભગવાનનું દર્શન થાય ત્યાર પછી તો સમગ્ર બંધારણમાં કોઈ પ્રકારનો ફેરફાર આવી જાય. ભગવાનનું દર્શન થયાંની સ્થિતિએ પહોંચ્યા પછી નેગેટિવ-(નકારાત્મક) સ્થિતિમાં તમે હોવ તોપણ તમારા માનસમાં ભગવાન પરત્વેનો ભાવ સતત રહે. એટલી જ થિક્નેસથી-(ગાઢતાથી), વેરાઇટીથી-(વિવિધતાથી) અને ગુણવત્તાથી એ કાયમ રહે છે.' પછી મેં એમને પૂછ્યું, 'તમને આમ રહે છે ?'

'ના, મન તો ભટક્યા કરે છે.'

'તો ભગવાનનાં દર્શન કર્યાં પછીથી મન એકમાં જ રહે. આવું ભાગવત-ઉપનિષદ વગેરેમાં છે. જે તમારા અનુભવ સાથે મળતું આવતું નથી.'

'પણ આ ઇલ્યૂઝન-(ભ્રમણા) હોય એમ હું માની શકતો નથી, કારણ કે મારી આંખે મેં જોયું છે. પ્રત્યક્ષ જોયેલાનો હું ઈન્કાર કરી શકતો નથી.'

'ભલે મારો ઈરાદો તમને ચળાવવાનો નથી, પણ મારે તો જાણવું છે કે તમને એથી શું વિશેષતા થઈ ? સામાન્ય મનુષ્ય જેવી સ્થિતિ હતી ત્યારે અને તમને જે આ દર્શન થયાં પછી તમારી સ્થિતિ કેવી થઈ, એ જાણવાની મારી ઈચ્છા છે.' એમણે વાત પડતી મૂકી.

માણસોને આવું થાય. એનો છેક જ અર્થ નથી એમ મારે નથી કહેવું. એની છાપ છે. જે આપણા ત્રણ બીઇંગ-સ્થૂળ,

સૂક્ષ્મ અને કારણ, કારણ શરીર દેખાય, સમજાય નહિ. એમાં આ દર્શનની છાપ-ભગવાનની મૂર્તિમાંથી આંસુ પડતાં જોયાં અને એની આંખમાંથી પણ આંસુ પડ્યાં એની છાપ, એ ત્રણે શરીરમાં પ્રવેશે. એમાં ફેર નહિ.

પ્રવેશ થયો છે તો ઉઠાવ કેમ નથી થતો ? કેમ કે તમારા વિચારો-સંસ્કારો એટલા સજ્જડ થયેલા છે, તે જેમ જેમ ઓછા થતા જશે તેમ તેમ આ સંસ્કારો ફૂટતા જશે. આ એક જિંદગી જશે પછી નવી જિંદગીમાં એ સંસ્કારો ફૂટતા જશે.

એની શી ખાતરી ?

એની ખાતરી આ જન્મમાં પણ થઈ શકે છે. ગપ્પાંની વાત નથી. આ જન્મમાં પણ અનેકવાર જુદાં જુદાં દર્શન થશે. કોઈ સુંદર દેખાવ જુઓ, કોઈ સુંદર નદીનો પ્રવાહ, સંધ્યાકાળનાં-ઉષાકાળનાં-પ્રભાતનાં-દર્શન જુઓ. તમને એ સ્પર્શશે. આ દશ્યો તો હજારો માણસો જુએ છે, પણ એમને કંઈ સ્પર્શતું નથી, કેમ કે એમની ભૂમિકા નથી, પણ પેલા માણસને એવું સ્પર્શે કે એમાંય આનંદ થાય છે. જેથી, આખો દિવસ એ આનંદથી ભરપૂર રહે. આ મોટામાં મોટું લક્ષણ છે. કોઈ પ્રસંગથી એને આનંદ થાય, તો એ ઘણા લાંબા સમય સુધી રહ્યા કરે.

બીજું લક્ષણ એ છે કે કોઈ પણ પ્રસંગથી આવો આનંદ પ્રગટે ત્યારે એ જે કર્મ કરતો હોય છે, એ કર્મ એને એટલાં બધાં હળવાં લાગે છે, જાણે એ પોતે કર્મ કરતો જ નથી, એવી પરિસ્થિતિ એ અનુભવે છે ! આનંદની મસ્તીને લીધે કર્મમાં જે એકાગ્રતા થાય એથી કામમાં એ ફતેહમંદ થઈ જાય છે.

એટલે ભગવાન માટેનું આ થિંકિંગ, એનું મનનચિંતવન કોઈ ઉપયોગી નથી, એ માન્યતા તદ્દન ખોટી છે. એથી ઊલટી એ આપણા જીવનમાં બહુ ઉપયોગમાં આવે છે. એ મેં જાતે અનુભવ્યું છે. એમ ને એમ હું નથી કહેતો.

શેના પરથી વાત નીકળી હતી ? હું ભૂલી ગયો.

**સ્વજન :** ચડતી પડતીની વાત કરતાં કરતાં મૂર્તિમાં દર્શન થાય તો શું થાય ? એના પરથી પછી આના પર ગયા. સતત તો ચડતી ના જ થયા કરેને ? એક ક્રીએશન-(સર્જન) થયું અને પછી ડિઝૉલ્યુશન-(વિસર્જન) થયું, તો આ ચડતી પડતીનો અર્થ એક પ્રકારનો 'લય' જને, મોટા ?

**શ્રીમોટા :** આપણા જીવનમાં પણ એમ જ છે. ઊંચા પણ આવીએ-આર્થિક સ્થિતિમાં-સંસ્કાર દૃષ્ટિએ પોઝિશન-(હોદ્દા)ની દૃષ્ટિએ-ઊંચા આવીએ. પાછા આપણે નીચા પણ પડીએ. દરેક માણસને એમ થતું નથી, પણ કેટલાક માણસો પોઝિશનની દૃષ્ટિએ નીચે પડે છે. દા.ત., સ્વરાજ્ય આવ્યું ત્યારે સિંધમાંથી કેટલાય લોકો નાસી આવ્યા. એમાં લક્ષાધિપતિઓ હતા. બની શકે એટલું પોતાની સાથે લાવવાના હતા, પણ લાવવા નહિ દીધેલું.

તોપણ જે લઈને આવ્યા તેનાથી અહીં સ્ટૅબિલાઇઝ્ડ-(સ્થિર) થયા. મેં જાતે જોયેલું. હું ચારપાંચ વર્ષ સિંધમાં રહેલો. કેટલાક મોટા માણસ હતા એમનું પતન થયું. આપણા દેશમાં આવીને રોટલા માટે કોઈની પાસે માગ્યું નથી. ધન્ય છે એ પ્રજાને !

**સ્વજન :** એ લોકો અહીં આવેલા એમાંથી કોઈ ટૅક્સી ડ્રાઈવર તરીકે-ગમે તે રીતે એમનું જીવન વીતવા માંડ્યું. પછી

જે ઊંચી કક્ષાએ ત્યાં હતા, એવી તો નહિ, પણ પાછા ઊંચી કક્ષાએ મહેનત કરીને આવ્યા.

**શ્રીમોટા :** કોઈ પણ સિંધી-પંજાબીએ માગ્યું નથી સાહેબ. મહેનત કરીને આગળ આવ્યા છે. મોટી વાત છે સાહેબ.

**સ્વજન :** મોટા, આપે જે ચડતી પડતીનું કહ્યું એની પાછળનો હેતુ મને બરાબર સમજાયો નહિ.

**શ્રીમોટા :** ચડતી પડતી પાછળનો હેતુ વિકાસ કરાવવા માટેનો છે. ઊંચી દશાએ જવા માટેનું ભાન પ્રગટાવવાનો એનો હેતુ છે. એકની એક સ્થિતિમાં રહે તો એનો વિકાસ ન થાય.

પડતીની દશામાં એવો જ પુરુષાર્થ કર્યા જ કરે. જેમણે પોતે કોઈ આદર્શ સ્વીકાર્યો છે, એ પડતીને 'પડતી' ગણતો જ નથી. એને સ્વીકારતો નથી. એવા માણસોના ગુજરાતમાં દાખલા છે.

મણિભાઈ નભુભાઈ બહુ મોટા માણસ થઈ ગયા. સંગીત સુંદર જાણતા. કવિ, વિદ્વાન તરીકે જાણીતા. ધર્મની વર્લ્ડ-(દુનિયા)ની કૉન્ફરન્સ-(સભા) થયેલી ત્યાં ધર્મો પરના નિબંધો મંગાવેલા. એમાંથી મણિભાઈ નભુભાઈનો નિબંધ પહેલો આવેલો. **'સુદર્શન'** માસિક કાઢતા. એમાં ઊંચી જાતની ચર્ચા આવતી. એ વૈચારિક માત્ર ન હતા. એ પ્રૅક્ટિસ પણ કરતા હતા, પણ એમનામાં એક ડ્રૉબૅક-(દોષ) એવો હતો કે લોકોએ એમને ધિક્કારી કાઢ્યા. એક શિક્ષિકા હતી. તેમને એની સાથે સંબંધ હતો. તેથી લોકોએ એમને એટલા ફિટકાર્યા પણ એમને કશું લાગે નહિ. એમના મોઢે કહે, પણ એમને બિલકુલ લાગે નહિ, એટલું જ નહિ, પણ એમને નાસૂર-(નાક અને ગળા

વગેરેનો રોગ) થયેલું, પણ એના વિશે કશું ઊંધું વિચાર્યું નથી. એની દવા નડિયાદમાં એમણે કરાવેલી ખરી. નડિયાદમાં દેસાઈ કુટુંબે મદદ કરેલી.

દુનિયાની દૃષ્ટિએ આવી પડતીની સ્થિતિમાં પણ પોતે મર્દ તરીકે-શૂરવીર એકલો-ગાજતો હતો. એવો ગુજરાતમાં એક માણસ મેં જોયો. ધન્ય છે એને ! હું એમના બહુ પરિચયમાં નહિ આવેલો. મેં જોયેલા ખરા.

હું જ્યારે ભણતો હતો ત્યારે એમણે એક કવિતા લખેલી :-

**'ગગને આજ પ્રેમની ઝલક છાઈ રે !'**

એ મારા ભણવામાં પણ આવેલી. આનંદશંકરભાઈ જેવા અને બીજા બધા આપણા સાહિત્યના મહાન પુરુષોએ આ કવિતાને મોટા અનુભવની કવિતા કહી હતી. હું તો નડિયાદમાં રહેલો. એમના જીવનની હકીકત મેં જાણેલી. આધ્યાત્મિક દૃષ્ટિએ એ પ્રૅક્ટિસ કરતા હતા એ વાત સાચી. એક પ્રયોગ પણ કરેલો. એમના એક મિત્ર જામનગરમાં હતા. એને કહ્યું કે 'હું આટલા વાગ્યે અહીં બેસું છું. તું એટલા વાગ્યે ત્યાં બેસજે. મારા તરફ એકાગ્રતા રાખજે. મારી મૂર્તિનું ધ્યાન કરજે. હું તને સંબોધીને બોલીશ. એ તું કેવું સાંભળે છે, તે મને લખજે.' પછી નડિયાદમાં મણિભાઈ સાહેબ જે બોલ્યા એ કોઈકની પાસે લખાવી લીધું. એ પછી કાગળ આવ્યો, તો બેઉ સરખે સરખું. આવી ટેલિપથીનો એમણે બેચાર ઠેકાણે પ્રયોગ કરેલો. હું અમસ્તો એકબે વાર મળેલો.

'ગગને આજ પ્રેમની ઝલક છાઈ રે.' એ મારે બી.એ.માં ભણવામાં આવતું હતું. બધા જ પ્રોફેસર તો બહુ બોલે, આઠ

દિવસ સુધી એના પર ભાષણ ચલાવે. મારા મનમાં થયું કે આ લોકો આટલું બધું પિસ્ટપેષણ-(પુનરુક્તિ) શું જોઈને કરતા હશે ! વિદ્યાર્થી રહ્યા એટલે મોઢેથી તો બોલાય નહિ. પરીક્ષામાં એ જ ગીત પર પ્રશ્ન આવ્યો. અને મેં એ ગીત વિશે લખ્યું કે 'આ અનુભવનું ગીત જ નથી. આ કોઈક પાર્થિવ હકીકતનું ગીત છે.' એમ મેં તો લખ્યું. આમાં પ્રેમપાત્ર એ કોઈ વ્યક્તિ છે. એને માટે પ્રેમ થયેલો છે. એ પ્રેમને વ્યક્ત કરવા આ ગીત લખાયું છે.' એમ મેં ઘણું વિચારથી લખેલું. મારા પ્રોફેસરે મને બોલાવેલો અને કહ્યું, 'અલ્યા ચૂનીલાલ, આ તેં શું લખ્યું ?' મેં તો કહ્યું, 'મને જે સાચું લાગ્યું એ મેં લખ્યું છે. મેં હકીકત જાણેલી છે. એટલે મેં લખેલું છે. એમ ને એમ લખ્યું નથી.' એમણે કહ્યું, 'તું નાપાસ થઈશ. આના પર ચોકડો મળશે.' મેં કહ્યું, 'ભલે, તેથી હું ગભરાતો નથી. મેં લખ્યું છે, એ બધું જ સાચું છે.' 'આટલા બધા માણસો-આનંદશંકરભાઈ જેવા-આના પર ફિદા થયા છે !'

'બધા ફિદા થાય માટે આપણે ફિદા થઈ જવું એ હું માનતો નથી. આપણે એની વસ્તુસ્થિતિ તપાસીએ, એનાં અંગઉપાંગો તપાસીને એવું માનીએ એ વાત બરોબર છે, પણ આ ગીતમાં આત્માનો અનુભવ નથી.'

મને નાપાસ કરેલો. એ થોડોક વખત લાઠીમાં રહેલા. થોડોક વખત ભાવનગરમાં રહેલા. વડોદરા રાજ્યમાં કામકાજ અંગે રહેલા, પણ બહુ મસ્ત માણસ. સ્વતંત્ર મિજાજી માણસ. પણ એમને કોઈ ઓળખી નહિ શકેલા.

તા. ૫-૧૦-૧૯૭૪

❑

# (૨) જન્મદિવસનું મહત્ત્વ

**શ્રીમોટા :** જન્મદિવસનું મહત્ત્વ આપણા હિંદુસ્તાન દેશમાં જ માત્ર છે એવું નથી. પૃથ્વી પરના બધા જ દેશમાં છે, તો એનું રહસ્ય શું ? કારણ એ છે કે આ શરીર અમુક દિવસે અમુક ટાઈમે જન્મ્યું, પણ કંઈ કશું એકલું નથી. એની સાથે બધું સંકળાયેલું છે. આપણે તો પૂર્વજન્મમાં માનીએ છીએ. આ શરીર આ વખતે જન્મ્યું એનું અનુસંધાન પણ આગળ છે. એનો આધાર આપી શકાતો નથી. ઘણી વસ્તુઓના આપણે આધાર આપી શકતાં નથી, તેમ છતાં આપણે અનુભવથી માનીએ છીએ. એવી રીતે આ હકીકત છે. અનેક જન્મોથી એના એ જ દિવસે આપણે જન્મ્યાં હોઈએ. તે જ વખતે અનેક જન્મોનું આપણે સાથે લઈને આવેલાં હોઈએ.

એ ઉપરાંત, જે અનેક જન્મોનાં કર્મો, સંબંધો, અનેક પ્રકારના પૃથ્વીના ગુણો, (સત્ત્વ, રજસ અને તમસ) અને તત્ત્વો-આકાશ, તેજ, વા, જળ અને પૃથ્વી-એ બધાંયનાં આકર્ષણો એ વખતે આપણી સાથે છે. ઉપરાંત, આપણે કરેલાં કર્મોના સંસ્કારો પણ સાથે હોય છે. આપણે પરમાર્થ માટે કરેલું કર્મ હોય છે, તે કર્મના સંસ્કાર પણ સાથે છે.

આટલું બધું આટલામાં આવે કેવી રીતે ? એનું પ્રમાણ આપ્યું ‘અંગુષ્ઠ છે’. શાસ્ત્રમાં સૂક્ષ્મ શરીરને ‘અંગૂઠા’ જેવડું ગણાવ્યું છે, પણ ઈન્વિઝિબલ-(દેખી શકાય એવું નહિ). પ્રમાણ તો એટલું જ. ઈટ હેઝ ગોટ એ લેન્થ બટ નો બ્રેથ-જેમ આપણે ભૂમિતિમાં શીખેલાં એના જેવું છે. એમાં અનેક જન્મોની લિંક-(સાંકળ) છે.

આજે મારા શરીરની વાત કરું, તો મારા શરીરની લિંક આજે પહેલેથી-શરૂઆતથી છે. એનો પુનરોદ્ધાર અથવા એનું ફરીથી ઊઠવું અને જાગવું-એનું સંભારણું આવા કોઈક કોઈકને થાય છે ખરું. બધાંને થતું નથી, તો એવા કોઈકને થાય છે એની ખાતરી કોઈને આપી શકાય નહિ. એની ખાતરી એ એકલો પોતે જાણી શકે. બીજા કોઈકને કદાચ બતાવી શકે ખરો, પણ એ બધી માન્યતાની વાત રહે છે, પણ રિઆલિટી-(વાસ્તવિકતા) નહિ.

આ જ જન્મમાં બીજા સાથે બનેલી વાત હોય તો બતાવી શકે. આવા પુરુષોને કોઈને બતાવી આપીને ખાતરી આપવાની કોઈ દિવસ મહેચ્છા હોતી નથી. કોઈ નિમિત્ત આવે અને એવો કોઈ પ્રસંગ આવે તો જુદી વાત છે. તે એ કરતો હોતો નથી, પણ તે આપમેળે બની જતું હોય છે. એટલે જન્મદિવસનું રહસ્ય એ છે કે અનેક જન્મોના સંસ્કાર આજે સ્ફોટ થાય છે, પણ સામાન્ય જીવને આની સમજણ પડતી નથી, પણ જે જરાક ઍડ્વાન્સ-(આગળ વધેલો) છે-આઠમી નવમી ભૂમિકા સુધી વધેલાને એનું જ્ઞાન હોય છે.

જન્મદિવસનું મહત્ત્વ આપણે ત્યાં આ કારણે પડેલું. ઘણાંને થાય છે કે આ જન્મદિવસ ઊજવવાનું શું ? આ લાડવા કર્યા. મિષ્ટાન્ન કર્યું અને ખાધું, એથી શું વિશેષ ? આ જન્મદિવસ તો બીજા બધાંના જેવો જ છે ! એમાં શું ? પણ આમાં ઘણો ફરક !

આપણે જન્મ્યાં તે દિવસ અને બીજા દિવસો, એની વચ્ચે ફરક છે, કારણ કે આપણને સામાન્ય દિવસનું જે જ્ઞાન છે, એવું જ આ દિવસનું જ્ઞાન હોય છે. આપણને એમાં કંઈ ફરક લાગતો નથી, પણ આગળ વધેલાને જ સમજણ પડે છે ! તે

દિવસે એને શરીર એનું એ જ દેખાય છે, પણ તે દિવસે એનું શરીર જુદા પ્રકારનું છે. સંસ્કારોનું ઉદય વર્તમાન થવું એક વાત છે અને તેનું ભાન થવું એ બીજી વાત છે. એવી રીતે જન્મદિવસનું મૂળ રહસ્ય છે. હવે બીજો સવાલ કરો.

**સ્વજન :** મોટા, તમે કહ્યું કે અનંતકાળથી આ થતું આવેલું છે. એ આ જન્મદિવસે-એનો પહેલો સમય અને બીજું બધું...

**શ્રીમોટા :** સમય અને બીજું બધું સાનુકૂળ હોય છે. એની લિંક-(સાંકળ) હોય છેને !

**સ્વજન :** (ધીરજબહેન) જન્મ તો ગમે ત્યાં થાયને ?

**શ્રીમોટા :** જ્યાં એનું વધારે એટેચમેન્ટ-(આસક્તિ) હોય ત્યાં જન્મ લે. ગમે ત્યાં ન લે. કોઈ અજાણ્યું સ્થળ ભલે હોય, પણ એને ત્યાં લગની લાગેલી હોય, તો એ ત્યાં પણ જન્મ લે!

**સ્વજન :** (ધીરજબહેન)એની એ જ જગ્યાએ પણ જન્મ લે ખરો ?

**શ્રીમોટા :** મૂળ એને જ્યાં ઘણો મોહ લાગ્યો હોય ત્યાં એ જન્મ લે. જીવદશાવાળો જીવ છે એટલે ઘણો મોહ, ઘણી લગની, ઘણો રાગ જ્યાં એને લાગેલો હોય ત્યાં એ જન્મ લે.

**સ્વજન :** મોટા, આ શરીર છે એને માટે આ જન્મદિવસનું કંઈક વધારે મહત્ત્વ છે. આ જન્મદિવસના દિવસથી શરીરમાં જે ચેન્જીસ-(ફેરફારો) થાય તે બધા વધારે ક્રીએટીવ-(સર્જનાત્મક)-વધારે પ્રોગ્રેસિવ-(પ્રગતિમાન) થાય ?

**શ્રીમોટા :** તે દિવસે સામાન્ય કરતાં કંઈ કશું વધારે ક્રીએટીવ છે. એ શું ક્રીએટીવ છે એનું આકલન આપણે સ્પષ્ટ ન કરી શકીએ, પણ જો એને વધારે ને વધારે ક્રીએટીવ કરવું

હોય, તો તે દિવસથી આપણે કંઈ કશું તે તરફનું અને તે અર્થેનું-ક્રિયાત્મક કંઈક કશું રોજ ને રોજ નિશ્ચિત સ્થળે અને સમયે કર્યા કરવું જોઈએ. દિશા કાં તો પૂર્વ કે દક્ષિણ. પૂર્વમાં સૂર્ય ભગવાન છે અને દક્ષિણ એટલે જ્ઞાન. બેમાંથી ગમે તે એક દિશાએ બેસીને જેટલો વખત બને એટલું સાધન કર્યા કરવું જોઈએ. બાકીના વખતમાં હાલતાં ચાલતાં, હરતાં ફરતાં, કામ કરતાં કર્યા કરવું જોઈએ, તો એને જ્ઞાન થતું જાય. જ્ઞાન ક્યારે શરૂ થતું જાય ? જીવદશાની વૃત્તિઓ જેમ જેમ મોળી પડતી જાય, એમ એમ જ્ઞાન થતું જાય અને પછી એ વૃત્તિઓનો સ્વામી થઈ જાય. અત્યારે આપણે વૃત્તિઓના ગુલામ છીએ. વાર લાગે, પણ એ તરફનું ધ્યેય તો હોવું જોઈએ, એ તરફનું ક્રિયાત્મક વલણ જોઈએ. માનસિક કે બૌદ્ધિક હોય તે નહિ ચાલે, પણ જ્ઞાનપૂર્વકનું-હેતુપૂર્વકનું ક્રિયાત્મક વલણ હોવું જોઈએ. આપણે આ દશા પ્રાપ્ત કરવા આ કરીએ છીએ, એવું ભાન હોવું જોઈએ.

એવી રીતે જો આપણે આમ કર્યા કરીએ તો જ આપણે જન્મદિવસનો ઉપયોગ કર્યો કહેવાય. એ પછી આપણો બીજો જન્મ આવે ત્યારે વધારે રીગરસ-(ઉગ્ર) બનીએ છીએ. આમ, જન્મે જન્મે ક્લૅરિફિકેશન-(સ્પષ્ટતા) થાય. કોઈ ગમે તેવું કહે તોપણ તમે એમાંથી ખસી જ ના શકો. અત્યારે જે કોઈ આર્ગ્યુમેન્ટ-(દલીલ) કરે તો તમને એ ફેરવી શકે, પણ પેલી સ્થિતિ એવી થાય કે જેમાંથી તમે બિલકુલ છૂટા થઈ શકો જ નહિ. એ ક્લૅરિફિકેશન એટલું બધું મજબૂત થઈ જાય.

ધીરે ધીરે આપણે જો એનું રહસ્ય સમજ્યાં કે મનુષ્યનું શરીર મળ્યું છે, એનો કોઈ હેતુ છે. એને સફળ કરવા માટે આપણે કોઈ ને કોઈ સાધન પકડવું જ જોઈએ. જન્મદિવસથી શરૂઆત કરીએ તો ઉત્તમ છે, પણ આ માટે એ જ દિવસ જોઈએ એવું કંઈ નથી. જ્યારથી સમજ્યા ત્યારથી શરૂઆત કરવી.

જન્મદિવસનું મહત્ત્વ એટલા માટે કે અનેક જન્મો આ રીતે ગાળ્યા છે. આપણે માત્ર ઉપલા મનના જાણકાર છીએ, પણ અજ્ઞાત મનમાં એનું સ્મરણ જાગતું હોય છે, પણ આપણે એના જાણકાર નથી. એ તો જ્યારે અગિયારમી ભૂમિકા આવે ત્યારે એને સમજણ પડે છે. અનુભવ સ્થિતિમાં તો આનું વિશેષ જ્ઞાન થાય છે. ત્યારે એનું શરીર એ ને એ હોવા છતાં પણ અનુભવના દિવસે એનું શરીર જુદા પ્રકારનું હોય છે. એ વાત એટલી જ સાચી છે. હવે કોઈ નવો પ્રશ્ન કાઢો સાહેબ.

❑

# (૩) સભાનતા

**સ્વજન :** મોટા, સૂક્ષ્મ શરીર તરફની અવેરનેસ-(સભાનતા) જાગૃત કરવા માટે આપણે કઈ જાતની સાધના કરવી જોઈએ ?

**શ્રીમોટા :** આપણામાં ઇન્ટેલૅક્ચ્યૂઅલ-(બૌદ્ધિક) ગ્રાસ્પ-(સ્વીકાર) આવી જવો જોઈએ કે આપણામાં આ વસ્તુ છે. દા.ત., આપણી પાસે લાખ રૂપિયા છે એની અવેરનેસ છે. એટલી પાકી અવેરનેસ છે કે એ દૂર થઈ શકે નહિ.

સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ-આવાં ત્રણ જાતનાં શરીર છે. એવો બૌદ્ધિક સ્વીકાર થવો જોઈએ. આ પાકું હોવું જોઈએ. આ થઈ જાય તો આ ત્રણે એકબીજાંથી છૂટાં નથી, એકબીજાંની સાથે સંકળાયેલાં છે. જ્યારે સાધન કરતાં કરતાં સ્થૂળમાંથી સૂક્ષ્મમાં આવ્યા, તેનું પ્રમાણ શું ? એનું પ્રમાણ જણાય. રાત્રે ઊંઘીએ છીએ અને દિવસે ઊઠીએ છીએ, એનું પ્રમાણ હોવું જોઈએ. સ્થૂળમાં આપણે એમ વર્તતાં હતાં, જે વહેવાર હતો તે ઢોરના જેવો હતો. જોકે આ શબ્દ ખરાબ લાગે, પણ મારે હિસાબે બધું એમ જ છે. હેતુ વિનાનાં વહેવાર-કર્મ છે. કામ કરવાનું આવ્યું તે અગડં બગડં-(ગમે તેમ) કર્યું. કર્મ પણ પૃથ્વીને-માયાને વધારનારું હોય છે.

સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ. ઘણા ખરા વિચાર સ્થૂળમાંથી હોય છે, એટલે એનો કંઈ અર્થ નહિ, પણ સૂક્ષ્મમાં જઈને કારણને સ્પર્શે એવા વિચારો હોય એ આપણને ઘડે. ખરી વાત આ, પણ એનું કોઈ શાસ્ત્ર હોતું નથી. એટલે આ લોકોએ કહ્યું કે જેવા વિચાર એવા આપણે થઈએ. વિચારની ડેપ્થ-(ઊંડાણ) કેટલી ? તમારામાં કેટલા વખત સુધી ટકે છે ?

કેટલા વખત સુધી રહે છે ? કારણ કે એક વિચાર આવીને જતો રહ્યો. પાંચ મિનિટમાં આવીને જતો રહે એ વિચાર આપણને ના ઘડે. જે વિચારનું સાતત્ય હોય, જે વિચારનો જીવનમાં કોઈ ને કોઈ રીતે ઉપયોગ થયા કરતો હોય, જો વિચાર સતત આપણા દિલમાં રમ્યા કરતો હોય, જો વિચાર આપણાં કર્મવહેવારમાં સતત રહ્યા કરતો હોય, એ વિચાર આપણું જીવન ઘડે. બાકીનાં રમકડાં જેવા વિચારો આપણને ઘડે નહિ. ઊલટું આપણું જીવન રમકડાં જેવું બનાવે.

એટલે આવી કહેવત પડેલી : **'જેવા વિચાર કરશો એવા ઘડાશો'**, એની ઊંડી સમજણમાં કોઈ ઊતરેલું નહિ. કઈ સ્થિતિમાં હોય તો એવું થવાય ?

વિજ્ઞાનીએ જે ખોળી કાઢ્યું એનો પણ એમને પહેલાં તો વિચાર આવેલો. એનું સતત મનન ચાલ્યા કર્યું. ઘટન થયું એટલે ઘૂંટ્યા કર્યું. ત્યારે એ ઘડાયું. એમાંથી એને સત્ય પણ જડે, કેમ કે સતત એકાગ્રપણે એનું મનનચિંતવન એને થયા કર્યું, તો એને ઘડે. બાકીનાને વિચાર આવે તો ઘડે નહિ.

હું મૅટ્રિકની પરીક્ષામાં બેઠેલો. મારું મૅથ્સ-(ગણિત) બહુ સ્ટ્રૉંગ-(મજબૂત). એક એવો દાખલો કે હું વિચારમાં ચડી ગયો. આડે રસ્તે ગયો. મારા સુપરવાઈઝર-(નિરીક્ષક) સરસ હતા. કોઈ ઓળખાણ નહિ. તે ભગવાને એને પ્રેરાવ્યો. એણે કહ્યું, 'તું ઊંધા રસ્તે ચાલ્યો છે. તારી રીત બરાબર છે.' એટલું જ બોલ્યા. હું તરત જ સમજી ગયો. તરત જ ફરીથી દાખલો ગણી લીધો. એ ખરો જ આવ્યો. મારા ૯૨ માર્ક્સ આવેલા. કોઈક વખતે આવી ગેબી મદદ કહે એવી મળ્યા કરે છે.

જીવનમાં પણ આપણે જોઈએ તો આપણે વિચારતાં હોતાં નથી ત્યારે પણ અણધારી રીતે આપણા પ્રશ્નો ઊકલ્યા કરતા હોય છે. અણધાર્યો કોઈ વિચાર એવો સ્ફુરે છે કે એ મદદ કરતો હોય છે. આપણે જેના પર મનનચિંતવન કર્યું હોતું નથી, તોપણ એવો વિચાર સ્ફુરે છે, એવા દાખલા આપણા જીવનમાં બને છે.

દરેક માણસ ઈશ્વરના રસ્તે જતો હોય કે ના જતો હોય, પણ એ ઈશ્વરનું સર્જન છે. જેમ કોઈ માબાપ છે અને એનો કોઈ છોકરો છે. એ છોકરો ગમે તે રસ્તે ચડ્યો હોય, બાપને પણ અવગણે. 'બાપ છે' એમ પણ ન સ્વીકારે. એવી રીતે ભગવાનને ના સ્વીકારે એવું પણ બને, પણ ભગવાન એને ચાહવાનું છોડતો નથી. એથી ઊલટું એને વધારે ચાહે છે. ઘેટાં લઈને ભરવાડ જાય છે એમાંથી એકાદ ઘેટું ખોવાઈ ગયું, આડુંઅવળું થઈ ગયું, તો પેલા ખોવાયેલા ઘેટાની સંભાળ અને દરકાર પેલો ભરવાડ જેટલી રાખે છે એટલી દરકાર પેલાં ટોળાંમાંનાં ઘેટાં પ્રત્યે રાખતો નથી. એ હકીકત તદ્દન સાચી છે. બુદ્ધિથી સ્વીકારાય એવી છે. તેવી રીતે આપણે ભલે ખોવાઈ ગયેલાં હોઈએ, પણ ભગવાન પૂરતી દરકાર રાખે છે. ભગવાનને તમે માનો કે ના માનો એ હકીકત સાથે ભગવાનને કશી નિસ્બત નથી. એટલે જીવનમાં ઘણાને ખ્યાલ નથી હોતો કે આપણે કેવા થવું છે ! જીવન ગમે તેમ વહ્યા જતું હોય છે. જીવનના આદર્શ વિશે, જીવનના કોઈ ધ્યેય વિશે, એવા કંઈ વિશે નક્કરતા પ્રગટવા માટે કોઈનામાં નિશ્ચિતપણે ખ્યાલ જાગેલો હોતો નથી. જીવન ગાડરિયા પ્રવાહ પ્રમાણે ચાલ્યા કરે છે. કોઈને કશી જીવન વિશે પડી હોતી નથી.

આપણે તાજા દાખલા જુઓ. ગોખલે સાહેબનું મૅથ્સ બહુ સ્ટ્રૉંગ. કેવી મથામણમાં ભણ્યા ! સ્ટ્રીટ લાઈટમાં વાંચતા. કૉલેજમાં ભણતા હતા ત્યારે પણ આર્થિક મુશ્કેલીઓમાં હતા. એમણે એ મુશ્કેલીઓને બિલકુલ ગણકારી નથી. એકલા અભ્યાસમાં ખૂંપેલા. પછી ચૂંટાઈને જ્યારે પાર્લમેન્ટ-(ધારાસભા)માં ગયા ત્યારે પૈસા ખર્ચીને જાય એવા ન હતા. એ તો ગરીબ હતા. એમની વિદ્વત્તા વિશે બધાંને માન. એટલે એમને ચૂંટેલા. બજેટ પર એમની જે સ્પીચ-(પ્રવચન) થાય તે, સાહેબ, તે પેલો ફાઈનૅન્સ મિનિસ્ટર ધ્યાન રાખે. એના જવાબ આપવા ભારે થઈ પડતા. બજેટ પર એમની એવી સ્ટડીડ-(અભ્યાસપૂર્ણ) સ્પીચ હોય કે જવાબ આપવા ભારે થઈ પડતા. મને બરાબર ખબર છે.

જીવનમાં કેટલીક વખત એવી મુશ્કેલીઓ આવે છે, એ મુશ્કેલીઓ આર્થિક કે બીજા કોઈ પ્રકારની હોય, પણ દરેકને એ મુશ્કેલીઓ આવે છે, આવે છે, ને આવે છે. જગતમાં કોઈ બાકી નથી.

મુશ્કેલીઓ આવે છે ત્યારે જે ગૂંચવાય છે પછી તે બહાર નીકળી શકતો નથી. મુશ્કેલીઓ આવે ત્યારે ઘડીવાર એમ ભલે થાય, પણ તરત જ સ્વસ્થ થઈને એ મુશ્કેલીમાંથી નીકળવાનો માર્ગ ખોળવો એ ડાહ્યા માણસનું કામ છે. જો આપણે એક વખત એમાં ફાવ્યા, બીજી વખત ફાવ્યા, તો પછી આપણે એટલા બધા નિશ્ચિંત થઈ જઈએ છીએ કે ‘આવવા દે મુશ્કેલીને! હું એનો ઉકેલ કરી શકીશ.’ આપણને એવો આત્મવિશ્વાસ આવી જાય છે કે આ તો રોજની વાત છે !

એટલે ગમે તેવી સ્થિતિ આવે તે વખતે હિંમત રાખીને મનનચિંતવન કરીને ઉકેલ કાઢવો અને તે પ્રમાણે વર્તવું, તો જ જીવનમાં આગળ વધાય. તે સિવાય આગળ ન વધાય.

શ્રીનિવાસ શાસ્ત્રી હતા. આપણા દેશમાં એક સારી મોટી સંસ્થા છે. પ્રતિષ્ઠિત-નામાંકિત-સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી ગોખલેજીએ કાઢેલી. એના આ પ્રમુખ હતા. એ ગાંધીજીની વિરુદ્ધમાં લખે કે 'ભાઈ, તમે આ બધી રીતો અજમાવો છો, પણ એ બધી તમારી સામે આવશે. જ્યારે એ સામે વપરાશે ત્યારે પંચાત પડશે !' ગાંધીજીએ જવાબ આપેલો કે 'હું કબૂલ કરું છું કે આ સામે વપરાશે, પણ મને આ સરકાર સામે થવાનો બીજો રસ્તો સૂઝતો નથી. આ સરકાર જવી જ જોઈએ એવો મારો દૃઢ નિશ્ચય છે. એટલા માટે યોજું છું.' વર્ષો પહેલાં જે કાંઈ થયું છે એનું પુનરાવર્તન થયા જ કરે છે. આવો એક ઇતિહાસ છે માટે. આપણે જે કંઈ કરીશું એ આપણી સામે આવશે એ બીકથી આપણે કરવાનું ન કરીએ તે બરાબર નહિ. તમે પણ જાણો તો સારું.

બહુ વિચારવંત માણસ-શ્રીનિવાસ શાસ્ત્રી. એમનું થિંકિંગ ડીપ અને સ્પષ્ટ. ગાંધીજી વિશે લખે, પણ અદેખાઈ વિના. ગાંધીજી પણ શ્રીનિવાસ શાસ્ત્રીનું લખાણ વાંચતા, પણ પોતાની વિરુદ્ધ લખનાર એની બિસન્ટનું નહિ વાંચતા, કારણ કે શાસ્ત્રી રાગદ્વેષ વિનાના માણસ. મદ્રાસમાં એ માંદા હતા ત્યારે ગાંધીજી ત્રણ વખત મળવા ગયેલા. ગાંધીજી બહુ વિવેકવાળા.

**સ્વજન :** (જ્યોતિબહેન) લોકો બીજાના માટે આખી જિંદગી કામ કરે છે. એની બિસન્ટ જેવું-તે પરદેશથી હિંદુસ્તાનમાં આવ્યાં અને કામ કર્યું એનું કારણ પૂર્વજન્મનું હશે ?

**શ્રીમોટા :** ના, પૂર્વજન્મનું નહિ. પહેલાં બે પુરુષો થયેલા. મને એમનાં નામ ખબર નથી. એ લોકોએ અભ્યાસ કરેલો. વેદના અભ્યાસ ઉપરથી એમને લાગેલું કે ખરો ધર્મનો વિચાર તો આ લોકોનો જ છે. આપણું બાઈબલ તો એની આગળ રમકડું છે. એવો ખ્યાલ-બ્લેવેટ્સ્કી કે એવું નામ હતું. એમણે સુઝાડેલું. એની બિસન્ટ એ ગ્રંથો વાંચવાં પ્રેરાયાં અને હિંદમાં આવીને કામ કર્યું. એ પછી બેત્રાણ માણસો થયા. એમણે આખી જિંદગી આમાં જ-થીઑસોફી-(ઈશ્વરજ્ઞાન)માં જ ગાળી.

મદ્રાસમાં દરિયા કિનારા પર બહુ મોટી જગા લીધેલી છે. અને ત્યાં બહુ મંદિરો છે. દરેક જાતિનાં મંદિરો છે. હિંદુ, મુસલમાન, પારસી વગેરેનાં મંદિરો છે.

ઘણા માણસો કહે કે આપણો મોટો દેશ અને આટલા બધા ધર્મો. કુદરતની એક લીલા જોઈએ, વિચારીએ તો એમાં વિવિધતા અને વિસ્તાર છે. એવી રીતે સમાજમાં આવી જાતની વિવિધતા રહેવાની જ. એ હકીકત છે. એને કોઈ નાબૂદ નહિ કરી શકે. ધર્મો કે સંપ્રદાયોમાં જુદા જુદા લોકોના માનસને-સ્વભાવને સાનુકૂળતા લાગી એમાં એ લોકો ગયા. આજે માનતા હોય કે ન માનતા હોય એ જુદી વાત છે, પણ જ્યાં જે પ્રકારનો ધર્મ છે, એનું જે લોકો પાલન કરે છે, એ એમના સ્વભાવને સાનુકૂળ છે. અને સ્વભાવ સામૂહિક રીતે પણ એક હોય છે. પંજાબ અને ગુજરાત-એક જ દેશના છે, પણ બંનેના સ્વભાવમાં ઘણો તફાવત છે. તેવી રીતે આપણા ધર્મમાં અને એમના ધર્મમાં તફાવત. એટલે આખી દુનિયામાં એક જ ધર્મ હોય એવું કદી કાળે શક્ય નથી. બધાં 'એક ધર્મ' એવું બોલે

ખરા, પણ એ કોઈ કાળે બને નહિ, કેમ કે એ કુદરતનો ધર્મ છે. વિવિધતા અને વિસ્તાર એ કુદરતનાં અંગ છે. એને કોઈ તોડી ન શકે. એ કાયમ રહેવાનાં. એટલું જ નહિ, પણ આપણા પ્રત્યેક માનવના એક જ જીવનને જોઈએ તો એમાં ઘણી વિવિધતા અને વિસ્તાર પોતાનામાં છે. માણસ જો આનું ઈન્ટ્રોસ્પેક્શન-(આત્મ નિરીક્ષણ) કરે તો એને આ સમજાય.

અનેક વિવિધતાઓની વચ્ચેથી આપણે પસાર થવાનું છે, પણ એની સાથે માણસે જો ધ્યેય ન રાખ્યું, તો આમતેમ અથડાઈ પડશે. માટે, બધાંમાં ધ્યેય-આઈડિયલ-(આદર્શ) જરૂરી છે. એ આઈડિયલ ભગવાન માટેનો જ હોય એવું કંઈ નથી. તમારા વેપાર માટે હોય, પણ આદર્શને સામે રાખીને સકળ કર્મ કરવાં, પણ દુનિયાભરના મોટાભાગના લોકો યદ્વાતદ્વા જીવન જીવે છે. જેમની પાસે કોઈ જાતનું ધ્યેય નથી. ધ્યેય માટેનું મનનચિંતવન નથી, એવા તો એમ ને એમ જ રખડવાના.

ઈસુ ખ્રિસ્તને અને મહંમદ પયગંબર સાહેબને હું તો બહુ પ્રૅક્ટિકલ-(વહેવારુ) ગણું છું. આપણે જે કરી શકતાં નથી એના વિશે વિચાર કરવો નકામો છે. જે પ્રૅક્ટિકલ થઈ શકે એવું છે એટલું કહ્યું. એનો અર્થ એમ નહિ કે હિંદુસ્તાનમાં જ્ઞાન વેદમાં છે એટલું એમનામાં ન હતું ! ઈસુ ખ્રિસ્ત કે પયગંબર સાહેબમાં એવું જ્ઞાન ન હતું એમ માનવામાં આપણે ટૂંકા પડીએ. એમનામાં પણ એ જ્ઞાન હતું, પણ કોની આગળ દર્શાવવું ? ભટકતી ટોળીઓને આ બધું કહેવાનો કંઈ અર્થ નહિ.

જેટલું સમજી શકે, પચાવી શકે, એટલું એમણે કહ્યું. બાકીનું કહેવાની કંઈ જરૂર ન હતી. એટલે બાકીનું કહ્યું નહિ. ઈસુ ખ્રિસ્તે પણ એમ જ કર્યું. માટે, એ એટલું જ સમજતા હતા

અને એટલા જ જ્ઞાની હતા એમ ન હતું. તે કાળના ધર્મ પ્રમાણે લોકો સમજી શકે એવી રીતે એમણે વાત મૂકી. એમનામાં એટલી બધી જાતિઓ હતી કે માંહોમાંહે લડી મરતી હતી. જુદા જુદા પથ્થરોને પૂજતા અને એથી માંહોમાંહે લડાઈ થતી. એમાંથી એમને ઉગારવા માટે મહંમદ સાહેબે આ પ્રયત્નો કરેલા. બધાંમાં એકતા આણવાનો પ્રયત્ન કર્યો. મુસલમાનોમાં આજે જે સંપ અને એકતા છે, એવાં આખી દુનિયામાં આજે નહિ મળે. મેં આના પર વિચાર કરેલો છે. ભગવાન મહંમદે આ સમાજને કેટલો બધો એક કર્યો છે. આ કોમમાં જે સંપ આણ્યો. એક ભાવ એમણે મૂક્યો જે આજે જીવતો છે. આ સંપ કંઈ આકાશમાંથી નથી આવ્યો, પણ મહંમદ સાહેબથી પ્રેરાયેલો છે.

ઇંગ્લૅંડની, જર્મનીની, રશિયાની પ્રજા જુઓ, તો ત્યાં પણ વિવિધતા છે. માટે, દરેકને એક રીતે સમજી નહિ શકાય. માટે, તેમની તેમની રીતે એમને સમજવા જોઈએ, તો આપણે યોગ્ય રીતે સમજી શકીએ. આપણી રીતે સમજવા જઈએ તો ભૂલથાપ ખાઈ જઈએ.

વિવિધતા, વિસ્તાર અને સળંગતા-(કન્ટિન્યુઇટી) પણ છે. કન્ટિન્યુઈટી ન હોય તો કશું ટકે નહિ. માટે, આ ત્રણેય સાથે છે.

મેં વેદ વાંચ્યા નથી પણ સાંભળ્યું છે એ પ્રમાણે વેદમાં કોઈ વ્યક્તિ, કોઈ એક સમાજ, કોઈ એક વર્ગને માટે લખાયું નથી. બધાંને લાગુ પડે એ રીતે લખાયું છે. પછી આપણે લઈ મંડ્યાં કે 'આ અમારું છે'. બાકી, એણે નથી જોયો બ્રાહ્મણધર્મ કે વૈષ્ણવધર્મ. એ રીતે આપણા ધર્મનો કોઈએ વિચાર નથી કર્યો.

તા. ૫-૧૦-૧૯૭૪

❑

# (૪) મથામણ અને ગુણ

**સ્વજન :** (જ્યોતિબહેન) મોટા, જિંદગીમાં બધાં જોડકાં સાથેસાથે છે. એટલે ‘સ્ટ્રગલ ઑફ લાઈફ’માં આપે જે લખ્યું છે, તે ડિવાઈન લાઈફ-(દૈવી જીવન)માં આગળ વધવું હોય, તો આ નેગેટિવ મટીરિઅલ-(નકારાત્મક ભૌતિક) વૃત્તિઓનું મૃત્યુ થવું જોઈએ ?

**શ્રીમોટા :** મહાભારતમાં જેમ સત્ય બતાવ્યું છે તેમ આપણા જીવનમાં પણ જેને પોતાનાં સગાંવહાલાં ગણતાં હોઈએ, પણ તે ખરી રીતે આપણા શત્રુઓ હોય, તો એમને પણ આપણે મારવા, સંહારવા પડશે.

**સ્વજન :** તો પછી આપણી જિંદગીમાં જે રસ છે, તે કેવી રીતે રહે ?

**શ્રીમોટા :** આપણી જિંદગીમાં જે રસ છે તે એક જ પ્રકારનો નથી. જીવન જીવીએ છીએ તેમાં જે રસ છે એનાથી ઉપલા જીવનમાં પણ રસ છેને પાછો ! આ જીવનમાં જે રસ છે, તેના કરતાં પેલા જીવનનો રસ ઘણા ઊંચા પ્રકારનો, ઘણો વધારે આનંદ આપનારો, ઘણો વધારે શાંતિ આપનારો, ઘણો વધારે ઉત્તેજક અને ઘણો વધારે વિસ્તારવાળો છે. લાંબો ગાળો ટકે એવો છે. આ તો થોડો કાળ તમને રસ લાગે. બાકીના વખતમાં રસ લાગે નહિ અને પેલો વધારે કાળ ટકે એવો રસ છે.

પ્રત્યેક ક્ષેત્રના રસ જુદા જુદા હોય છે. રસ એક જ જાતનો હોતો નથી. જેમ ક્ષેત્ર બદલાય તેમ રસ બદલાય. નાના બાળકમાં પણ રસ છે. એ જેમ મોટા થતા જાય તેમ એ રસ પણ બદલાય છે. તેવી રીતે હાલના સાંસારિક જીવનમાં આપણને રસ લાગે છે, તે રસ આગળના ઊર્ધ્વના માર્ગમાં

જઈએ છીએ ત્યારે એ રસ જુદા પ્રકારનો છે. ત્યાં સંગ્રામ લડવાના આવે. સંગ્રામમાં પણ રસ છે. સંગ્રામ એકબીજા સામે નથી, સામે કોઈ પારકાં નથી હોતાં. આપણી જાતના જ હોય છે. ઊર્ધ્વની ભૂમિકામાં આપણે જ્યારે જઈએ છીએ ત્યારે જ લડવાનું થાય છે, તે આપણે આપણી સામે જ હોઈએ છીએ. આપણી અંદરના જે શત્રુઓ હોય છે, તેને જ આપણે સંહારવાનાં હોય છે. એટલે જેમ મહાભારતમાં ભગવાને અર્જુનને સમજાવ્યું કે આ તારા ભાઈઓ, દાદા, ગુરુઓ, બધાંને તારે સંહારવાના છે. એ કેટલું બધું અઘરું કામ છે ! જેણે આપણને ઉછેર્યા, જેની સાથે રમ્યા, એને જ આપણે સંહારવાનાં. એવી જ રીતે આપણે આપણામાં રાગદ્વેષ, મમતા, અનેક જાતના આગ્રહો, ટેવો, કૂટેવો આ બધાં જે છે, તે બધાંને સંહારવાનાં છે. એ બધાં પૂરેપૂરાં સંહારાય ત્યારે જ આપણી મૂળ આધ્યાત્મિક જીવનની શરૂઆત થાય. તે એકદમ થાય નહિ. એ ભગવાનનું નામ લેતાં લેતાં વહેલું થાય છે.

જ્યારે ગાંધીજી, હરિજન આશ્રમમાં હતા ત્યારે કિશોરલાલ હતા. એમના ગુરુ, કેદારનાથજી હતા. તેમનો ઝોક હંમેશાં ગુણ ઉપર. 'પહેલાં તમે ગુણ કેળવશો એટલે ભક્તિ આપોઆપ તમારામાં ઊગશે' એમ એ કહેતા. હું નાનો માણસ, નાનો છોકરો- એટલે આ મહાપુરુષો કહે છે કે ગુણ કેળવો. એટલે આપણે ગમે તે એક ગુણ કેળવવો એમ નક્કી કર્યું. મેં અભય લીધેલો, પણ એ કેળવતાં કેળવતાં ડૂચો નીકળી જતો. પછી જ્યારે મેં ભક્તિ લીધી-ભગવાનનું સ્મરણ, ભજન, કીર્તન, એમાં એકરાગ થવા લાગ્યો, તો ઝપાટાભેર અભય કેળવાઈ ગયો.

અમારા નડિયાદમાં સાત વડ કહેવાય છે. ત્યાં જાય તો માણસ સવારે જીવતો જ ના આવે. ત્યાં જઈને હું સૂતો. નડિયાદનાં કેટલાંય એવાં ઠેકાણાં હતાં. ત્યાંથી સવારે માણસ જીવતો જ ના આવે. હું ત્યાં જઈને સૂતો હતો. કંઈ ના થયું. એટલે ગુણ કેળવવા અનિવાર્ય છે. જેમ શ્વાસ અનિવાર્ય છે, પાણી અનિવાર્ય, ખોરાક અનિવાર્ય, તેમ ઊર્ધ્વ જીવન જીવવા માટે, સંસારી જીવન જીવવા માટે ગુણની જરૂર. એ ગુણ આપણે એમ ને એમ કેળવવાં જઈએ તો બહુ વાર લાગે. ઘણીવાર લાગે. ભક્તિને માર્ગે જતાં જતાં ગુણ કેળવીએ તો એની મેળે ભક્તિય કેળવાતી જાય છે. ગુણ પણ કેળવાતા જાય છે. એક નહિ પણ અનેક જાતના ગુણ કેળવાય છે. એટલે ભક્તિ કરતાં કરતાં જે ગુણ કેળવાય છે તે ગુણ, અને ભક્તિ વગર કેળવીએ છીએ તે, ગુણ તો હોય જ છે, પણ પ્રસંગે તે ટકતો નથી. તેનામાં તેટલી મર્દાનગી નથી હોતી. તે હું અનુભવથી કહું છું. હમણાં હું જુદી જાતની કવિતાઓ લખું છું. એમાં મેં એવું લખ્યું છે.

ગુણ કેળવ્યા વિના નહિ ચાલે. ગુણ તો કેળવવો જ પડશે. સંસારી જીવનમાં પણ ગુણની જરૂર છે. આપણા લોકોનું એ તરફ લક્ષ બહુ ઓછું છે. પહેલાંના સમયમાં-સવા સો વર્ષ પહેલાં-ઘરડા લોકો બધાંને-છોકરાંઓને ગુણ શિખવાડતા. ગુણ શિખવાડે એટલે બોધ નહિ આપતા. 'આમ કરવું. આમ ના કરવું'-એમ નહિ. એ પ્રમાણે કર્મ જ શિખવાડતા કે એવા ગુણ એનામાં આવે. અભય કેળવવો હોય તો રાત્રે તેને મોકલે કે 'જાને દીકરા, ગાયનું આટલું મૂતર લઈ આવ, ફલાણે ઠેકાણેથી.

મારે ચોપડવું છે.' એમ કરીને રાત્રે દસ વાગ્યે નાના છોકરાને મોકલે. એવા બીજા ગુણોને માટે પણ માબાપો મોકલતાં. આમેય એવા ગુણો કેળવવા જોઈએ. જીવનમાં ગુણો કેળવવા જોઈએ. એ જરૂરિયાતનું છે. એમ સમજીને માબાપો છોકરાંઓમાં એવી રીતે જ્ઞાનપૂર્વક આવા ગુણો કેળવતાં. હવે તો માબાપોમાં એવી કોઈ દૃષ્ટિ જ નથી રહીને ? પછી કેવી રીતે કેળવે ? 'રહેવા દે, પોલીસ પકડી જશે.' એવી બીક બતાવે છે. બીક કાઢવાને બદલે બીક બતાવે છે. નાનાં નાનાં છોકરાંઓને અંધારામાં મોકલવાં. તરતા શીખવવું, તે ના કરી શકે એવાં કામો કરવાં પ્રેરવાં. એ બધા ગુણો નાનપણથી જ છોકરાંઓમાં કેળવવા જોઈએ. તે આવી દૃષ્ટિ જ સમાજમાંથી ચાલી ગઈ છે.

સમાજમાંથી ગુણ કેળવવાની તો વાત જ નીકળી ગઈ છે. ગુણને તો કોઈ જાણે જાણતું જ નથી. એવી રીતનું સમાજનું બિલકુલ બેઢંગું વર્તન છે. બધા લોકો કેટલી બધી કથા સાંભળે છે ? સુમાર વગરની. જ્યાં ને ત્યાં કેટલી બધી કથાઓ થયા કરે છે ? કોઈ ગામ નહિ હોય કે જ્યાં કથા ન હોય, પણ કથા સાંભળવા છતાં માણસનું મન ગુણ કેળવવા તરફ જતું નથી.

અત્યારે અંધાધૂંધી-અત્યારે અજ્ઞાન પ્રસરી રહ્યું છે. નર્યું અજ્ઞાન પ્રસરી રહ્યું છે.

કેઑસ-(અંધાધૂંધી) આવવાનો હોય ત્યારે જેવાં લક્ષણો આવે તેવાં લક્ષણો હું જોયા કરું છું, કારણ કે મારી દૃષ્ટિમાં આવેલું છે કે આપણા દેશમાં સમૃદ્ધિ હમણાં નથી થવાની. કેઑસ થવાનો છે. એ જે મને ઘણાં વર્ષોથી મનમાં આવેલું, અને ઘણાં વર્ષોથી કહું છું કે તમે સમૃદ્ધિની વાત છોડો. જે રીતે

જીવો છો એવી રીત છોડો. જ્યારે કેઑસ આવશે ત્યારે પંચાત પડશે. ત્યારે હાયવોય-(શોક) કરશો, ત્યારે કોઈ કાકોય નહિ સાંભળે. એવો કાળ આવશે. એ કેઑસનાં લક્ષણો અત્યારથી શરૂ થવાં માંડ્યાં છે, એવું મને લાગે છે. કેઑસ થવાનો છે, એવાં લક્ષણોની શરૂઆત ક્યારનીય થવા મંડી છે.

**સ્વજન :** મોટા, કેઑસ-(અંધાધૂંધી) આવે ત્યારે આપણે શું કરવું જોઈએ ?

**શ્રીમોટા :** કશું નહિ. જ્યારે વિશ્વામિત્રીમાં જબરજસ્ત પૂર આવે ત્યારે આ પુલ ઉપરથી પણ પાણી જાય. એમાં પણ અત્યારથી માનસિક સ્થિતિ કેળવો. કેઑસ આવવાનો હોય એમાં અટવાઈ જવું ના હોય. આવો કેઑસ આજકાલમાં આવશે એમ નથી. હજુ આપણે ઘણું જીવવાનું છે. એટલા કાળમાં કદાચ નાય આવે. ઓછામાં ઓછાં પચીસ ત્રીસ વર્ષ પછી આવે. પહેલાં તો હું કાળ કહેતો ન હતો, પણ હવે લક્ષણો ઉપરથી હું કાળ કહી શકું છું. વીસ પચીસ વર્ષની અંદર તો આ કૅઑસ આવવો જોઈએ એવું મને લાગે છે. તે કાળે અત્યારથી આપણે સ્વસ્થતા કેળવવી જોઈએ. ઓછામાં ઓછાં સાધનથી રહેવા કેળવાયા હોઈએ, ગમે ત્યાં રહેવાને કેળવાયેલા હોઈએ, મુસીબતમાં રહેવા કેળવાયેલા હોઈએ, અત્યારથી આપણે એવી રીતે રહેવાની ટેવ રાખીએ, તો એ વખતે આપણને ભારે ના પડે.

**સ્વજન :** (જ્યોતિબહેન) મોટા, આપણે છોકરાંઓને પણ ટ્રેન્ડ કરવાં પડેને ?

**શ્રીમોટા :** જ્યારે પૂર આવેને ત્યારે સંગ્રામ નહિ ચાલી શકે. પૂરની સાથે રહીને એને હરાવવાનો પ્રયત્ન કરો. એ

બહુ વિરલા માણસો કરી શકે. જ્યારે પૂર આવે છે ત્યારે એમાં લોકો ખેંચાય છે. કેટલાક એમાં છાનામાના પડી રહે છે. જાણે કે અત્યારે બોલ્યાથી કંઈ થવાનું નથી અને એ કંઈ કહેતા નથી. સિવાય કે એવી કોઈ પ્રેરણા થઈ હોય તો ઠીક છે. એવા માણસો આપણા દેશમાંથી નીકળશે એની મને ખાતરી છે. ભારતમાતા-અમારો દેશ એવો છે કે મર્દ માણસોને સાચવે છે. દુનિયામાં ન જોયા હોય એવા મર્દ અમારા હિંદુસ્તાનમાં થયા છે. આપણી દૃષ્ટિ બહુ ટૂંકી છે. જો આપણે ઈતિહાસ જોઈએ, રમણભાઈ સાહેબ, કેવા મર્દ માણસો આપણે ત્યાં પાક્યા છે, એ સમજાય એવું છે. કાળે કાળે પાક્યા છે, એટલે એના પર મને પૂર્ણ શ્રદ્ધા છે કે દુનિયા જોઈ રહે એવો કાળ આપણા દેશ માટે પાકશે. ફરીથી સ્વરાજ્ય આવશે.

હવે, સ્વરાજ્ય કોઈ ઝૂંટવી લે એવો આ કાળ નથી. જો હોત તો આપણને કોઈકે જીતી લીધા હોત, પણ કાળબળને લીધે આપણે ટકીએ છીએ. કાળબળ જ એવું છે, તે કોઈને જીતી લેવા ન દે. મને પરમ શ્રદ્ધા છે કે પ્રજા તરીકે આપણે ટકવાનાં છીએ, પણ એ કાળ માટે કોઈ તૈયારી કરતું નથી. જોકે અનેક કાળથી એવું જ થતું આવ્યું છે. એ તો તે કાળે જે બધું થશે એ સારું જ થશે. ઘસડાવાનું હશે એ ઘસડાઈ જશે. જે રહેશે એમાંથી નવું નિર્માણ થશે. આજે ખરું સ્વરાજ્ય છે એ ઠીક નથી. આ તો સુંદર ગાયનું દૂધ દોહીને કૂતરીને પાયા જેવું થયું છે. એમાં કોઈનો દોષ નથી. દોષ સમાજનો છે. ગાંધીજીએ તપશ્ચર્યા કરી, પણ આપણને આવું સ્વરાજ્ય મળ્યું. એનું કારણ આપણી પ્રજાની ભૂમિકા આ જાતની હતી. જે

જાતની ભૂમિકા હોય તે જાતનું મળે. ગમે એટલું તમે તપ કરોને ! એ તપનું પરિણામ તમારી ભૂમિકા પ્રમાણે જ મળવાનું. ભૂમિકા એટલે તમારાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ની ટેન્ડન્સી-(વલણ) તે પ્રમાણે જ તમને મળવાનું. એ વાત એટલી જ ચોખ્ખી છે. જેવા હતા એવું સ્વરાજ્ય મળ્યું. એમાં કોઈનો દોષ નથી. દોષ સમાજનો છે, પણ સમાજને હજી કશું સૂઝતું નથી. ચારેબાજુના પ્રયત્નો ચાલી રહ્યા છે, છતાં ક્યાંય સુસ્થિતિ હોય, વ્યવસ્થા હોય એવું ક્યાંય લાગતું નથી. બધે ટંટાફિસાદ છે. બધે જ માંહોમાંહે ઝઘડા છે. દક્ષિણમાં કાવેરી વિશે ઝઘડો ચાલે છે. અહીં નર્મદા વિશે વિવાદ ચાલે છે.

વસ્તુ એ છે સંપીને નિકાલ કરવો એ દૃષ્ટિ હજી આપણને આવી નથી. રાષ્ટ્ર તરીકે તો નથી જ આવી, પણ વ્યક્તિઓમાં પણ નથી આવી એમ મારું કહેવું છે. જે કોઈ સવાલ હોય એને સ્પર્શતો ઉકેલ આપણે પ્રેમથી, સમજૂતીથી, શાંતિથી એનો કાઢવો એ માટેનો સદ્‌ગુણ આપણામાં પ્રગટેલો છે નહિ. એટલે વાર લાગશે, પણ એને આવ્યા વગર છૂટકો નથી.

સમાજમાં આપણે રહેવાનું છે. સમાજમાં આવા પ્રૉબ્લૅમ-(કોયડા) આવવાના જ છે. કુટુંબોમાં પણ આવો કોઈ સવાલ આવે ત્યારે તટસ્થતાથી, સમતાથી, શાંતિથી આપણે રસ્તો કાઢવાનો છે. આપણે જીવનમાં જો કેળવવાનું હોય તો આ ગુણોની જરૂર છે. તે આ ગુણોની મદદથી જ બનશે.

બાઈબલમાં તો કહે છેને, 'તારા શત્રુ પાસે તું જા'. આપણે ત્યાંય ઘણા એવા દાખલા છે, કેમ કે દુનિયામાં તારે કોઈ શત્રુ નથી. બધા તારા મિત્ર જ છે. તું જ છે દુનિયામાં. તું જ સામ્રાજ્ય

ભોગવે છે. એટલે આપણી સર્વોપરીતા આપણામાં પ્રગટી નથી. આપણા લોકોમાં હજી નૅરો માઈન્ડેડનેસ -(સંકુચિત મનોદશા) છે. એને લીધે આ બધી ઝંઝટ થયા કરે છે.

જ્યારે એવો કાળ આવશે, સુખનો વારો આવશે, ત્યારે સમાજમાં પણ શાંતિ થશે.

જ્યારે સમાજ આ બધું જાણતો થશે, શીખતો થશે, આ બધા ગુણ એનામાં પ્રગટતા થશે, ત્યારે ધીરે ધીરે એ બધું ઠીક થશે. પણ કાળ લાગશે. થવાનું છે એ વાત સાચી, પણ અંધાધૂંધી તો આવશે એ વાત ચોક્કસ. સમૃદ્ધિની આ લોકો વાત કરે છે, પણ એ તો લોકોને છેતરે છે. સમૃદ્ધિનાં કોઈ પણ જાતનાં લક્ષણ નથી.

મેં નિશ્ચય કરેલો કે મારે ફરવા જવું નથી. મારું શરીર ચાલતું નથી. શરીરમાં હેરાનગતિ થાય છે. તેમ છતાં છેલ્લે આબુથી આવતાં આવતાં જ્યાં જવાનું બનેલું, ત્યાં ગુજરાતની સ્ટેટ બૅંકના ઑફિસર્સ ભેગા થયેલા. એમણે કૉલોની બનાવેલી. એ કૉલોનીનો પાયો મારી પાસે નંખાવેલો. એ પૂરી થઈ એનું ઉદ્‌ઘાટન મારે હાથે કરાવવું હતું, કારણ કે એના મૂળ કામ કરનાર બેચાર માણસો હતા, એ મારા પરિચિત હતા. એટલે ‘ચાલો ભાઈ, રસ્તા ભેગો રસ્તો છે. તે કલાક કામ કરતા જઈશું. જરા વધારે તકલીફ પડશે.’

એ વખતે ત્યાં હું બોલ્યો કે ‘તમે બૅંકના માણસો છો. બીજા બધા સામાન્ય માણસો કરતાં તમને સારો પગાર મળે છે. દેશ તમને જો સારો પગાર આપે છે, તો બીજા કરતાં તમારે વધારે સારું કામ કરવું જોઈએ. તમે તો ભણેલાગણેલા

લોકો છો, તમને એ લાગવું જોઈએ કે આપણે આ દેશને માટે કામ કરવાનું છે. અમે દેશને માટે ઝઝૂમ્યા છીએ. જેલમાં ગયા છીએ, લાઠીઓ ખાધી છે. એ લાઠીઓ અમને દેશનું જ્ઞાન પહેલું પ્રેરાવે છે. માટે, કહું છું કે દેશ જો તમને આટલી બધી રકમ આપે છે, તો દેશને માટે કામ કરવાનું તમને ન સૂઝે તે ઠીક નહિ. તમે ચાલુ અવર્સમાં-(કામકાજના સમયમાં) કામ ન કરો એટલું પછીના અવર્સમાં કામ કરો છો. એ મારા દેશની કમનસીબી છે. આવું કરો તો સમૃદ્ધિ શી રીતે આવવાની ? સમૃદ્ધિ નહિ આવે. સમૃદ્ધિની વાત કરીને આ નેતાઓ કે જે કોઈ હોય તે છેતરે છે. આપણું આચરણ જુઓ. દેશની સમૃદ્ધિ માટે આપણું આચરણ કેટલો ભાગ ભજવે છે ?'

આ સાંભળીને તો લોકો હબકી જ ગયા. એમને થયું કે 'આપણે મોટાને અઢીસો રૂપિયા આપવાના છીએ, અને આ તો આવું બોલ્યા !' મેં તો કહ્યું કે 'તમે રૂપિયા આપો છો, તે મોટાને કંઈ અંગત આપતા નથી. એ સારાં કામ માટે આપો છો.'

આ ઓવર ટાઈમમાં કામ કરવાનું બધે જ પ્રસરી ગયું છે. ખેતરોમાં મજૂરો કામ કરે છે ત્યાંય પ્રસર્યું છે. ઓછું કામ કરવું-કામચોરી એટલી બધી પેસી ગઈ છે કે વાત ન પૂછો. કામચોરી હોય ત્યાં દેશની સમૃદ્ધિ ન થાય. ખરું કરવા જેવું કામ તો આ કામચોરી કાઢવાનું છે.

મને મુંબઈમાં એક જણે સવાલ પૂછેલો, 'તમે જયપ્રકાશ નારાયણ જેવું કામ કેમ નથી કરતા ?' મેં તો કહેલું કે 'ભાઈ, મારે ઝઘડામાં પડવું નથી અને અશાંતિ થાય એવું કામ નથી કરવું. લોકોને જ જાગવું નથી તો બળેબળે જગાડીશું તો ઊલટી

ખીચડી બગડશે. લોકોને પોતાનાં દુઃખનું ભાન નથી. પોતાના દેશનું, પોતાની ફરજનું અત્યારે લોકોને ભાન નથી. તેને બેળેબેળે જગાડશો તો થોડો વખત સાથે રહેશે. આ તો પ્રજાના મોટા ભાગને જુસ્સો આવ્યો છે. એ જુસ્સાને લીધે એક વાતાવરણ જામશે અને તેથી કંઈ સમાજનું આખું માનસ નહિ બદલાય.' સમાજમાં એક સમૂહગત વાતાવરણ થાય એમાં એક જુસ્સો પ્રગટ્યો છે. એટલે લોકો એમાં જોડાય છે. 'જોડાતા નથી' પણ ઘસડાય છે.

**સ્વજન :** (જ્યોતિબહેન) જેમ આપણે આપણને ઊર્ધ્વ દિશા તરફ લઈ જઈએ. આપણી આજુબાજુના લોકો જે હોય એમને યોગ્ય પ્રકાશ તો આપતા રહેવું જોઈએને ?

**શ્રીમોટા :** માગે તો આપો. ના માગે તો આપો નહિ. એમને જરૂર ના હોય તો તમે આપશો તો નકામું છે. ઉત્તમમાં ઉત્તમ એ છે કે આપણે જે કામ ઊર્ધ્વનું લીધું છે, એ જ દેશની મોટામાં મોટી અને સારામાં સારી સેવા છે. હું તો એમ માનું છું. હું સેવાનાં ક્ષેત્રમાં હતો તોપણ આ જ માનતો હતો કે ખરી સેવા તો ઊર્ધ્વ તરફ જવું એ જ છે. ઉત્તમમાં ઉત્તમ સેવા છે, કારણ કે ધીરે ધીરે કરીને એમાં ગયા તો એનો જે પ્રકાશ છે-ભલે એ ન દેખાતો હોય, પણ છે ખરો. એ પ્રકાશ એનો ભાગ ભજવ્યા વિના રહેશે નહિ. એ વાત હન્ડ્રેડ પરસન્ટ-(સો ટકા) સાચી છે.

એક ગરીબમાં ગરીબ અભણ કુંભાર જેવો માણસ ભગત થઈ ગયો. હમણાં જ થયો. એને હજુ પચીસ વર્ષ નથી થયાં. એ કુંભારે કેટલું બધું કામ કરી નાખ્યું. રૂપિયાથી નહિ, પણ

મુંબઈના જે બધા શેઠિયાઓ એને મળેલા, એમનામાંથી નાત-જાતનું ભાન કાઢી નાખ્યું. એણે સમજાવ્યું કે 'ભાઈ, અસ્પૃશ્યોની પણ તમે દોસ્તી કરો. તમારું પોતાનું હિત ગુમાવો છો. તમે મારું કહ્યું ખરું માનતા હોવ તો પાંચ દસ ભાઈઓને ઘેર લઈ જઈને સાથે બેસીને જમાડો. બાકી, ખાલી ખાલી રીઝવો એ હું પસંદ નથી કરતો. તમે એમને ઊંચે લાવવા માટે તમારા પૈસા પણ ન જાય અને એમને બે પૈસા મળે એવું કંઈક કરો. તમે કહો તો હું બતાવું. નળિયાં બનાવરાવો-નારિયેળીમાંથી તથા વાંસમાંથી જુદી જુદી જાતની વસ્તુ બને એવું બતાવો.'

ત્યારે એવા લોકો હોય છે ખરા. આવા લોકો આપણા દેશમાં હજુ વધારે થશે. આવા લોકો ઉપદેશથી નહિ,પણ પોતાના ભાવથી કામ કરશે. કોઈ દિવસ એમણે પ્રવચન કરેલું નથી.

**સ્વજન :** મોટા, આપ જે કાળબળ વિશે કહો છો, એ પૂરું સમજમાં નથી આવતું.

**શ્રીમોટા :** એવું છેને કે અમુક અમુક ફોર્સીસ-(બળો) આપણને ઘડે છે. આપણા જીવનને યોગ્ય વ્યવસ્થિતિમાં મૂકે છે. આપણે આવું બનતું જોઈએ છીએ. સમાજ એવી રીતે ઘડાતો હોય છે.

એવું એ કોઈક અજાણ્યું બળ છે. જો આપણે ઊંડો વિચાર કરીએ તો સમજાય એવું છે. તે કાળબળ માણસથી સ્વતંત્રપણે છે. એને પ્રારબ્ધ પણ નહિ કહેવાય. પ્રારબ્ધ કહેવાથી કાળને સમજવાપણું ન રહે. પ્રારબ્ધ અને કાળ જુદો છે. કાળ તદ્દન સ્વતંત્ર છે. કાળબળ ભયંકર છે. બહાદુરમાં બહાદુર માણસોને પણ હરાવી દે છે. તા. ૧૦-૧૦-૧૯૭૪

❑

# (૫) કૉમ્યુનિસ્ટ અને ચાર્વાક

**શ્રીમોટા :** કૉમ્યુનિસ્ટ-(સામ્યવાદ) અને ચાર્વાક-(નાસ્તિક મતનો પ્રર્વતક)માં ભેદ છે. કૉમ્યુનિસ્ટો બીજાનું અહિત કરવામાં પહેલો નંબર. પૈસાદારોને લૂંટી લે. ચાર્વાકમાં એવું ન હતું. પોતે મોજશોખ વૈભવવિલાસમાં રાચતા હતા. બીજાને નુકસાન પહોંચાડતા ન હતા. પ્રચાર કરતા હતા એ લોકોને બાહ્યસુખની જ પડી હોય. એટલે ચાર્વાકમાં-સ્ત્રી અને લક્ષ્મી. એમાં સ્ત્રી મુખ્ય. પછી લક્ષ્મી. અસલ ચાર્વાક લોકો સ્ત્રીની પૂજા કરે. એની વિધિ હોય છે. બીજાનું અનિષ્ટ નહિ કરે. મારી ન નાખે. લૂંટી ન લે. કૉમ્યુનિસ્ટો વર્ગવિગ્રહ કરાવે.

લોકો ચાર્વાકમાં આકર્ષાતા. પૈસાદારોનું નિકંદન નીકળે એવું ઈચ્છતા ન હતા. કૉમ્યુનિસ્ટો અને ચાર્વાકમાં મળતાપણું એટલું કે બંને મટીરિઆલીસ્ટ-(ભૌતિકવાદી) હતા. એમાંથી ભગવાનના માર્ગે જનાર કોઈક જ હોય.

ચાર્વાક બહુ બુદ્ધિવાદી. ચર્ચા કરવા બેસે તો પોતાના સિદ્ધાંતનું બરાબર પ્રતિપાદન કરે. સામાના વાદને તોડીને પોતાના વાદનું સમર્થન કરે. કૉમ્યુનિસ્ટોમાં આવું નથી.

**સ્વજન :** ચેતન ફૉર્મલેસ-(નિરાકાર) છે. એમાંથી ફૉર્મ્સ-(સાકાર) થયા તે એની ઘટમાળ ચાલ્યા જ કરે ?

**શ્રીમોટા :** એ બંધ નહિ થવાનું. બ્રહ્માંડને આદિ નથી એટલે અંત નથી. એ ચાલ્યા જ કરવાનું. એ કાળે કરીને સ્વરૂપ બદલાયા જ કરવાનું.

આપણા દેશની સ્થિતિમાં મને આશા છે. આપણે ઘણા પતનની સ્થિતિમાં છીએ. હવે, થોડા વખત પછી ચડતીની

સ્થિતિમાં આવીશું. ત્યારે આ કૉમ્યુનિઝમ-(સામ્યવાદ) નહિ હોય. બીજું કોઈ સ્વરૂપ હશે. તેનો લાભ બધાંને મળશે.

ગામડાંને અને ગરીબોને સરખો લાભ મળશે. અત્યારે માત્ર શહેરી લોકોને લાભ મળે છે. ભવિષ્યે એવું નહિ થાય.

પોતાનાં કર્મમાં જ રાચવું જોઈએ. બીજું કરવામાં સમય જાય અને કરતાં હોઈએ એમાં ક્ષતિ આવે. એનું યથાયોગ્યપણું ઘટે. કર્મનાં બહુવિધ પાસાં છે. ભલે કર્મ એક પ્રકારનું હોય. દરેક પાસાંની પકડ રહે, એની સમજણ પાકી રાખવા કોઈ પ્રશ્ન આવે તો એનો નિકાલ તરત જ કરી શકીએ.

તા. ૨૧-૧૧-૧૯૭૪

**સ્વજન :** ગરીબી દૂર કરવા માટેના પ્રયત્નો..

**શ્રીમોટા :** આમાં સમાજની રચનાનો દોષ છે. સમાજે એવું વિચાર્યું નથી કે આપણે સમતોલ થવું જોઈએ. સમાજના નબળા વર્ગને મદદ કરીને ઊંચી સ્થિતિએ આવવાનું જીવતું-જાગતું ભાન નથી. જ્યાં સુધી સમાજની રચના નહિ બદલાય ત્યાં સુધી આ નહિ બદલાય, ગરીબોને અપનાવીએ ત્યારે ફેર પડે.

પહેલાં જ્ઞાતિમાં ગરીબને મદદ કરવાનો ધર્મ પૈસાદારો સમજતા હતા. માત્ર જ્ઞાતિજનોને. એવી રીતે દરેક જ્ઞાતિમાં થાય તો પ્રશ્ન રહે નહિ, પણ ગરીબો જન્મે છે ગરીબીમાં. એમાં એમનો દોષ નથી. એમાં જન્મ્યા તે સ્થિતિમાં પડ્યા રહેવું એવો નિયમ નથી. મજૂરી કરે અને કમાય, પણ બે પાસાં સરભર થાય એવી વ્યવસ્થા કરવી પડશે. એવો કાળ આવશે કે ગરીબો બળવો કરશે તે વખતે ભારે પડશે.

સત્તા તો હંમેશાં વિકેંદ્રિત જ જોઈએ, તો એનો લાભ લેવાય. ગાંધીજી એમ જ કહેતા. સત્તા વહેંચાયેલી હોવી જોઈએ.

**સ્વજન :** સંપત્તિ એક ઠેકાણે એકત્રિત થાય તો નુકસાન કરે છે, તો સત્તા એક ઠેકાણે એકત્રિત થાય તો વધારે નુકસાન કરે ?

**શ્રીમોટા :** હા, સંપત્તિ આવી રીતે વહેંચે તો ઝઘડાનું કારણ ઓછું થાય. ગરીબોને ત્યારે એમ લાગે કે સરકાર આપણી છે. અત્યારે ગરીબોને સરકાર વિશે સમજણ નથી. કોઈ સમજણથી વોટ આપતું નથી. પૈસા લઈને અથવા લાગવગથી વોટ આપે છે.

લોકો જાગ્યા છે. રશિયા પછી ચીનનો વારો આવે છે.

તા. ૨૧-૧૧-૧૯૭૪

❑

# (૬) પ્રારબ્ધ બળવાન ?

**સ્વજન :** મોટા, પ્રારબ્ધ બળવાન કેમ ગણાયું હશે ?

**શ્રીમોટા :** મોટા ભાગના માણસોનું જીવન વલણને-(ટેન્ડન્સીઝને) આધારે વહે છે. અને એ ટેન્ડન્સીઝનું મૂળ એ ચિત્તમાં સંગ્રહાયેલા સંસ્કારો છે. એ સંસ્કારોની જે ટોટાલિટી-(પૂર્ણતા) છે એને પ્રારબ્ધ કહ્યું છે. એ સંસ્કારો એટલા બધા બળવાન છે કે જીવમાત્ર પોતાની ટેન્ડન્સીઝ પ્રમાણે વહ્યે જાય છે.

હું જે કહું તે રૅશનલ-(તાર્કિક રીતે) ન લાગે તો કહેવું.

**સ્વજન :** તો તો હું પૂછ્યા વિના ન રહું, મોટા.

**શ્રીમોટા :** કેમ કે સમજણ ચોખ્ખી થવી જોઈએ.

**સ્વજન :** જૂના સંસ્કારોની સમગ્રતામાંથી ટેન્ડન્સીઝ ઊભી થાય છે ?

**શ્રીમોટા :** ટેન્ડન્સી પ્રમાણે જ બધાં વર્તે છે. કોઈક જ એવો હોય જેને જીવનનો ધ્યેય હોય. એ ટેન્ડન્સીઝ પ્રમાણે નહિ વર્તે, કારણ કે ધ્યેયને સાનુકૂળ ટેન્ડન્સી ન હોય તો એ પ્રમાણે એ નહિ વર્તે, ધ્યેયને હિસાબે જ જાય. એવા ધ્યેયવાળા તો ગણ્યાગાંઠ્યા હોય. તટસ્થતા વિના ટેન્ડન્સીમાંથી બહાર નીકળવું મુશ્કેલ છે. સામાન્ય માણસમાં તટસ્થતા ક્યાંથી જાગી હોય ? એટલે બધાં ટેન્ડન્સી પ્રમાણે જ વર્ત્યા કરે. એટલે પ્રારબ્ધ પ્રમાણે જે તે થાય છે, એવી માન્યતા થયેલી. પછી વિદ્વાનોએ, કથા કરનારાઓએ એનું જોર વધારી દીધું.

આપણે ઇન્ટેલૅક્ચ્યૂઅલી-(બૌદ્ધિક) અને સાયન્ટિફિક-(વૈજ્ઞાનિક) રીતે વિચારીએ તો પુરુષાર્થ બળવાન છે. આપણે ધારીએ એમ કરી શકીએ, પણ આપણું ધ્યેય એ પ્રકારનું હોતું

નથી. લીલમાં પગ મૂકતાં લપસ્યા કરીએ, એમ આપણે લપસ્યાં કરીએ છીએ. તટસ્થતા પ્રગટે તો જ આપણે વલણને સમજી શકીએ અને ત્યારે જ એનાથી બીજી રીતે વર્તવાને આપણે તૈયાર થઈ શકીએ. એનું શું પરિણામ આવે તે સમજી શકીએ. તટસ્થતા જન્મવા માટે એ જાતનો પુરુષાર્થ કરવો પડે. તટસ્થતા કંઈ એમ ને એમ જન્મતી નથી. જીવદશામાં-પ્રકૃતિમાં રગદોળાયેલામાં તટસ્થતા હોતી નથી. આપણે એ પ્રકારે જીવ્યાં છીએ. ટેન્ડન્સી કંઈ આકાશમાંથી થોડી આવે છે ? એ તો આપણે કરેલાં ઍક્શન-(કાર્ય) પરથી સંસ્કારો પડ્યા છે, એમાંથી ઉત્પન્ન થાય છે. ટેન્ડન્સી જાગે એટલે આપણે આ પ્રકારનું કર્મ કર્યું છે. નકારાત્મક વલણ ઊઠે અને પૉઝિટિવ પણ ઊઠે. જેણે ધ્યેય નક્કી કર્યું છે, એ તો પૉઝિટિવ વલણ પ્રમાણે ચાલવાનો.

સામાન્ય માણસ સ્વતંત્રપણે ઈનિસિયેટિવ-(પહેલવૃત્તિ) હોતો નથી, પણ જેણે ધ્યેય નક્કી કર્યું છે, તે માત્ર વલણ પ્રમાણે નહિ વર્તે.

તા. ૧૩-૩-૧૯૭૫

❑

# (૭) કૉસ્મિક કાયદા

**સ્વજન :** ભગવાન અનંત છે. સંપૂર્ણ છે. એને માટે આપણે જે કૉસ્મિક-(વૈશ્વિક) કાયદાઓ માની લીધા છે, એ સંપૂર્ણ છે ?

**શ્રીમોટા :** એ કાયદાઓ સંપૂર્ણ નહિ. કાયદા એમાંથી ફલિત થાય છે. એટલે કે જેમ જેમ એનું નીચે અવતરણ થાય તેમ તેમ એની સંપૂર્ણતા ઘટતી જાય.

**સ્વજન :** દરેક કાયદો હોય પણ એ બદલાવાનો ?

**શ્રીમોટા :** કાયદાઓમાં રિજિડિટી-(જડતા) નથી. આપણા સંસારના કાયદાઓમાં રિજિડિટી છે, કારણ કે એ આપણે બનાવેલા છે.

**સ્વજન :** આપણે રિજિડ-(જડ) છીએ, એટલે આપણે બનાવેલા કાયદામાં રિજિડિટી આવે જ.

**શ્રીમોટા :** એટલા માટે અનુભવી માણસ રિજિડ નથી. એ આમેય ચાલે અને આમેય ચાલે. ઘડીમાં આમ બોલે, ઘડીમાં તેમ બોલે. એ રિજિડ ન હોય. એ સત્ય તરીકે પણ કશું વિચારતો નથી. સંસારી રીતે એ અયોગ્ય જણાય. એટલે જે કૉસ્મિક કાયદાઓ છે, એ પૃથ્વી પર આવ્યા અને મનુષ્ય સમાજના આચરણમાં આવ્યા એટલે સંપૂર્ણ નહિ.

**સ્વજન :** એટલે બદલાયા કરવાના ?

**શ્રીમોટા :** હા, દા.ત., હવા લેવાનો કાયદો છે એ સંપૂર્ણ. હવા વિના માણસ જીવે નહિ એટલે એ સંપૂર્ણ કહેવાય, પણ પાંચસાત માઈલ પરના વાતાવરણની હવા જુદી અને એથી ઉપરના વાતાવરણની હવા પણ જુદી જાતની. પ્રકારનો ફેરફાર થાય.

**સ્વજન :** બધું બદલાતું જવાનું. કશું સ્ટેટિક-(સ્થિર) ના રહી શકે ?

**શ્રીમોટા :** જે જે નીચે અવતરણ થયું, એ બધું જ બદલાતું જવાનું.

**સ્વજન :** મોટા, અવતરણ થાય ત્યારે જ એની અવેરનેસ થાયને ?

**શ્રીમોટા :** ત્યારે જ અવેરનેસ થાય. નહિતર અવેરનેસ થાય નહિ.

તા. ૧૩-૩-૧૯૭૫

❑

# (૮) સ્વપ્ન

**સ્વજન :** મોટા, આ જે સ્વપ્નાં આવે છે, આપણે એનો ખ્યાલ રાખીએ તો...

**શ્રીમોટા :** સ્વપ્ન આપણા ધાર્યા પ્રમાણે ન હોય, પણ આપણા ચિત્તમાં સંસ્કારો પડ્યા હોય છે અને ખીચડો હોય છે. એકબીજામાં એવા ભળેલા છે. તે સંસ્કારો સ્વપ્ન દ્વારા વ્યક્ત થાય છે. એ સંસ્કારોનો એકધારો મેળ હોતો નથી. સ્વપ્ન કેટલીક વખત સિમ્બૉલિક-(પ્રતીકાત્મક) હોય છે. કેટલાંક વાસ્તવિકતાવાળાં હોય, સૃષ્ટિસૌંદર્યનાં સ્વપ્ન હોય છે. આપણે કોઈ વખતે એવા પ્રદેશમાં ભ્રમણ કર્યું હોય, અથવા તાદૃશ્યતા ઉપજાવે એવી રીતનું વર્ણન વાંચ્યું હોય એના સંસ્કાર ઉદય વર્તમાન થાય.

એકના એક જ વિષયનું સ્વપ્ન આવે છે. ત્યારે જો યાદ રહે, તો એ પ્રમાણે કરવું. એક વિષય પરત્વેનું સ્વપ્ન વાસ્તવિકતા દર્શાવે છે.

સ્વપ્ન દ્વારા વિદ્યા શિખાય છે. ત્યારે સ્વપ્ન હોવા છતાં એ જાગૃત હોય, એટલે વિદ્યા આવડે છે. જ્યારે એ જાગૃત થાય ત્યારે સ્વપ્નમાં આવ્યું હોય, એ બધું હોય એ બધું યાદ રહે એવું પણ બને છે.

સ્વપ્ન એ સંસ્કારોનો ઉદય વર્તમાન છે. દિવસ દરમિયાન આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ પ્રવૃત્તિના વિષયમાં સતત રમમાણ હોય છે. એટલે ચિત્તના સંસ્કારોને ઊઠવાનો નિરાંતનો સમય મળતો નથી. રાત્રે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ ઊંઘતાં નથી. માત્ર શરીર ઊંઘે છે.

પ્રાણની શક્તિને લીધે સ્વપ્ન જાગ્રત થાય છે. એટલે સંસ્કાર જાગ્રત થાય છે. ગૃહસ્થી હોય અને પ્રખર સાધક હોય, એ બંનેનાં સ્વપ્નાં જુદાં જુદાં હોય.

સાધકને સાધનામાં ભૂલ થતી હોય, આગળ કેવી રીતે વધવું એ સૂઝતું ન હોય ત્યારે કઈ પદ્ધતિ સ્વીકારવી, એ બધું સ્વપ્ન દ્વારા શીખતો હોય છે. આમ તો એને સ્વપ્ન ભાગ્યે જ આવે છે.

સ્વપ્ન એ જીવનની જુદા પ્રકારની સ્થિતિ છે.

સ્વપ્ન મિથ્યાં હોતાં નથી. આપણી જાતને ઓળખવા માટે પણ સ્વપ્ન કામ લાગે છે. રાગદ્વેષ, કામ, ક્રોધ કેવા પડેલા છે અને કેવાં કામ કરે છે એની ઝલક સ્વપ્ન દ્વારા મળે છે. એ પરથી આપણે સુધરવાનું કરીએ તો ઘણો ફાયદો થાય, પણ જેને કંઈ કશું કરવું છે એને સ્વપ્ન મદદ કરે છે.

એવાં પણ સ્વપ્ન આવે છે કે જેનો આનંદ આખો દિવસ ટકે છે. દુઃખનાં પણ સ્વપ્નાં આવે છે. સમજદાર માનવી સ્વપ્નથી ચેતી શકે. સ્વપ્નને મિથ્યા ગણીને કાઢી ન નાખવું જોઈએ.

સ્વપ્નાં બની ગયેલી બાબતો જ બતાવે છે એવું જ નથી, પણ બનનારા બનાવો પણ બતાવે છે. કેટલીક વખત સિમ્બૉલિકલી-(પ્રતીકાત્મક રીતે) બતાવે છે. સ્પષ્ટ રીતે પણ બતાવે છે. એવા દાખલા જવલ્લે જ છે. આપણે જેનો અર્થ ન કાઢી શકીએ એવા સિમ્બૉલિક રીતે પણ બને છે. સ્વપ્ન માત્ર સંસ્કારોનું જ પરિણામ છે એમ નથી. ઘણે મોટે ભાગે છે.

તા. ૧૭-૯-૧૯૭૪

❑

# (૯) ભૂતકાળના વિચારો

**સ્વજન :** મોટા, એક વસ્તુનો થોડો ખ્યાલ આવે છે, પણ બરાબર ખ્યાલ નથી આવતો. કૃષ્ણમૂર્તિએ એક ચોપડી લખી છે. તેમાં એમણે લખ્યું છે કે પાસ્ટ-(ભૂતકાળ) છે. તેના તરફ મન ના કરો. તમે હંમેશાં એને ભૂલી જાઓ અને પછી એનો વિચાર કરવો હોય તો કરો. અને તેની અવેરનેસ રાખ્યા કરો. તો આ મેડિટેશનમાં-(ધ્યાનમાં) અથવા નીરવતામાં આપણે એકાગ્ર થવાનો પ્રયત્ન કરીએ, તે વખતે આ પાસ્ટના વિચારો છોડી દઈએ તો એ વહેલું પકડી શકાય ?

**શ્રીમોટા :** પાસ્ટના વિચારો એ છૂટી શકતા નથી. કારણ કે એ આપણા બીઈંગમાં વણાઈ ગયેલા છે. કોઈક ઊર્ધ્વમાં આપણી લગની લાગી, તો પેલા વિચાર મોળા પડી જાય. એ કરવાને માટે તમે ઊર્ધ્વની લગની લગાડો. એટલે તમારામાં ભક્તિ જગાડો. ભક્તિનો પ્રયત્ન કરો. કૃષ્ણમૂર્તિ જે કહે કે પાસ્ટના વિચાર ના કરો, પણ 'ધેટ ઈઝ ઈમ્પૉસિબલ !'-(એ અશક્ય છે) વિચારો તો થાય જ. એ કરતાં હું એમ કહું કે એ તો ભાઈ તમારામાં આવશે. એ બીઈંગમાં છે, પણ ભક્તિમાં ભળો. એનાથી ઊર્ધ્વ વિષયમાં તમે એકાગ્ર થાઓ, તો એને લીધે પેલા આગળ નહિ આવે. તમે ઊર્ધ્વના વિષયમાં એકરાગ થાવ. મારે કહેવાનું હોય તો હું આ રીતે કહું.

**સ્વજન :** એ તો મોટા, પ્રયત્ન કરવાની વાત થઈ, પણ હવે આમ તો પાસ્ટ, પ્રેઝન્ટ કે ફ્યુચર છે નહિ. એ જાતની સ્થિતિમાં જ્યારે માણસને જવું હોય ત્યારે બિલકુલ બ્લૅન્ક-(શૂન્ય) થવું પડે ! તો જ જવાયને ?

**શ્રીમોટા :** એવી એક 'ટાઈમલૅસ'-(કાળાતીત) સ્થિતિ આવી જાય, પણ એકદમ આપણાથી બ્લૅન્ક થવાતું નથી. આપણું કન્સેપ્શન-(વિચારણા) બરોબર ક્લીઅર-(સ્પષ્ટ) હોવું જોઈએ. જે કંઈ આપણે કરવાનું છે, જે તરફ આપણે જવું છે, તેની બરાબર સ્પષ્ટતા આપણામાં હોવી જોઈએ. આ ઊર્ધ્વ માર્ગે જવાને આની એકદમ જરૂર છે. પહેલાં મને આવી સ્પષ્ટતા હતી નહિ. હું તો ગામડિયો છોકરો. ધીરે ધીરે ભગવાનની કૃપાથી બધી સમજણ પડવા લાગી. માટે, આ બધી સ્પષ્ટતા મનથી પાકી નક્કી કરી લેવી જોઈએ.

તા. ૨૦-૧૦-૧૯૭૪

❑

# (૧૦) મંત્ર

**સ્વજન :** મંત્ર એકવીસ વખત, અઠ્ઠાવીસ વખત થાય તો જ અનુષ્ઠાન ગણાય એવું નહિને ? એકાગ્રતા આવે ત્યાં સુધી જ ગણાયને ?

**શ્રીમોટા :** એટલા વખત પૂરતું જ, કારણ કે અમુક વખત સતત બોલવાથી અમુક કેંદ્ર સુધી પહોંચે અને ત્યાં એકાગ્રતા જામે. એક વખત બોલવાથી થાય નહિ. એટલે રિપીટ-(ફરીથી) કરવાથી-અમુક સંખ્યામાં થયું હોય તો ત્યાં અસર થાય એવી શક્યતા છે. એટલે કહેલું કે મંત્ર આટલા વખત બોલવા. એનાથી વધારે બોલો એનો વાંધો નહિ, પણ અમુક વખત તો બોલવા જ જોઈએ.

તંત્રના શબ્દો બોલાય છે ખરા, પણ એનાં મોજાં મગજનાં અમુક કેંદ્રને સ્પર્શે છે. એના શબ્દો એવા અટપટા કે એનો અર્થ કંઈ કરી શકાય જ નહિ. માત્ર બોલાય લખાય ખરા, પણ એનો અર્થ સમજણ ન પડે. એના અવાજનાં મોજાં જે સ્પર્શે છે, એ સામાન્યપણે બીજા શબ્દોથી જ્યાં જવા જોઈએ ત્યાં ન જાય.

અથર્વવેદમાં ભૂતપ્રેતાદિને વશ કરવાના મંત્રો છે. મૂઠ મારવાના મંત્રો છે. લક્ષ્મી મેળવવાના પણ મંત્રો છે. આવાં બધાં નેગેટિવ કાર્ય માટેના મંત્રો પણ છે. ઋગ્વેદ પછી ભાવનાના પતનમાં આ લોકો કેવા પડી ગયા, એનો આ પુરાવો છે. યજ્ઞ થયો ત્યારથી ભાવનાનું પતન થયું. અમુક હેતુ માટે યજ્ઞ કરવા લાગ્યા. પુત્ર માટેનો યજ્ઞ, ફલાણા-ઢીંકણા માટેના યજ્ઞો-એમાં ઇચ્છાઓ આવી ગઈ. ઋગ્વેદમાં કશું એવું નથી.

**સ્વજન :** (નંદુભાઈ) શ્રી ગંગેશ્વરાનંદજીએ ચાર વેદનું સંકલન કર્યું છે.

**શ્રીમોટા :** એના પહેલા જ પાને 'હરિઃૐ' છાપ્યું છે.

**સ્વજન :** (નંદુભાઈ) એ ગ્રંથનું વજન ૨૨ કિલો-એક મણ જેટલું છે. એ લઈને એ પરદેશ ઊપડ્યા છે. જાપાન, હોંગકોંગ ગયા છે.

**સ્વજન :** મોટા, એક બહેન હતાં. ભાવમાં આવી જાય ત્યારે મોઢામાંથી દૂધ નીકળે.

**સ્વજન :** (નંદુભાઈ) નીકળે મોટા, ચીનુભાઈ નંદલાલ ખરાને ? એમની દીકરી-આપણા આશ્રમમાં આવેલી અને બે ત્રણ વાર એને ઘેર પણ જોયેલું. આનંદમયી માની વાતો કરી કે તરત જ ભાન ભૂલી જાય અને પડી જાય. હાથમાંથી તુલસી, સાકર અને સૂંઠ નીકળતી. એ પેલાં મણિબાની સાથે રહેલી. મોટા, તમે જાણો છોને ?

**શ્રીમોટા :** હા, બેંગ્લોર હતા ત્યારે.

**સ્વજન :** (નંદુભાઈ) પછી એ બહેન પરણી પણ ગયાં અને છોકરાં પણ થયાં.

**શ્રીમોટા :** હવે કશું નહિ હોય !

**સ્વજન :** (નંદુભાઈ) હવે તો કશું નથી-પાસિંગ ફેઈઝ-(ચાલુ તબક્કો).

**સ્વજન :** મોટા, હું તો એમ વિચાર કરતો હતો કે આ જે બનાવ બન્યો એ સબકોન્શ્યસ-(અર્ધજાગૃત)માંથી ?

**શ્રીમોટા :** સબકોન્શ્યસમાંથી. એને કંઈ ઇચ્છા નહિ હોય કે મોંમાંથી દૂધ નીકળે.

**સ્વજન :** પણ આ જે ફિનૉમિનન-(ચમત્કાર) થયો, એનું સમાધાન કરવા વિચારતો હતો. એટલે કે બીજાઓ પણ કંઈક કાઢે છે, એ ભાવ આવી જવાથી સબકોન્શ્યસમાંથી આવતું હશે કે એના સબકોન્શ્યસમાં બીજાનાં આંદોલનો જતાં હશે કે શું થતું હશે ?

**શ્રીમોટા :** આંદોલનો તો બીજાનાં નહિ જતાં હોય. જ્યારે એ પોતે એકાગ્ર થયેલી હોય. અને ભાવમાં આવી હોય અને એણે જ્યારે બીજાનું આવી જાતનું જોયું હોય, એ મનમાં રહેલું હોય. સબકોન્શ્યસમાં પડેલું હોય, એ આવી રીતે વ્યક્ત થાય. જોયું જાણ્યું હોય ત્યારે મનમાં થયેલું હોય. તે આવી વખતે વ્યક્ત થાય.

**સ્વજન :** (નંદુભાઈ) આમાં એને પોતાને ખ્યાલ પણ ન હોય.

**સ્વજન :** (ડૉ. કાંતાબહેન) ઘણાંનાં મોઢામાંથી કંકુની ઊલટીઓ થાય છે, એ કેવી રીતે ?

**શ્રીમોટા :** હાથમાંથી નીકળે તો સારું. મોઢામાંથી નીકળે તો પંચાતને ! (હાસ્ય)

તા. ૧૩-૩-૧૯૭૫

❑

# (૧૧) ભૂતપ્રેત

**શ્રીમોટા :** જીવદશાવાળાના મૃત્યુ પછી એનું સૂક્ષ્મ શરીર પૃથ્વીના વાતાવરણમાં રહે. પૃથ્વીના વાતાવરણથી પાંચ સાત આઠ માઈલ સુધીના વિસ્તારમાં એ રહે. અનુભવીનું સૂક્ષ્મ શરીર જુદા પ્રકારનું. જીવદશાવાળાના સૂક્ષ્મ શરીરને ફરીથી અવતરવાનું હોય એટલે પૃથ્વીના વાતાવરણમાં રહે. યથાકાળે એ વાગોળતાં વાગોળતાં અટકે ત્યારે એ જન્મ લે છે. એ વાગોળવાનું કેટલો વખત ચાલે એનું કંઈ નિશ્ચિત ધોરણ નથી. અનેક જન્મોનાં કરેલાં કર્મોનું વાગોળવાનું ત્યાં પૃથ્વીના વાતાવરણના અવકાશમાં બને છે.

**સ્વજન :** જે ભૂત થાય છે એનું કારણ ?

**શ્રીમોટા :** હા, એનું કારણ છે. અત્યંત આવેગવાળી કોઈ ડિઝાયર-(ઇચ્છા) હોય અથવા તો કોઈ માણસ આપઘાત કરે છે, આવા આવેગને કારણે એ ઝેર-બેર પી લે છે, પણ પીધા પછી શરીર છોડતી વખતે એનાં મનાદિની જે સ્થિતિ થાય છે, એ બહુ ભયંકર હોય છે. એ દશાને કારણે એ પ્રેત થાય છે. પ્રેતનો એવો સ્વભાવ છે કે જીવદશામાં જેના પરત્વે એને દંશ રહ્યો છે, તે દંશ જતો નથી. કાયમ રહે છે. પછી તેને કોઈ ને કોઈ રીતે હેરાન કરે છે.

**સ્વજન :** એને વાગોળવાનું ન થાય ?

**શ્રીમોટા :** ના, એને વાગોળવાનું નહિ થાય-બિલકુલ નહિ.

**સ્વજન :** એ લોકોનો ઉદ્ધાર કેવી રીતે થાય ?

**શ્રીમોટા :** એ લોકોનો ઉદ્ધાર એની મેળે વખત આવતાં થાય છે. કેટલાંકને ઘણો કાળ લાગે છે. મારા જીવન સાથે

સંકળાયેલા એવા બે કિસ્સા બનેલા. એક તો આ નંદુભાઈની પેઢીમાં એક નોકર હતો. દક્ષિણમાં એક ઠેકાણે ધોધ પડે છે, તે નંદુભાઈના ભાઈ અને બીજાં બધાં આનંદ કરવા ત્યાં ફરવા ગયેલાં. એ માણસ કહે કે ધોધની છેક નીચે કૂવો છે. એમાં આ છોકરાને લઈને જઉં અને તરીને બહાર નીકળું. મેં કહ્યું, 'અલ્યા મરવું છે ? બૈરીછોકરાં છે કે નહિ ? લાવ.' એમ કરીને મેં એ છોકરાને લઈ લીધો. પછી એ તો પેલા વહેરા પાસે આમતેમ ફરવા લાગ્યો. અમે કહ્યું કે 'ભાઈ, તું આવતો રહે. આ લીલ બાઝેલી છે અને લપસીશ તો પડીશ', આમ બોલીએ છીએ ત્યાં તો એ પડ્યો અને મરી ગયો. એ ભૂત થયેલો. એના મનમાં એમ કે મોટાએ કેમ મને ઉગાર્યો નહિ ? મને એટલા બધા ધક્કા મારે અને હું પડી જઉં. મને વાગે પણ ખરું. નંદલાલના મામાએ મને પડી જતો જોયેલો. પાછળથી સુસવાટાબંધ પવન વાતો હોય એવું લાગે. મને થતું કે 'આ શું થાય છે ?' પછી એક વખત મેં ધ્યાનમાં બેસીને જોયું ત્યારે મને સમજણ પડી. અત્યારે તો મારે ધ્યાનમાં બેસવાનીય જરૂર ન પડે, પણ ત્યારે મારે ધ્યાનમાં બેસવું પડતું. પછી અમારાં મૌનમંદિરના ઓરડામાં એ પ્રેતને રાખેલો. પછી એની સારી દશા થઈ ગઈ.

બીજો એક કિસ્સો મુંબઈમાં બનેલો. એક સ્વજનની દીકરી એમએસ.સી. થયેલી. કોઈના પ્રેમમાં હતી. એના બાપે બીજે ઠેકાણે વિવાહ કરેલો. એ છોકરી ભણેલીગણેલી. બીજા સાથે એને બનત નહિ. એ છોકરા સાથે એવું નક્કી કરેલું કે પરણાય એવી સ્થિતિ નથી. માટે હવે મરી જવું. પોતે એમએસ.સી.

થયેલી. એટલે શું ખાતાં તરત જ મરી જવાય એ જાણે. પેલાને પડીકું આપ્યું. છોકરી ખાઈ ગઈ, પણ પેલા છોકરાને નંદલાલે સમજાવીને વારેલો. એટલે એ બચી ગયેલો.

આ છોકરી પ્રેત થયેલી. મારે અને એમને ઘરોબો ખરો. મેં એના બાપને કહ્યું કે 'હું એને સંભાળી લઈશ.' ઘણી વખત સુરતના આશ્રમમાં રાત્રે અવાજો કરે. એ વખતે ડાહીબહેન મારી સાથે રહેતાં હતાં. ડાહીબહેને એ અવાજો સાંભળેલા. મેં એમને નહિ કહેલું કે આ પ્રેતના અવાજો છે. નહિતર એ ગભરાય. મને એણે બિવડાવવાના ઘણા પ્રયત્ન કરેલા. પછી ઠેકાણે આવી ગયેલી.

આમાં બળાત્કાર ના ચાલે. ભાવનો પણ બળાત્કાર ના જોઈએ. ધીમે ધીમે કરીને કામ સધાય છે. પછી તો એનો હવન પણ મારે કરવો પડેલો. અડદ અને સાત જાતના લોટ લેવા પડેલા અને મનુષ્યના આકારનું એનું પૂતળું બનાવેલું અને હવન કરીને એને હવનમાં હોમવાનું. એમાં ઘી હોમવાનું, એટલે પૂરેપૂરું બળી શકે. મંત્રોચ્ચાર કરીને એને બાળવાનું. એટલે પેલાની મુક્તિ થાય. આવી પ્રોસેસ-(પ્રક્રિયા) હું કંઈ જાણું નહિ, પણ મને એવી પ્રેરણા થાય, એ પ્રમાણે હું કરું.

પ્રેત એટલે 'એબ્રપ્ટ સ્ટેઈન ઑફ સ્ટ્રૉંગ ડિઝાયર'-(ઉત્કટ ઈચ્છાને કારણે અચાનક રહી જાય) અથવા તો કોઈ જીવ હોય, એને પોતાનાં બૈરીછોકરાં, વેપારધંધો વગેરે માટે ઘણો મોહ હોય. માલમિલકત વગેરે પર પુષ્કળ આસક્તિ હોય. એવાને અકાળે મરવાનું થાય, એ એને બહુ કારમું લાગે. તોપણ એ પ્રેત થાય.

એટલે ઉંમર થાય એટલે માણસે ધીમે ધીમે આ સંસારમાંથી આસક્તિ ઓછામાં ઓછી કરતાં જવું, એ એના પોતાના માટે સારું છે.

**સ્વજન :** (ધીરજબહેન) મોટા, જે ઍક્સિડન્ટથી-(અકસ્માતથી) મરી જતા હશે એનું શું થતું હશે ?

**શ્રીમોટા :** તે પ્રેત થાય જને ! સાયલાના દરબારને કોઈક કારણથી એવું થયેલું કે એ ખાય ત્યારે નરકની જ વાસ આવે. ફળ ખાય તોય નરકની વાસ આવે. એટલે ખાઈ જ ના શકે. બહુ ત્રાસી ગયો. બહુ ઉપાય કર્યા ત્યારે કશાથી મટ્યું નહિ. ત્યારે સાયલામાં લાલા ભગત. તે દરબાર, આ ભગત પાસે ગયા. એમણે આ દૂર કર્યું. પછી ગામમાં એમને જગા આપી. પૈસા આપ્યા. પછી લાલા ભગતે એક મંદિર બાંધ્યું. આજેય સાયલામાં લાલા ભગતની જગા છે.

પ્રેત ઍપ્ટ મિડિયમમાં-(યોગ્ય માધ્યમમાં) પ્રવેશીને ભોગવે છે. એ ભોગવ્યા પછી એનો નવો જન્મ થવાની શક્યતા ઊભી થાય, પણ ભોગવવાથી જીવને સંતોષ ના થાય. આપણા કરતાં એની ભોગવવાની તૃષ્ણા બહુ જબરી ઇન્ટેન્સિટી-(તીવ્રતા)વાળી. આપણામાં જે ઇચ્છા, તૃષ્ણા થાય તે જળ અને પૃથ્વીતત્ત્વને લીધે ટૂંકાઈ જાય છે. એની માત્રા ઓછી થાય. જ્યારે પેલાને જળ અને પૃથ્વીતત્ત્વ છે નહિ. એટલે એટલી બધી વધે કે જેની કોઈ સીમા નહિ. એને ઍપ્ટ મિડિયમ જોઈએ. એવા મિડિયમમાં એ ભોગવે. ત્યારે પેલા જીવનું શરીર પણ આને લીધે લથડી જાય.

**સ્વજન :** (ડૉ. કાંતાબહેન) મોટા, એ વખતે પેલો માણસ હરિસ્મરણ કરે તો -

**શ્રીમોટા :** તો તો પેલા પ્રેતની તૃષ્ણા પૂરી ન થાય, તો એણે જતા રહેવું પડે. એનું કારણ એ છે કે એનું ઍપ્ટ મિડિયમ એ રહે નહિ. એની ભૂમિકા બદલાઈ જાય. એટલે એનાથી ન રહી શકાય. જેનામાં એ આવ્યો હોય એણે હરિસ્મરણ કર્યું, એથી એને જતા રહેવાનું થાય, તો તેથી કરીને પેલા જીવને કંઈ નુકસાન ન થાય. ઊલટું સારું થાય. ભગવાનનું નામ લેતો થયો હોય તો એની ભૂમિકા બદલાઈ. પેલો પ્રેત એનું કંઈ બગાડી ન શકે.

તૃષ્ણા એવી છે કે જો એ રહ્યા કરે તો આપણા જીવનનું જે કાર્ય છે-જે હેતુથી આપણે જન્મ્યાં છીએ-જે ઇચ્છા ફુલફિલ-(પૂરું કરવું) કરવા માટે શરીરનો જન્મ છે, એ ફુલફિલ થઈ શકે નહિ.

અનુભવીને એવાં નિમિત્ત આવે છે ખરાં કે પેલાને પાછલા જન્મની સભાનતા થાય છે. એને વિચારવા જવું ન પડે. આપમેળે સ્ફુરી આવે છે.

**સ્વજન :** (ધીરજબહેન) મોટા, આપને તો કેટલાય લોકોના પૂર્વજન્મની ખબર હશે ?

**શ્રીમોટા :** હા, વાત ખરી, ધીરજબહેન. આપણે જીવદશામાં હોઈએ, તોપણ નક્કી કરી શકીએ છીએ કે પેલા ભવનું એની સાથે અનુસંધાન છે. પુત્ર, પરિવાર, પત્ની, દોસ્ત-એ બધાં ગયા જન્મના સંગાથી છીએ. ગયા જન્મથી આપણે તે તે જીવો સાથે સંકળાયેલાં છીએ.

**સ્વજન :** મોટા, આપણાથી જે આગળ વધી ગયેલી દુનિયા હશે-ગ્રહો વગેરેમાં, ત્યાં આગળ એની ઈકૉનૉમી-(અર્થતંત્ર).

**શ્રીમોટા :** ત્યાં એવું છે કે દરેક સ્થળ પર ઈકૉનૉમી જુદી જુદી. જેમ પાંચ તત્ત્વનાં શરીરધારી છે, એમ ચાર તત્ત્વનાં, ત્રણ તત્ત્વનાં અને બે તત્ત્વનાં શરીરધારી પણ હોય છે. પછી પર્મ્યુટેશન-કૉમ્બીનેશન-(અંકપાશ) થાય. એમાં અસંખ્ય પ્રકારના જીવો છે. જેવા પ્રકારની સૃષ્ટિ, એવા પ્રકારની ઈકૉનૉમી. બીજા ગ્રહો પૃથ્વી જેવા હોય પણ એનું બંધારણ જુદું. આપણી સૂર્યમાળાના ગ્રહોમાં દરેકનું વાતાવરણ, દરેક ગરમી અને બધું જુદું જુદું. તેવી રીતે પૃથ્વી પર દેહધારી મનુષ્ય હોય, પણ એનું વાતાવરણ જુદા પ્રકારનું. એ રીતે એની ઈકૉનૉમી જુદા પ્રકારની. કોઈ બહુ ઠંડા હોય, જેમ આપણે ત્યાં ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ છે. વળી, પૃથ્વી જેવા બીજા ગ્રહમાં રહેનારા માણસો છે, એ જુદા જ પ્રકારના. એ પૃથ્વીના મધ્યભાગમાં કે બીજે ઠેકાણે રહેનારા માણસો સાથે સરખાવી નહિ શકાય. એમની ઈકૉનૉમી જુદા પ્રકારની. આપણી પૃથ્વી જેવી બીજી પૃથ્વીઓ છે. ત્યાંના જીવો પાંચ તત્ત્વોવાળાં હોય, પણ એમનું શરીર, રહેણીકરણી જુદા પ્રકારની. આપણા જેવું શરીર દેખાય, પણ જુદા પ્રકારનું.

આપણી પૃથ્વી પરના જીવનનો દાખલો લઈએ. ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવના લોકોના જેવું આપણું જીવન નથી. એવાં પાંચ તત્ત્વોવાળાં શરીર છે. ત્યાં ખાવુંપીવું વગેરે છે, પણ જ્યારે ત્રણ તત્ત્વોવાળાં શરીર થાય ત્યારે ખાવાપીવાની જરૂર નહિ. માણસને વિકાસ કરતાં કરતાં એક કાળ એવો આવે કે જળ અને પૃથ્વીતત્ત્વ હોવા છતાં એ ઓછાં થાય. શરીર રહે, પણ એનો પ્રકાર બદલાય. શરીર હાલ દેખાય છે,

એનું હલન ચલન છે, રીતભાત છે, વર્તણૂક છે, એમાં જળ અને પૃથ્વીતત્ત્વ મોટો ભાગ ભજવે છે. ખાવાપીવા જોઈએ છે. એટલે મોટા ભાગની પ્રવૃત્તિ છે. રળવું પણ પડે. એને લીધે ઈકૉનૉમી છે. જ્યારે જળ અને પૃથ્વીતત્ત્વ ઓછાં થાય ત્યારે એનાં શરીર તથા શરીરની ડિમાન્ડ-(માગણી) જુદા પ્રકારની થઈ જાય. ઊંઘ પણ નહિ.

દેવયોનિમાં કે પ્રેતયોનિમાં ખાવાનું કંઈ નહિ. એટલે એમના એ શરીરને ડિમાન્ડ જ નથી. જળચરયોનિ, પશુયોનિ, પંખીયોનિ એ બધાંમાં છે.

જળ અને પૃથ્વીતત્ત્વના જીવોમાં જે પ્રાણતત્ત્વ છે, એ જળ અને પૃથ્વીતત્ત્વ ન હોય ત્યારે જુદા પ્રકારનું.

**સ્વજન :** મોટા, આ પ્રોસેસ ઑફ આસ્સીમિલેશન-(સમાવેશની પ્રક્રિયા) આપે વાગોળવાનું કહ્યું-એમાં રીઝનિંગ-(વાદવિવાદ) હશે ?

**શ્રીમોટા :** રીઝનિંગ રહે ખરું. જળ અને પૃથ્વીતત્ત્વ હોય ત્યારે જે બુદ્ધિ હોય છે, એના કરતાં સૂક્ષ્મ શરીર થાય ત્યારે બુદ્ધિ જુદી. ત્યારે વાગોળવાની પ્રોસેસ જુદી છે. એ પ્રોસેસને આપણી ભાષામાં વર્ણવી નહિ શકાય. માત્ર અનુભવી શકાય.

**સ્વજન :** એટલે લેંગવેજ ઈઝ નૉટ ઍપ્ટ મિડિયમ !

**શ્રીમોટા :** ત્યાં લેંગવેજ-(ભાષા) જ નથી. હાલ જે વિચારની પ્રોસેસ છે તેવી એમાં નથી. વિચારવાની પદ્ધતિ જ જુદા પ્રકારની છે.

તા. ૧૩-૩-૧૯૭૫

❑

# (૧૨) ભાવનાનો વિકાસ

**શ્રીમોટા :** આપણને ખબર નથી પડતી કે આ બધાં અણગમા, તિરસ્કાર, ઈર્ષ્યા-અસૂયા આપણા જીવનને રૂંધનારાં છે. લોકો તો એમાં રાચે છે. આપણા પોતાના વિકાસ માટે આ બધું ડંખવું જોઈએ. આ અવગુણો નુકસાન કરે છે. આવા અવગુણો ડંખે તો જવાની શક્યતા છે. એ જીવનને રૂંધે છે, કેમ કે એ નિમ્ન દશામાં સાંકડી મર્યાદામાં રોકી રાખે છે.

**સ્વજન :** આમ, ટોળટપ્પે બધાં ચડી ગયાં હોય ત્યારે આપણી જાત બધાંને સારી લાગે. ગુજરાતી, ગુજરાતીઓનાં વખાણ કરે. મહારાષ્ટ્રીયન, મહારાષ્ટ્રીયનનાં વખાણ કરે. એમાં બીજાં તરફ ભાવ ઓછોને ?

**શ્રીમોટા :** આપણે તો બધા લોકો તરફ ભાવ રાખવો. માત્ર દેશના જ લોકો માટે નહિ, પણ પૃથ્વીના બધા જ દેશના લોકો માટે ભાવ રાખવો. આપણા જીવનનો વિકાસ થાય છે એનું પ્રત્યક્ષ લક્ષણ આ જ છે. અદેખાઈ, ઈર્ષ્યા, અણગમો મોળાં પડતાં જાય ત્યારે જાણવું કે આપણી ભાવના વિકસિત થઈ રહી છે.

**સ્વજન :** બધાં તરફ પ્રેમભાવ જાગે એ સંપૂર્ણ સ્ટેજને?

**શ્રીમોટા :** ભાવનાનો સંપૂર્ણ વિકાસ થઈ જાય એટલે બધાં માટે સદ્‌ભાવ જ જાગે. પ્રેમનાં અનેક પાસાં છે. પ્રેમથી ગુસ્સો થાય, પણ એના તરફના પ્રેમને અંગે. પ્રેમ તો બધું સારું માગે છે. જેના તરફ આપણે પ્રેમ કરીએ એ ઉત્તમમાં ઉત્તમ હોય તે પ્રેમની અપેક્ષા હોય છે. એ ત્યાગ, તપશ્ચર્યા અને સદ્‌ભાવ માગે છે. જેના પ્રત્યે પ્રેમ હોય એનામાં આ આવે એવી આપણી અભિલાષા હોય છે. એમાં બહુ ટૂંકું પડે ત્યારે કદીક આપણે ગુસ્સે થઈએ છીએ, પણ ગુસ્સાનું પ્રમાણ ઘણું ઓછું.

તા. ૧૩-૩-૧૯૭૫

❑

# (૧૩) સૂફી, ફકીર અને પીર

**સ્વજન :** (ડૉ. કાંતાબહેન) મોટા, સૂફી અને ફકીરમાં શો ફેર ?

**શ્રીમોટા :** સૂફી એટલે માત્ર ભગવાનને જ માનનાર. ભગવાન એ જ મુખ્ય. બીજા જીવો કોઈ દેવ જ નહિ, મુસલમાનમાં શું કહેતા હશે તે આપણને ખબર નહિ. બીજા દેવોના અસ્તિત્વ વિશે માનતા હશે કે કેમ તે ખબર નહિ, પણ સૂફી તો માત્ર ભગવાનને પોતાના પતિ તરીકે, પત્ની તરીકે ભજે છે.

ઘણાખરા સૂફી તો ભગવાનને પોતાની પત્ની તરીકે જ સ્વીકારે છે, પણ તે આપણા જેવા માટેનો માર્ગ નથી, અનુભવ થયા કેડેનો એ માર્ગ છે.

દિલ્હીમાં મોટી કબર છે. અજમેરમાં છે. તે સૂફી લોકોની છે. આપણા સાધુઓ નથી હોતા ? તે ફકીર આપણા સમાજમાં સામાન્ય સાધુઓ જેમ રખડ્યા કરતા હોય છે. તેમનામાં કંઈ જ્ઞાન હોતું નથી. તેવી રીતે ફકીર લોકોમાં પણ એમ જ છે.

**સ્વજન :** (જ્યોતિબહેન) પીર એટલે શું ?

**શ્રીમોટા :** પીર એવા નહિ હોં ! એ સારી દશાવાળા. ફકીર કરતાં, ઓલિયા કરતાં, પીર ચડી જાય. પીરમાં દેવત્વ વિશેષ.

**સ્વજન :** ઘણા લોકો પીર પાસે જાય છે. પડીકી લઈ આવે છે....

**શ્રીમોટા :** એ તો અમસ્તું જ. જે અસલ પીરની વાત કરીએ છીએ તેવા નહિ. આપણા લોકો આપણા બધા સાધુ પાસેથી નથી લાવતા ?

સૂફી તો હંમેશાં પ્રેમના વાતાવરણમાં જ રહે. દુનિયાની સાથે એમનો કોઈ સંબંધ હોય જ નહિ. આ બધાં દર્શન કરવાં, મળવા આવે ખરા, પણ એમનું ધ્યાન એમાં નહિ. ભગવાનમાં જ તેમનું ધ્યાન.

એ કરતાં ઓલિયા ચડે, કારણ કે એ કોઈ જાતની બાઉન્ડરી-(સીમા) સ્વીકારતા નથી. હિંદુ, મુસલમાન, પારસી, જૈન એવી કોઈ બાઉન્ડરી સ્વીકારતા નથી. બધા જ ખુદાના માણસો છે, એમ સમજે છે. આ હિંદુ, મુસલમાન-એવું કશું સમજતા નથી. પીરમાં એવું થોડું ઘણું હોય છે. થોડી નૅરોનેસ-(સંકુચિતતા) રહે છે. ઓલિયામાં નહિ.

**સ્વજન :** પર્શિયામાં આ ડેવલપ-(વિકાસ) નહિ થયેલુંને ?

**શ્રીમોટા :** ઈરાનમાં-હિંદુસ્તાનમાં-સિંધમાં વિશેષ. લગભગ ચારપાંચ છે. આ બધા મુસલમાનોના પીર છે. ફકીર છે. આ બધાની સાથે હું સંબંધમાં આવેલો. સિંધમાં સિંધિયાનો બંગલો હતો ત્યાં બધા રહેતા. એ દરિયાની સામે બહુ ઊંચી ટેકરી હતી. ત્યાં આગળ મુસલમાનોનું મંદિર. દર શુક્રવારે રાતે બાર વાગ્યે ત્યાં બધા સંતો મળે અને ભજન કરે. ત્યાં કોઈને જવા ના દે. મેં એવું સાંભળ્યું કે ત્યાં નથી જવા દેતા. મેં તો કહ્યું, ‘બસ, આપણે જવું. ત્યાં કેમ ના જવા દે ? આપણે કોઈ બીજો હેતુ નથી. એમનાં ભજન સાંભળવાં છે.’ હું તો રાતે સાડા અગિયાર વાગ્યે નાહી ધોઈને ગયો. બાર વાગ્યાથી તેમનાં ભજન શરૂ થાય. દરવાજા ઉપર તેમના માણસે મને રોક્યો. મેં કહ્યું, ‘તુમ રોકનેવાલે કૌન ? મુઝે ખુદાકા હુક્મ હૈ.’ એ તો બોલ્યો નહિ. હું તો જઈને બેસી રહ્યો. ભજન ચાલ્યા. બહુ

સુંદર-એકએકથી ચડિયાતાં. કેટલાંક આપણને સમજાય નહિ. કેટલાંક પર્શિયન ભાષામાં હોય, કેટલાંક અરેબિયન ભાષામાં હોય, કેટલાંક ઉર્દૂમાં હોય. ઉર્દૂનાં હોય તે આપણને થોડાં સમજાય અને હિંદીનાં તો ભાગ્યે જ હોય. એટલે પછી દરેકમાંથી મત લેવાય, કે કોણ મોટો ? કોણે સારું ગાયું ? એમાં જો મત સરખા આવે-અ અને બ મોટા-તો બેની ફરીથી હરીફાઈ થાય. અને બેમાંથી જે જીતે એ તે દિવસનો મોટો માણસ.

**સ્વજન :** મોટા, કવાલી વધારે ગવાય ?

**શ્રીમોટા :** કવાલી ગવાય ખરી, પણ તે સિવાય તેમનામાં રાગો છે ખરા. આપણા સંગીતશાસ્ત્રના કેટલાક રાગો છે. આપણે મુસલમાનો પાસેથી શીખેલાં છીએ. ઘણા રાગો એમની પાસે છે. અને હવે તો આપણા રાગો પણ એમનામાં ભળેલા છે.

**સ્વજન :** ફિરદોશીએ ભગવાન ઉપર ઘણી કપ્લિટ્સ-(કડીઓ) લખેલી છે.

**શ્રીમોટા :** ફિરદોશી જાણીતો મહાન માણસ છે. આ જે મુસલમાન લોકો હતા. હિંદુસ્તાનમાં રાજ્ય કરવા આવેલા. શરૂઆતમાં જીતવા લાગ્યા, તો તે લોકોએ જોયું કે હિંદુસ્તાનના લોકો ધર્મિષ્ઠ વધારે છે. આપણા આવા પીર લોકો છે, તેમને આ દેશમાં વસાવો, તો આપણે વધારે સફળ થઈશું. એટલે એ લોકોને લાવેલા. પછી આપણા લોકો હિંદુ-મુસલમાનમાં તફાવત જુએ નહિ. એમનામાં પરમાત્માપણું જુએ. એટલે એવા લોકો હતા જે તેમને પણ માનતા અને એમાંના કેટલાક પૉલિટિશિઅન-(રાજનૈતિક) હતા. કેટલાક તે આવી રીતે મુસલમાન બનાવવામાં મદદ કરતા અને કેટલાક બહુ ઊંચી જાતના હતા. તેમણે કંઈ

કર્યું ન હતું. અજમેરના પીર છે. તેને કંઈ એવી પડી ન હતી. અને દિલ્હી પાસે કોઈ છે, તેનું નામ ભૂલી ગયો છું. ત્યાં દર વર્ષે મેળો ભરાય છે. હિંદુઓ પણ મેળામાં જાય છે. એની માનતાઓ માને છે. આ આપણા લોકોની એક મૂર્ખામી છે. તમારા આટલા બધા દેવદેવીઓ છે. મંદિરો છે, ત્યાં તમે બાધા રાખોને ! દર વર્ષે આપણી વસ્તી ઓછી થતી જાય છે. તેમ છતાં આપણે હિંદુ તરીકે જીવીશું.

હાઈસ્કૂલમાં હું ભણતો ત્યારે દીવાન સાહેબને ત્યાં હું રહેતો. ત્યારે દીવાન સાહેબના ઘરમાં દીવાન સાહેબના ભાઈ રહેતા. પછી દીવાન સાહેબના દીકરાનાં વહુ રહેતાં. બીજાં છોકરાં હતાં. તે તો ભણવા જાય. એકલાં બા હતાં. તે કાળમાં મૌલાબક્ષ કરીને એક સંગીતકારને મહારાજ સાહેબ લાવેલા. ત્યાં આપણા રાજ્યમાં સંગીતનું કોઈ ઠેકાણું ન હતું. એટલે બધાં સંગીત જાણે તો સારું એવી મહારાજ સાહેબની ઇચ્છા. આ ભાવના બહુ ઉત્તમ કહેવાય. જ્યારે કોઈને એવો ખ્યાલ ન હતો ત્યારે એમને ખ્યાલ આવેલો. અને એ એને લઈ આવેલા. બધે નિશાળો પણ ગોઠવેલી. આ દીવાન એમની પાસે સંગીત શીખતા. રાગ પણ ઉત્તમ અને પદ્ધતિસર શીખેલા. તે રોજ રાતે નવ-સાડાનવ થઈ જાય, તે હું બેઠો બેઠો એમના પગ દાબું અને એ પોતે સંગીત ગાય. ભજનો ગાય, એટલે મને એટલો બધો આનંદ પડે.

તા. ૭-૧૦-૧૯૭૪

❑

# (૧૪) ગ્રહોની અસર

**શ્રીમોટા :** સૂર્યની અસર વ્યક્ત એવી રીતે થઈ છે કે તેને કલ્પી શકાય છે. ચંદ્રની અસર એવી રીતે થયા કરે છે. શરીરથી, મનથી, બુદ્ધિથી, બધી રીતે આપણે કલ્પી શકીએ છીએ. જ્યારે બીજા ગ્રહો છે, શનિ છે, શુક્ર છે, ગુરુ છે, મંગળ છે, બુધ છે, સોમ, ચંદ્ર અંદર આવી ગયા. આ બધા ગ્રહો છે. ચંદ્રની અસર આપણા પર છે. આપણી અસર એના પર છે, અને રવિ અને ચંદ્રની અસર આપણા પર દેખાય છે. આપણને સ્પષ્ટ સ્પર્શી શકે છે. વનસ્પતિ પર છે. એની અસર બીજાં અનેક પ્રાણી પર છે. સૂર્ય અને ચંદ્રની બીજાં અનેક તત્ત્વ પર છે. આપણા ડેવલપમેન્ટમાં-(વિકાસમાં) પણ ભાગ ભજવે છે.

કેટલાક જણ કહે છે કે ચંદ્ર સૂર્યથી છૂટો પડીને થયો. ભલે એ વાત સાચી હોય તોપણ એ ચંદ્રની અસર પૃથ્વી પર છે. આ ભરતી ઓટ થયા કરે છે. એ ચંદ્રને લીધે જ છે. ના પાડી શકાય એમ છે જ નહિ. તેવી રીતે વનસ્પતિ પર એની અસર છે. જો રવિ ના હોય તો પૃથ્વી ટકે જ નહિ. પૃથ્વીના બધા જ માણસો મરી જાય. ચંદ્ર ના હોય તોપણ ના ટકે. જ્યારે શનિ છે, શુક્ર છે, બુધ છે, ગુરુ છે, મંગળ છે, તેની અસર આપણે બિલકુલ જાણી શકતાં નથી. તેનો અર્થ એ નથી કે તેની અસર નથી. એની અસર પૃથ્વી પર છે, પણ એ અસરથી જે થાય તે બધાં શાસ્ત્ર માન્ય કરે કે ગ્રહોની અસરથી આવું જ થવાનું. શનિની દશા બેઠી તો આમ થશે. તમે જપ તપ અને બધું કરાવો. એમના જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે એ ઓછું થઈ શકે છે, એ સાબિત થાય છે. પ્રત્યેક ગ્રહોની અસર આપણા

પર થતી હોય તો આવા જપ તપ બ્રાહ્મણો પાસે કરાવ્યા કરતાં આપણે પોતે એટલો કાળ વધારેમાં વધારે જેટલું ભગવાનનું સ્મરણ થાય તે ઉત્તમમાં ઉત્તમ છે. એ કોઈ નહિ કરે. જાતે મહેનત કોણ કરે અત્યારે ? પૈસા આપી દીધા એટલે પેલાએ કહી દીધું કે 'જા, અમે કરીશું.' એમાંથી મુક્ત ના થાય અને પૈસા જાય. આમ બે વસ્તુ થાય છે, પણ આજે કોઈને કહીએ તો કોઈ માને નહિ. **'જાતે મર્યા વિના સ્વર્ગે જવાય નહિ.'** એમ આપણે બોલીએ છીએ ખરાં, પણ આચરણમાં કોઈ નહિ મૂકે. એવી રીતે શનિની અસર આપણે જાણતાં નથી. આપણને તો આવડે નહિ. અજાણ્યા રહેવું સારું. અને અધકચરું જાણવું એ મૃત્યુ છે. 'મૃત્યુ નહિ પણ મૃત્યુ સમાન છે. એમાં ને એમાં બધાં અડધી સમજણમાં મરીએ. જે જાણ્યું તેનો ઉકેલ એવી યોગ્ય રીતે કરવો, કે જેનું યોગ્ય રીતે જ થાય.' બ્રાહ્મણો જપ તપ એ રીતે જ કરે. કંઈ કશું ન વળે અને એ કર્યા કે ન કર્યા એની શી ખબર ? આ કાળે એણે કર્યા કે નહિ કર્યા, તે મંદિરમાં બેસીને આટલા-પાંચ સાત શબ્દો બોલે. આ કર્યું, તે કર્યું. મારો આટલો સમય જશે. આટલો ખર્ચ થશે. આપણે કંઈ જાણીએ નહિ, એટલે હા એ હા કરીએ. રામ તારી માયા ! હજુ આપણે જાતે બેસીને કરીએ. એની અસર હોય. એ દૂર કરવાને માટે આપણે ભગવાનની પ્રાર્થના કરીએ, એના જપ કરીએ તે આપણે માટે ઉત્તમ છે અને વધારે અસરકારક છે, બ્રાહ્મણ પાસે કરાવીએ તેના કરતાં આપણે જાતે કરીએ તે વધારે-હજારગણા અસરકારક છે, પણ આપણે માનીએ નહિ.

ગ્રહોની અસર છે. એનાથી આપણે બધાં ગભરાઈએ છીએ, પણ એ ગ્રહો તેવા પ્રકારના નથી. આપણે ગભરાવું જોઈએ નહિ. ગભરાઈ જવાની જરૂર નથી. સારા ખોટા માણસોની એકબીજાની અસર છે. હવે ખોટો હોય તો ખોટાનો ભાગ ભજવે છે. સારો હોય તો સારાનો ભાગ ભજવે છે. ગ્રહો ઘણા બધા છે. એની અસર છે. પૃથ્વી પર છે. માણસો પર છે. આખા બ્રહ્માંડમાં અનંત તારાઓ, અનંત સૂર્યો છે. એક સૂર્ય નથી. કેટલાય સૂર્યો છે. અને જે છે, તેનાથી જબરજસ્ત મોટા છે. એ બધાની અસર આપણા પર છે. એનો સીધો સાદો ઉપાય એ કે આપણે સત્સંગ કરો ભાઈ, ભગવાનનું સ્મરણ કરો. એમ કરતાં કરતાં બધું સારું થશે. ભગવાનનું સ્મરણ ગમે તેવી ખરાબમાં ખરાબ અસરોને દૂર કરે છે.

તા. ૭-૧૦-૧૯૭૪

**સ્વજન :** મોટા, આ ગ્રહોનાં નંગ પહેરવાથી નુકસાન થાય કે સારું થાય તેવું કંઈ ખરું ?

**શ્રીમોટા :** નુકસાન તો બિલકુલ ના થાય. એટલે એ ડીપેન્ડ્સ-આપણા આખા શરીરના બંધારણનો આધાર કયા કયા ગ્રહો સાથે મળતો છે, એટલે એને બીજી રીતે જાણી શકાય નહિ. માત્ર જન્મ થયો હોય તે કાળ જે બરાબર નોંધેલો હોય એટલે તે કાળે કયો ગ્રહ છે, કયા ગ્રહનું પૃથ્વી પર મહત્ત્વ છે. શનિ હોય તો શનિ સામે થાય. શનિની દશા આપણે કહીએ છીએ અથવા લોકો માને છે એવી બીજી બધી અસર હોતી નથી. આપણે દુનિયામાં છીએ, વહેવારમાં છીએ. એકબીજા માણસોની અસર એકબીજા પર પડે છે. થોડીઘણી-વત્તીઓછી.

જેટલા સંપર્કમાં, પાસેમાં પાસે એટલી વધારે પડે. આઘે ને આઘે હોય તો તેને ઓછી પડે, પણ અસર પડે છે, એ સંસાર વહેવારમાં આપણે જોઈએ છીએ. તેમ છતાં એનાથી આગળ જો વાત લઈ જઈએ. ઇંગ્લૅંડ અને હિંદુસ્તાન આઘા ઘણા, પણ એકબીજાની અસર છે. અમેરિકાની અને હિંદુસ્તાનની પણ અસર છે, કારણ કે કેટલાય લેખકો, કેટલાય સાયન્ટિસ્ટો-(વૈજ્ઞાનિકો), કેટલાય આર્કિટેકો-(મકાનના શિલ્પી) જુદી જુદી જાતના માણસો છે-તેમની અસર આપણા પર છે. અને આપણી અસર તેમના પર છે. એ માનવામાં આવે છે. તે ઉપરાંત, આપણે વિચારીએ છીએ કે અહીંથી જે સૂર્ય છે, આપણાથી ઘણો દૂર. એ સૂર્યની અસર આપણા પર છે. અને આપણી પૃથ્વી, ભલે નાનકડી હોય તોપણ પૃથ્વીની અસર સૂર્ય પર છે. ચંદ્રની અસર પૃથ્વી પર છે. એમ જે માનવા જેવી વસ્તુ છે. એમાં કોઈ ડીનાય-(નકાર) કરી શકે નહિ, તેવી હકીકત છે, એવી જ રીતે બધા ગ્રહો છે. સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ એ બધાની અસર પૃથ્વી પર છે. આપણી પૃથ્વીની અસર તેમની પર છે. અસર હોય તો અસરનું પરિણામ પણ ખરુંને ? તે પણ માની જ લેવું પડે.

તા. ૯-૧૦-૧૯૭૪

❑

# (૧૫) શ્રાદ્ધ

**સ્વજન :** (જ્યોતિબહેન) મોટા, શ્રાદ્ધમાં વાસ નાખવાની પ્રથા પડી છે, તે શું છે ? ફરી જન્મ લઈ લીધો હોય એને ખાવાનું મળે ?

**શ્રીમોટા :** મૂળ અર્થ એ કે આપણે આપણા બાપદાદાને એમ ને એમ તો યાદ કરતાં નથી. એક દિવસ નક્કી કર્યો છે. એટલે આ દિવસે એમનું મરણ થયેલું. આ બધા દિવસો તો શ્રાદ્ધના દિવસો હતા. આ દિવસે મારાં મા, મારા પિતા, મારાં માસી, મારાં કાકી, મારા ભાઈ, એ જેમનાં મરણ થયેલાં તે તેમના દિવસો છે. એમના ભલાને માટે આ દિવસે શું કરવું ? એમના ભલાને માટે તો ઉત્તમમાં ઉત્તમ પ્રાર્થના. એટલે બેસીને જેટલો વખત થાય તેટલો વખત પ્રાર્થના કરો, જપ કરો અને દાન કરો, પરમાર્થ કરો, કારણ કે આ જે બીજું બધું થાય છે, તે ઉપરચોંટિયું છે. એનો કંઈ અર્થ નથી.

ખરેખર તો આપણે આપણી જાતે પ્રાર્થના કરીએ, જપ કરીએ, તપ કરીએ, સ્મરણ કરીએ, જેટલું થાય તેટલું કરીએ. એને માટે ભગવાનને પ્રાર્થના કરીએ. એની સદ્‌ગતિ કરજે, સદ્‌બુદ્ધિ આપજે. એનું કલ્યાણ કરજે. એને શાંતિ આપજે, એમ પ્રાર્થના કરીએ અને બને તો આપણાથી શક્ય બને એ મુજબ એવું કંઈક યોગ્ય પ્રકારનું દાન કરીએ. દાન પણ આ કાળના અર્થ પ્રમાણે કરવું જોઈએ કે જેથી પ્રજા બેઠી થાય. ચીલેચલુ દાન કરો-મંદિરમાં આપો કે ધર્મશાળામાં આપો કે દવાખાનામાં આપો-આ બધાં ઘણાં સારાં કામ છે. તમે ના કહેશો તોપણ થયાં કરવાનાં છે. એ કામ એવું છે કે કદી બંધ

રહેવાનું નથી. એ તો ચાલ્યા જ કરશે. એના કરતાં મૌલિક કામ કરો. જેથી કરીને નવો ચીલો પડે. ના થાય તો કંઈ વાંધો નહિ, પણ આટલું તો કરો. પ્રાર્થના કરો, સ્મરણ કરો. એમના ગુણ સંભારો, એમના વિશેની વાત કરો. એણે કરેલાં સારાં કાર્યો યાદ કરો. જેથી એની સ્મૃતિ આપણાં છોકરાંઓમાં પણ જળવાઈ રહે. એવું કરીએ તે વધારે સારું.

આપણે બીજું બધું કરીએ છીએ તે અર્થ વિનાનું છે. કાગડાને વાસ નાખીએ છીએ તે રીતે એ બધું પહોંચે છે, એ વાત ખોટી છે. મતલબ કે આપણે એ અર્થ કરવાનો કે પ્રાણીમાત્ર સાથે આપણે પ્રેમ રાખવાનો છે. અમારે નડિયાદમાં આવી રીતે ખાવાનું નાખીએ એટલે કાગડાઓ ખાવા આવે. કાગડાઓ બહુ જબરા ! બીજાં પક્ષીઓને ખાવા ન દે. ચાંચ મારે. પણ એ બધા એટલા નિયમિત કે આપણે દસ પંદર મિનિટ મોડા પડીએ તોપણ એ ટેવ પ્રમાણે પહેલેથી આવી જાય.

પોંડિચેરીમાં માતાજીના હાથમાંથી કાગડો રોજ ખોરાક લઈ જતો હતો. તે દૃશ્ય જોઈને તો લોકો મુગ્ધ થઈ ગયેલા. કેટલો બધો મોટો ચમત્કાર ! એમાં ચમત્કાર કંઈ નથી. આજે આપણે ટેવ પાડીએ તો વીસ પચીસ દિવસમાં કાગડો તમારા હાથમાંથી લઈ જાય. તેમાં કશી વિશેષતા કંઈ નથી, પણ અત્યારે લોકોની માન્યતા એ પ્રકારની એટલે પણ લોકો એવું માન્યા કરે. એમાં કંઈ વિશેષતા નથી.

શ્રાદ્ધના દિવસે કાગડો બાગડો ન આવ્યો તો લોકો કકળાટ કરી મૂકે કે પિતૃઓ આપણા પર રિસાયા છે. એવું કંઈ નથી. ભગવાનનું પાંચ વાર નામ લે, રકાબીમાં કે કંઈ વાસણમાં

આપી નાના છોકરાને કહે કે 'જા, અલ્યા, વાસ નાખી આવ. મનમાં ભગવાનનું નામ લેજે.' પાછા કાગડા આવે. ત્યારે ધરપત થાય. કાગડા ના આવે ત્યાં સુધી ધરપત ના થાય. બિલકુલ ધરપત ના થાય.

કાગડાઓને અને પિતૃઓને કોઈ સંબંધ નથી. મહાભારતમાં કાગઋષિની વાત કરી છે, પણ એ આ કાગડા નથી. એ તો નામરૂપે માણસ થઈ ગયા. એ કંઈ કાગડા નથી. એ જાતના રંગવાળા કાળા માણસ હતા.

તા. ૭-૧૦-૧૯૭૪

❑

# (૧૬) મુહૂર્ત અને રાશિ

**સ્વજન :** (જ્યોતિબહેન) મોટા, આપણે ત્યાં અમુક પ્રસંગોએ મુહૂર્ત કઢાવાય છે. એમાં કેટલું તથ્ય છે ?

**શ્રીમોટા :** મારો પોતાનો અભિપ્રાય પૂછવા જાઓ તો મને એ બરાબર લાગ્યું નથી. આમ છતાં આખો 'સબજૅક્ટ'-(વિષય) લઈને જો વિચાર કરીએ તો એમાં કશુંક રહસ્ય તો હશે !

જેમ પ્રાતઃકાળ લઈએ, બપોર લઈએ, સાંજ લઈએ, દિવસના ત્રણેય ભાગ છે. સવારના પહોરમાં આપણું મન 'રિલેટિવલી'-(સાપેક્ષ રીતે) વધારે પ્રસન્ન રહે છે. જ્યારે બપોરે તથા સાંજે એટલું પ્રસન્ન રહેતું નથી. આમ, કાળ પ્રમાણે આપણા મનની સ્થિતિ રહે છે. આવું જ ઋતુને કારણે પણ છે. વસંતઋતુ હોય, ફૂલો ખીલ્યાં હોય, એમાં સામાન્ય રીતે આપણું મન-સામાન્ય જનસમાજનું મન પણ-આનંદમાં રહી શકે છે. બીજું આપણે એકબીજાની અસરથી સારા 'મૂડમાં' -(મિજાજમાં) આવીએ તોપણ આનંદમાં રહીએ છીએ. સારા સમાચાર સાંભળીએ તોપણ આનંદ પામીએ છીએ. આવાં કેટલાંક કારણો છે કે જેનાથી આપણને પ્રસન્નતા ઊપજી શકે. ત્યારે આવાં કારણો અમુક અમુક મુહૂર્તમાં પ્રગટે છે.

આપણે જે રાશિમાં જન્મ્યાં હોઈએ, આપણે જે બાર રાશિ કહીએ છીએ એ એટલી નહિ, પણ રાશિ સત્તાવીશ છે, એની અસર આપણા પર છે. એ અસર આપણા એકલા પર નથી, બધાં પર છે. ત્યારે ખાસ કરીને જે રાશિમાં જન્મ્યો હોય તેના પર વિશેષ. ત્યારે એક જ રાશિમાં જન્મે, કોઈ રાજકુમાર હોય તો બીજો ગરીબ હોય એમ બને છે. એક જ

રાશિમાં જન્મેલો હોય તો એવું શા માટે હોઈ શકે ? બીજા લોકો કે જ્યોતિષીઓ તો એમ કહે કે કર્મ પ્રમાણે એણે રાજા કે ગરીબ થવું પડ્યું, પણ મારી સમજણથી એવું કંઈ નથી. ત્યારે આનું કારણ શું ? અનેક જુદી જુદી 'કૅટેગરીઝ'-(કક્ષાઓ) ક્યારની પડી ચૂકી છે- આજની નથી-ક્યારનીય છે. સમાજમાં બ્રાહ્મણ, વાણિયા, ભંગી, ધારાળા, બારૈયા કે રજપૂત એવા જે જુદી જુદી જાતના વર્ગ પડ્યા-કે જ્ઞાતિના વર્ગ પડ્યા છે. આપણે હાલમાં પાડ્યા નથી. ત્યારે જે વર્ગમાં જે પરિસ્થિતિમાં-જે સંજોગોમાં જે જીવ જન્મ્યો, તે સંજોગ પ્રમાણે તેનું વાતાવરણ હોય. રાશિ એક જ, પણ રાજાને ત્યાં જન્મ્યો એટલે તે વાતાવરણ. બીજો ભંગીને કે વાઘરીને ઘેર કે બીજા કોઈને ત્યાં જન્મ્યો એટલે એને તે વાતાવરણ લાગે. એ વાતાવરણમાં ફેરફાર થાય-થોડો ઘણો-કોઈ એમાંથી ઊંચે પણ આવી શકે. ઊંચે ના આવી શકે એવું કંઈ નહિ, પણ રાશિને લીધે ઊંચે આવે છે એવું નથી. 'ઍફર્ટ'ને-(પ્રયત્નને) લીધે ઊંચે આવે છે. રાશિને લીધે બધું થાય છે-સારું ખોટું-ઊંચે નીચે-લક્ષ્મી મળી, ગરીબ રહ્યા, તે રાશિને લીધે થાય છે એવું જ નથી. રાશિની અસર છે ખરી પણ એકલી રાશિની જ નહિ, પણ આ પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, શુક્ર, શનિ, ગુરુ, બુધ, મંગળ, સોમ બધાંની આપણા પર અસર છે અને આપણી એમના પર છે. દા.ત., મારો જન્મ શનિવારે થયેલો. શનિવારને દિવસે મને કંઈ ને કંઈ જુદી અસર થાય. આપણને એટલું ઝીણવટથી તપાસવાનો વખત નથી, પણ એનો અર્થ એવો નથી કે એને લીધે જ-રાશિને લીધે જ મને થાય છે ! જે નક્ષત્રમાં જન્મ્યા હોઈએ

એને લીધે જ થાય છે તેવું નથી. આ બધું માનવું એ અતિશયોક્તિ ભરેલી વાત છે. આ જ્યોતિષીઓએ કે આ વિદ્વાન લોકોએ, આ બ્રાહ્મણ લોકોએ આપણા પર ઠઠારી દીધું છે. તેથી તે આપણે એ બધું માનતાં થઈ ગયા છીએ. ખરી રીતે તો આપણા પોતાના પર બધો આધાર હોય છે. જેવું આપણું દિલ, જેવો આપણો પુરુષાર્થ, જેવો નિશ્ચય અડગ, જેવો ટેક, મક્કમતાભરી આપણી દાનત, એના પર આધાર છે. એમાં આપણી રાશિ ગમે તેટલી વિરુદ્ધ હોય તો આપણે ફગાવી દઈ શકીએ છીએ, કારણ કે આપણી અંદર ‘માંહ્યલો’ જીવતોજાગતો દેવતા છે, એ જ્યારે જીવતો થાય છે, અત્યારે એ જીવતો છે, પણ મરેલા જેવો જીવતો છે, પણ જ્યારે પ્રાણવાન, તેજવાન થાય છે, ત્યારે એ ગમે તે કરી શકે છે. ગમે તેવાં ભારેમાં ભારે કામો કરી શકે છે.

એક કાળે એમ કહેવાતું કે આલ્પ્સ પર્વત કોઈ ઓળંગી ન શકે. આપણે એમ કહેતાં હતાં કે હિમાલય તો અમારું રક્ષણ કરે છે. કોઈ પણ એમાંથી આવી ન શકે, પણ હિમાલય પરથી ચીના આવેલા. હિમાલય અજેય છે એમ હવે કોઈ નહિ કહી શકે. એટલે પુરુષાર્થથી જે વાત બની શકે છે, એ બીજા કશાથી નહિ બની શકે. આપણાં શાસ્ત્રોએ, આ જ્યોતિષ શાસ્ત્રોએ, વિદ્વાનોએ, આવી બધી વાતો કરીને સમાજને ભારે નુકસાન કર્યું છે. સમાજને લૂલો કરી નાખ્યો છે. આ મારી સમજણ આવી છે, હોં

એટલે એક રીતે તો આ રશિયાએ આ બધું તૂત ગણી કાઢી નંખાવ્યું છે, એ મને સારું લાગે છે. એ તો મહેનત કરીને

કરશે-પછી જે થવાનું હશે તે થશે. આ જેવું આપણું નસીબ, એમ કરીને આપણે ટૂંટિયું વાળીને બેસી રહ્યા, તે બરાબર નથી. આપણે ગમે તે કરવાને સર્જાયેલાં છીએ. ન થઈ શકે એવું પણ આપણે કરી શકીએ એમ છીએ. લોકોએ એવું કરી પણ બતાવ્યું છે. મહાત્મા ગાંધીએ સને ૧૯૧૯થી આવીને ૧૯૨૦ની સાલમાં સ્વરાજ્યની વાત કરી ત્યારે બધાં એમને ગાંડા કહેતા હતા. કેટલા બધા લોકો હસતા હતા. નેતાઓ પણ હસતા હતા. 'આ બધી વાત જવા દો, આ તો ગાંડપણ છે તમારું !' પછી ગમે તેવું સ્વરાજ્ય મળ્યું, એમાં આપણા લોકોની એવી ભૂમિકા. એમાં મહાત્મા ગાંધીનો દોષ નથી, દોષ આપણી પ્રજાનો છે. જેવી આપણી ભૂમિકા એવું આપણને મળ્યું. એટલે કે રાશિ કે ગ્રહની આપણા પર છેક અસર નથી એવું નથી, અસર છે, પણ એ અસર જ જે તે બધું કરાવે છે કે કરે છે, એ માન્યતા બરાબર નથી. આ વાતનો સાર આટલો.

તા. ૧૮-૧૦-૧૯૭૪

❑

# (૧૭) સંગ્રહ વૃત્તિ

**સ્વજન :** આપણે જે સંગ્રહ કરીએ છીએ એવું પહેલેથી જ 'હ્યુમન નેચર' (માનવ સ્વભાવ)માં હોય છે ?

**શ્રીમોટા :** ના, ના. હાલમાં સંગ્રહ કરવાની જે વૃત્તિ છે, એ મૂળમાં ન હતી. થોડી ઘણી હશે, પણ હાલમાં તો આખી દુનિયામાં એ વધી ગઈ છે. મૂળ આપણા પોતાના સ્વભાવમાં અથવા આત્મા ગણીએ-કે છોડી દઈએ-પણ આપણામાં જે ઉચ્ચ તત્ત્વ છે, એ ઉચ્ચ તત્ત્વના સ્વભાવમાં સંગ્રહ કરવાપણું નથી, પણ મહેનત પુરુષાર્થ કરવાપણું છે, મથવાપણું છે. પછી જે મળે એમાંથી આપણા ખપ પૂરતું રાખીને બાકીનું સમાજને આપવું, જેથી આપણને મળે. આપણી સવલતો વગેરે સચવાય, એટલું વાપરીને બાકીનું સમાજને રિટર્ન-(પરત) કરવું. અસલ તો આ જાતનો રિવાજ હતો.

ફરીથી આ ને આ સિદ્ધાંત પર આવવું પડશે. ત્યારે જ આખો સમાજ સુખી થશે. આજે નહિ તો કાલે, કાલે નહિ તો પરમ દિવસે, કે હજાર વર્ષ પછી એ રિવાજ પર આવવું પડશે. આપણી પાસે હોય તે રાખી, પ્રેમથી વાપરો. બાકીનું ઉમળકાથી બીજાને માટે ત્યાગ કરો. આ વાત આપણાં શાસ્ત્રોમાં-આપણા ધર્મમાં અસલથી છે, પણ આજે એ ભૂંસાઈ ગઈ છે.

**સ્વજન :** મોટા, તો સમાજબંધારણની જોડે પણ થોડો સંબંધ છે ?

**શ્રીમોટા :** હા, છે.

**સ્વજન :** અમેરિકામાં સોશિઅલ સિક્યૂરિટી-(સામાજિક સલામતી)ની પ્રથાઓ એવી છે કે આજે તમારી નોકરી છૂટી

જાય, તો તમારે ચિંતા કરવાની જરૂર નહિ.

**શ્રીમોટા :** કેમ ?

**સ્વજન :** કારણ કે સોશિઅલ ઇન્સ્યૂરન્સ-(સામાજિક વીમો) હોય. એમાંથી સપૉર્ટ-(ટેકો) મળ્યા કરે. આપણે ત્યાં એ વસ્તુ નથી. એટલે લોકો અમુક રીતે સંગ્રહ કરવા પ્રેરાય છે. અમુક હદ સુધી. પછી વધારે પડતો સંગ્રહ કરે તેની સાથે એને સંબંધ નથી.

**શ્રીમોટા :** એ પદ્ધતિ આપણા દેશમાં ન થાય ?

**સ્વજન :** થાયને ! એ આવવી જોઈએ, મોટા, હવે આપણે ત્યાં પ્રોવિડન્ટ ફંડ-(નિવૃત્તિ ભંડોળ), ગ્રેજ્યુઈટી-(નોકરી માટેની બક્ષિસ) ફંડ બધું થયું !

**શ્રીમોટા :** એ તો નોકરી હોય એને !

**સ્વજન :** બરાબર, પણ બાકીનાંને બધાંને નથી, પણ ધીમે ધીમે બધું થાય. અત્યારે તો આપણે અનઍમ્પ્લૉયમેન્ટ-(બેકારી)નો પ્રશ્ન હલ કરી શક્યાં નથી. આપણે સમાજમાં ઘણા મોટા ભાગના માણસોને ઍમ્પ્લૉયમેન્ટ આપી શકીએ તો આ સોશિઅલ સિક્યૂરિટીના ઇન્સ્યૂરન્સ-(સામાજિક સુરક્ષા વીમો) વગેરે દાખલ કરી શકાય. એકવાર એ દાખલ થઈ જાય, તો આ સંગ્રહ કરવાની વૃત્તિ ઓછી થાય.

**શ્રીમોટા :** હા, જરૂર ઓછી થાય, પણ બધાંને કામ કેવી રીતે આપવું તેને માટે ભૂમિકા-બૅકગ્રાઉંડ-તૈયાર કરવું પડશે.

**સ્વજન :** એ તો રાજતંત્ર અને સમાજ એ બેની વચ્ચે એક જાતની 'હાર્મની'-(સંવાદિતા) આવે તો-

**શ્રીમોટા :** તો નિકાલ થઈ જાય, પણ અત્યારે હાર્મની નથી. હવે આવ્યા વગર છૂટકો નહિ થાય.

હમણાં તો આ પૃથ્વી પરના બધા દેશો છે, ત્યાં રાજ્યવ્યવસ્થામાં સમાજ અને રાજ્યકર્તા વચ્ચે, એવા પ્રકારની હાર્મની આજે નથી.

**સ્વજન :** પણ જ્યાં છે ત્યાં વ્યવસ્થા વધારે સારી છે. પણ બધે નથી.

**શ્રીમોટા :** આ કૉમ્યુનિસ્ટોમાં પણ નથી.

**સ્વજન :** આ બધી પ્રથા જર્મનીમાં બહુ પહેલાં દાખલ થયેલી, હું ભણતો હતો ત્યારથી. રાજ્યવ્યવસ્થા અને પ્રજા વચ્ચે સંપર્ક ઘણો હતો. પછી લડાઈ થઈ. એમાં વધ્યો હશે કે કેમ?

**શ્રીમોટા :** મને લાગે છે કે વધ્યો હશે. પ્રજાએ યુદ્ધ વખતે ખાવાનું નથી વિચાર્યું, પૈસા માગવાનું નથી વિચાર્યું. એ લોકોએ આટલા કાળ લગી કામ કર્યા જ કર્યું છે. એનોય વિચાર નથી કર્યો. કઠણ કામ કર્યું છે સાહેબ. પોતાના દેશ માટે-પ્રજા માટે એ લોકોનો એવો ભાવ-પ્રેમ હોય તો જ એ બની શકે. નહિતર કેવી રીતે બની શકે ?

**સ્વજન :** લડાઈ પૂરી થયા પછી મારે જર્મની જવાનો પ્રસંગ મળેલ. ત્યારે પણ ત્યાંના મજૂરોએ, ત્યાંના ડાઈરેક્ટરોએ-(નિયામકોએ) ચૌદ ચૌદ-પંદર પંદર કલાક કામ કર્યું છે. રોજના એટલું સખત કામ કરતા હતા. પછી જ્યારે રીકન્સ્ટ્રક્શનનો પિરિયડ-(પુનર્નિર્માણનો સમય) હતો ત્યારે ત્યાં જે મારા સંબંધીઓ હતા એ કહેતા હતા કે અમે સવારે આઠ વાગ્યાથી બસ કામ, કામ ને કામ જ કર્યા કર્યું છે. બીજું કશું કર્યું નથી !

**શ્રીમોટા :** શાબાશ !

**સ્વજન :** જોકે હવે બદલાયું છે. થોડાક લીઝર્લી-(પ્રમાદી) થઈ ગયા છે.

તા. ૧૮-૧૦-૧૯૭૪

❑

# (૧૮) લગ્ન પ્રથા

**સ્વજન :** (સુરેશભાઈ) મેરેજ (લગ્ન) જેવી વસ્તુ હોવી જોઈએ કે ન હોવી જોઈએ ?

**શ્રીમોટા :** આપણે જ્યારે આદિ માનવ હતા, ત્યારે લગ્ન જેવી પ્રથા ન હતી. જેમ મન ફાવે તેમ બે જાણ ભેગાં થાય, અને બે જણ છૂટાં પણ થાય. ત્યારે બંને સ્વતંત્ર. આ તો જૂના વખતના કાળના ઈતિહાસની વાત કરું છું. પરસ્પર અવલંબન ખરું, પણ એ સ્વતંત્રપણાનું અવલંબન. એકબીજાના તાબેદાર નહિ. જો કોઈ કારણસર એકબીજાને અણબનાવ થયો કે ના બન્યું, તો એ ત્યાંથી ચાલી જાય. છોકરાંને લઈને ત્યાંથી ચાલી જાય. અને એને ફાવે તો બીજે ઠેકાણે પરણી પણ જાય. સ્વતંત્ર રહીને, પોતાની મજૂરી પર જીવન ગુજારે. પોતાની સ્વતંત્રતા ખોતી નહિ. આ સ્વતંત્રતા સ્ત્રીપુરુષ બંનેને, પણ કાળક્રમે આમાં અવ્યવસ્થા થવા લાગી. 'કાલ ઊઠીને મારી બૈરી કોઈકને ત્યાં જાય. કોઈની બૈરી હું લઈ જઉં. મારી બૈરી કોઈક લઈ જાય.' આ બધી અવ્યવસ્થા થવા લાગી. કેઑસ-(અંધાધૂંધી) થયો. એટલે ત્યારના વિચારકોએ વિચાર્યું કે આ બરોબર નહિ. આમાં કંઈક મૅથડ-(પદ્ધતિ) નક્કી થવી જોઈએ. એમાંથી આ લગ્નની પ્રથા ઊપજી.

ત્યાર પછી નક્કી કર્યું કે 'ભાઈ, પરણનારો બહાદુર તો હોવો જોઈએ, હિંમતવાળો, મર્દાનગીવાળો હોવો જોઈએ, કારણ કે જીવનમાં ભાર બધો એણે ઉપાડવાનો છે. એટલે અમુક બહાદુરીભર્યું કશુંક કામ કરે તેને વરવું, એવા માણસને

જે છોકરી પસંદ કરે તે એને હાર પહેરાવે. એટલે બંને જણાં જાણે પરણ્યાં. આપણા દેશમાં જ નહિ, ઈંગ્લૅંડમાં અને બીજા દેશોમાં પણ એમ જ થતું.

**સ્વજન :** અત્યારે આફ્રિકામાં એવું જ છે.

**શ્રીમોટા :** આપણે ત્યાં શરૂઆતમાં આવું હતું. પછી તો એ પણ નીકળી ગયું. પહેલાં તો ક્લાસીસ-(વર્ગવ્યવસ્થા) ન હતા. પહેલાં તો જેને જેમ ફાવે તેમ જમીન ખેડતા રહે. જરૂરિયાત પૂરતું જ, વધારે નહિ. આ તો પહેલાંના વખતની વાત કરું છું હોં, પણ પછી તો સંગ્રહ વૃત્તિ ધીરે ધીરે ખીલી. માણસોએ જેમ જેમ જમીનનો વધારે ભાગ લેવા માંડ્યો, તેમ તેમ ક્લાસીસ થયા. પછી લગ્નની પ્રથામાં ફેરફાર થયો.

જો લગ્નની પ્રથા જ ન હોય તો પછી સમાજમાં ગોટાળો ઊભો થશે. એટલો બધો ગોટાળો ઊભો થાય કે એનો વિચાર કરતાં આપણને કંપારી છૂટે. આવી અવ્યવસ્થા થઈ જાય. એટલા માટે જ આપણા લોકોએ લગ્નની પ્રથા નક્કી કરી. આ જાતની લગ્ન પ્રથા તો ઋગ્વેદકાળ પછી આવી.

જ્યારે ઋગ્વેદ પૂરેપૂરો રચાયો ન હતો, એ કાળમાં મુખપાઠ રહેતો. એવા કાળમાં પણ લગ્નની પ્રથામાં સ્વતંત્રતા હતી. એટલું જ નહિ, એ કાળમાં સ્ત્રીઓ પણ એટલી બધી બળવાન હતી, એટલી બધી વિદ્વાન હતી, કે ઋષિઓને પણ દલીલોથી હરાવી દેતી હતી. એટલું જ નહિ પણ આચરણથી હરાવી દેતી. એમને કોઈ જાતનું બંધન જ ન મળે. એવાં પણ ઘણાં દૃષ્ટાંત છે. આપણા શાસ્ત્રમાં એક દૃષ્ટાંત આવું છે. એક સ્ત્રી તદ્દન નગ્ન થઈને જાય છે અને ઋષિઓને હરાવે છે. એ મર્દાનગીની હકીકત છે. કોઈની તાકાત નથી તે નગ્ન થઈને

બધાંની વચ્ચે હાજર થાય, અને આર્ગ્યુમેન્ટ્સ-(દલીલો) કરે ! એ કાળ એવો હતો. આવી સ્વતંત્રતા હતી. બધા અપ્રીશિયેટ-(કદર) કરતા. આજે એ કાળ એવો નથી.

**સ્વજન :** હવે, મોટા, અમેરિકામાં આવું શરૂ થયું છે !

**શ્રીમોટા :** શું વાત કરો છો ? ખરેખર ?

**સ્વજન :** નાગા થઈને દોડે છે અને એવું બધું લોકો કરે છે !

**શ્રીમોટા :** મતલબ કે તે કાળે પણ લગ્નની પ્રથા નિશ્ચિત ન હતી. એ પછી એના બધા શ્લોકો લખ્યા. લગ્નની વિધિ તૈયાર કરી. અને લગ્નની પ્રથા ઊભી થઈ. પછી ચાલી તે ચાલી. પછી એમાં સુધારો કરનાર કોઈક જ નીકળેને ! સમાજમાં સુધારો તો કોઈક મહાન એવો યુગપલટો આવે ત્યારે થાય ! એ સિવાય તો થાય નહિ. લગ્નની વ્યવસ્થામાં સજ્જડપણું પછીથી આવ્યું.

અસલના વખતમાં આટલા બધા વર્ગો ન હતા. બહોળો સમુદાય એટલે પસંદગીનો સવાલ બહોળો. આપણા સાહિત્યના આધારે આ જાણી શકાય છે. લગ્નજીવનમાં પહેલાંના કરતાં સ્વતંત્રતાપણું ઘટ્યું છે. આપણે એ વિશે વિચારીએ. એકબીજાના પરિચયમાં આવીએ અને સાથે રહીએ, તો આપણે કંઈ ને કંઈ ભોગવવું પડે છે, સમજીને કે ના સમજીને, પણ કંઈ ને કંઈ ત્યાગ કરવો પડે છે. એટલે એમાં આપણી એટલી સ્વતંત્રતા ઘટી, એમ આપણે માની લઈએ છીએ, પણ એકબીજાને માટે ઉમળકાથી, પ્રેમથી ત્યાગ કરીએ, તો આપણો વિકાસ થાય છે, પણ એ આખો વિચાર જ ઊડી ગયો. આપણે એકબીજાને માટે સમર્પિત થઈએ અને એકબીજાને માટે ઉમળકાભેર ફના

થવાની તૈયારી કરીએ, તો પરસ્પરનાં જીવન સુખી થાય છે અને એમાંથી જીવનનો જે વિકાસ થાય છે, એ તો વળી ઑર ચીજ છે. એ બધો વિચાર આપણા શાસ્ત્રકારોએ-અનુભવીઓએ કરેલો. એ લગ્ન વિધિમાં આ બધી હકીકત આવે છે, એ આપણે જાણતાં નથી.

મેં એ બધાંનો અભ્યાસ કરેલો. મારે હાથે એક લગ્ન કરાવવાનું આવેલું. એક હરિજનભાઈ એમ.એ. ફર્સ્ટ ક્લાસ થયેલો અને એક વાણિયાની બી.એ. થયેલી છોકરી. એ બેને લગ્ન કરવું. આ બેને કોણ પરણાવે ? કોઈની તાકાત નહિ. પછી પેલો ભાઈ મારી પાસે આવ્યો. મેં કહ્યું, 'મારી તાકાત છે. હું તને પરણાવી આપું, પણ તમે બ્રાહ્મણ નથીને ?' 'બ્રાહ્મણ છું. હું આશ્રમ ચલાવું છું, એટલે બ્રાહ્મણ છું.' કોર્ટમાં સાક્ષી તરીકે હું આવીશ અને મામલતદારને જવાબ આપીશ. તારી પત્નીને અહીં મારી પાસે બોલાવી લાવ. હું એને પૂછું કે એ ખરેખર પરણવાને તૈયાર છે કે શું છે ? એની હકીકત મારે જાણવી જોઈએ, કારણ કે આ તો ઇન્ટરકાસ્ટ-(આંતરજ્ઞાતીય) લગ્ન થયાં. માટે, મારે બધું જાણવું જોઈએ. એનાં માબાપની મરજી છે કે નહિ એ બધું મારે જાણવું જોઈએ.

પછી એ છોકરી તો મારા મિત્રની દીકરી નીકળી. એને તો હું બહુ ઓળખું. એના બાપને ઘેર બારડોલી ગયો. મેં કહ્યું, 'ભાઈ ઉત્તમચંદ, શું છે આ વાત ? તમારી છોકરીને પરણવું છે અને મારે હાથે લગ્ન થવાનાં છે. તમારી શી સંમતિ છે ?'

મારી સંમતિ છે. તમે પરણાવવાના હોવ તો હું હાજર રહીશ, પણ મારી પત્ની પર બળાત્કાર નહિ કરી શકું કે,

તારે હાજર રહેવું જ જોઈએ. એટલે હું એમનેય મળ્યો. મેં પૂછ્યું, 'સંતોકબા, તમે શું વિચારો છો ?'

'હું વિરુદ્ધ છું. આ લગ્ન થઈ શકે જ નહિ.'

'છોકરી મોટી થઈ, તમે ભણાવી એટલે એ સ્વતંત્ર થઈ, એને સ્વતંત્ર વિચાર પ્રમાણે વર્તવા દેવી જોઈએને ?'

'ભંગીને પરણે? એવો સ્વતંત્ર વિચાર હોય ?'(મોટાનું હાસ્ય)

'તમારા મનમાં આ વિચાર છે, એ બરોબર છે, પણ આ છોકરીના મનમાં એવો વિચાર નથી. એ એને ભંગી ગણતી જ નથી. તે તો એને બ્રાહ્મણ ગણે છે !'

'એ તો બધું ગણે ! દેવ ગણે કે ભગવાન ગણે ! પણ એ તો જે હોય તે હોય !'

હવે, આમની સામે શી આર્ગ્યુમેન્ટ-(દલીલ) કરીએ ? પણ એના બાપ હાજર રહેલા. ગુજરાતના બધા નામાંકિત માણસો હાજર રહેલા.

એ વખતે મને વિચાર થયેલો કે લગ્ન વિશે મને તો કંઈ આવડતું નથી. વખતે કંઈક બોલવું તો જોઈએ ! પછી એ અંગેનું સાહિત્ય વાંચ્યું. પછી મેં એ વિધિ ગુજરાતીમાં લખી.

એ સાહિત્યમાં આ બધું આવે છે કે 'એના પર તું વિચારનો પણ બળાત્કાર ન કરીશ.' તમે મારી એ ચોપડી વાંચી નહિ હોય ! **'લગ્ન'** ઉપર મેં લખ્યું છે.

આપણા કેટલાક આદર્શો બહુ ઊંચા છે, પણ એ પ્રૅક્ટિસ-(આચરણ)માં મુકાયા નથી. એટલે આપણા મગજમાં એ બરાબર બેસતું નથી.

તા. ૧૮-૧૦-૧૯૭૪

❑

# (૧૯) બાળકેળવણી

**સ્વજન :** મોટા, કાલે તમે જે કહેતા હતા કે બાળકોમાં જ્ઞાન તો ભરેલું જ છે, ખાલી પછી એનો 'એક્સ્પરિમેન્ટ'-(પ્રયોગ) કરીને એને વ્યક્ત કરવાનું બને છે.

**શ્રીમોટા :** જે કંઈ બધું છે, તે આપણી પોતાની અંદર છે. કંઈ કશું બહારનું નથી, પણ પ્રસંગ મળતાં એ બધું 'વર્કઆઉટ'-(ક્રિયાશીલ) થાય છે.

બાળક છે-એ જન્મે છે, ત્યારથી એનું બોલવાનું, જોવાનું, સાંભળવાનું છે. એ જ્ઞાનતંતુઓ એટલા સબળ નથી થયા, કેમ કે એ માના પેટમાં રહેલું, નાનું હોવાથી જ્ઞાનતંતુઓ ભાર ઝીલી શકે એવા મજબૂત થયેલા હોતા નથી. એટલે એ બાળક જે તે બધું 'એક્સ્પરિમેન્ટ' કરીને શીખે છે.

બાળક કાચ તોડી નાખે તો તમે કહો કે નુકસાન કર્યું, પણ બાળકના મનથી એ નુકસાન નથી, કેમ કે એમાંથી બાળક શીખે છે. તો કોઈ કહે કે 'બાળક દેવતાને અડે તો ?' 'તો અડવા દો.' પણ આપણી હિંમત નથી ચાલતી. બાળક એમાંથી શીખે છે કે આને અડવાથી દઝાય છે. એ ફરીથી નહિ અડકે. બાળક ખરેખર દેવતાને અડ્યું અને દાઝ્યું તો એ રડશે-કરશે, પણ એ સમજી શકશે કે આ નહિ કરાય. આ આપણને નુકસાનકારક છે. આ આપણને દરદ કરે છે, આનાથી આપણને પીડા થાય છે. એ જે કંઈ કરે છે, એ માત્ર શીખવાને માટે, સમજવાને માટે, એક્સ્પરિમેન્ટ-(પ્રયોગ)ને માટે બાળક બધું કરતું હોય છે. આ હકીકતો ચાઈલ્ડ સાઈકૉલૉજી-(બાળમાનસ)માં છે. બાળકની અંદર બધું જ છે. એનું તો શાસ્ત્ર પણ છે અને જ્ઞાન પણ છે.

પરમાત્મા વિશેનું કે તત્ત્વ વિશેનું કે ધર્મ વિશેનું જ્ઞાન પણ છે. તો કોઈ કહે કે 'દેખાતું કેમ નથી ?' એવા વાતાવરણમાં ઊછરતું હોય છે, એવા એક વાતાવરણનું જ્ઞાન 'ફૉરમોસ્ટ'-(આગળ પડતું) હોય છે. એના વિરુદ્ધમાં એમ કહી શકાય. 'દેવતાના દીકરા કાળા' એવી લોકોક્તિ છે.

દા.ત., મહાત્મા ગાંધીના દીકરા હરિદાસ હતા. એ મહાત્મા ગાંધીને શોભાવે એવા ન હતા. તો એનું કારણ શું ? મા અને બાપ જે કાળે 'કન્સેપ્શનની'-(ગર્ભાધાનની) તૈયારી હોય ત્યારે બંનેના વિચારો 'કૉન્ટ્રાડિક્ટરી'-(વિરોધી) હોય. ગાંધીજી અને કસ્તૂરબા વચ્ચે ઘણો વિરોધ હતો. છેલ્લે સુધી વિરોધ હતો. હરિદાસનો જન્મ થયો ન હતો ત્યારે પણ બંને વચ્ચે વિરોધ હતો.

ગાંધીજીનો એવો નિયમ હતો કે મહેમાનનું બધું જ કામ આપણે કરવું. મહેમાન આવે તો રાત્રે પેશાબ માટે કૂંડું આપવાનું. અને એ બધું સવારે ગાંધીજી અથવા કસ્તૂરબાએ 'ક્લીન'-(ચોખ્ખું) કરવાનું-પેલા માણસે નહિ, કેમ કે અતિથિની સેવા કરવાનો આપણો ધર્મ છે, એવી ગાંધીજીની સમજણ. ત્યારે કસ્તૂરબા કહે, 'તમારું હોય તો હું કરું, બીજાનું હું કેવી રીતે કરું ? હું આવું નહિ કરું.' ગાંધીજી ચિડાયા અને કહ્યું, 'તમે મારી સાથે નહિ રહી શકો. અહીંયાંથી નીકળી જાઓ.' તો કસ્તૂરબા કહે, 'શરમાવ હવે, તમને ભાન છે કે નહિ ?' તેવા સંજોગોમાં આ હરિભાઈનું પેટમાં હોવું થયું હોય. તો એ બધા સંજોગો બાળકની સાથે આવે છે.

કોઈક માબાપને પાંચસાત છોકરાં હોય, તે દરેકનો

સ્વભાવ નોખો હોય છે. તેનું કારણ કે કન્સેપ્શન-(ગર્ભાધાન) વખતે માબાપની સ્થિતિનું એમાં પ્રતિબિંબ પડે છે. તે એક કારણ અને બીજાં એનાં પોતાનાં. એ એક સ્વતંત્ર 'બીઈંગ'-(અસ્તિત્વ) છે. તેને પણ એનાં પોતાનાં કારણો હોય છે, પણ મુખ્ય કારણ આ હોય છે, કે કન્સેપ્શન-(ગર્ભધારણ) વખતે તમારા બંનેની સ્થિતિ-પુરુષ અને સ્ત્રી વચ્ચેની માનસિક સ્થિતિ કેવા પ્રકારની છે, એના પર બાળકના સ્વભાવનો અને બાળકના જીવનનો આધાર હોય છે. એટલે હરિભાઈનો ગાંધીજી સાથે વિરોધ આ પ્રકારે થયો હતો.

હરિભાઈને કસ્તૂરબા માટે માન હતું અને કસ્તૂરબાને હરિભાઈ માટે ઘણું હેત હતું, પણ મા બિચારી શું કરી શકે? એક વખત ગાડીમાં જતાં હતાં ત્યારે એમની પાસે ઘણાં ફળ હતાં. કોઈ એક સ્ટેશન પર હરિભાઈ ભિખારી હાલતમાં મળ્યા. એમણે તો કહ્યું, 'મારે ગાંધીજીને મળવું નથી. મારે તો બાનાં દર્શન કરવાં છે.' 'બા-બા' કરતાં કરતાં આગળ આવ્યા-બિચારા ! મળ્યા અને બા સાથે વાતચીત કરી. બાને એ વખતે મનમાં થયું કે આમાંથી દસબાર ફ્રૂટ છોકરાને આપું, પણ ગાડી ઊપડી ત્યારે યાદ આવ્યું, ત્યારે બહુ પશ્ચાત્તાપ કર્યો. અરેરે, મને આટલુંય ન સાંભર્યું. હું 'મા' કેવી ? એટલે ગાંધીજીને લીધે કસ્તૂરબાની માનસિક સ્થિતિ એવા પ્રકારની થઈ ગયેલી. હરિદાસ દીકરો હોવા છતાં એમને 'સ્પૉન્ટેનિયસલી'-(તત્કાળ) એમ સ્ફુરી આવ્યું કે આમાંથી ફ્રૂટ હરિદાસને આપી દઉં ! બીજું કોઈ હોય તો એને આવી સ્થિતિમાં દીકરાને આપી દેવાનું મન થઈ જાય, પણ કસ્તૂરબાને એમ નહિ થયેલું. માની બાળક

પ્રત્યેની એવી નૈસર્ગિક વૃત્તિ હોવી જોઈએ એમાં ગાંધીજીને લીધે ઘટેલું. હરિદાસને ગાંધીજી માટે બહુ વિરોધ હતો. ગાંધીજીને આઘાત આપવા માટે જ એ મુસલમાન થયેલા. ગાંધીજીને ઘણું લાગી આવેલું.

મતલબ કે માબાપના વાતાવરણની અસર બાળક પર પડ્યા વિના રહેતી નથી.

**સ્વજન :** મોટા, તો પછી આપણે ત્યાં અત્યારે એડ્યુકેશનની-(શિક્ષણની) જે પદ્ધતિ છે, એ બધી બરાબર ન ગણાય ?

**શ્રીમોટા :** બિલકુલ બરાબર ના ગણાય. ગમે ત્યારે આ પદ્ધતિ બદલ્યા સિવાય છૂટકો જ નથી.

જો ખરેખરી રીતે આપણે 'ચાઈલ્ડ સાઈકૉલૉજી'-(બાળમાનસ)ને સમજવી હોય અને આપણે એ પ્રમાણે વર્તતાં હોઈએ, તો બાળકને માબાપથી છૂટું પાડવું બિલકુલ યોગ્ય નથી, કારણ કે માબાપનું વહાલ એને મળવું જ જોઈએ. બાળકને જે વહાલ માબાપ તરફથી મળવું જોઈએ એ માબાપ બાળકને આપતાં નથી. હું કદાચ ખોટો હોઈશ, પણ હું સમાજમાં જોઈ રહેલો છું. માબાપે બાળકોને જે વહાલ આપવું જોઈએ એ આપી શકતાં નથી. એનાં કારણો ગમે તે હોય, એ બધાં ચીતરી શકાય એમ છે, બોલી શકાય એમ છે, પણ એ અત્યારે આઉટ ઑફ ક્વેશ્ચન છે. માબાપના અંતરનું ખરેખરું વહાલ બાળકને જે મળવું જોઈએ એ મળતું નથી, માટે એ ખીલી શકતાં નથી. બાગમાં જેમ ગુલાબ રોપ્યું હોય અને એ ગુલાબની સંભાળ ન રાખીએ, તો એ ગુલાબ ખીલી નહિ

શકે. એવી રીતે બાળકો ખીલી શકતાં નથી, કારણ કે બાળકોને ખૂબ વહાલ જોઈએ છે. બાળકો પ્રેમના એટલા બધા ભૂખ્યાં અને તરસ્યાં હોય છે કે, એ આપણા 'કન્સેપ્શન'માં-(વિચારણામાં) નહિ આવી શકે.

આ હું મારી પોતાની વાત નથી કહેતો, પણ ચાઈલ્ડ સાઈકૉલૉજી અથવા તો બાળકોનો કેવી રીતે વિકાસ થાય એનું જે શાસ્ત્ર છે, એ શાસ્ત્રની હું વાત કરું છું. એ શાસ્ત્રમાં ક્યાં અગાડી લખેલું છે, એ હું કહી શકતો નથી, પણ મારી સમજણમાં જે ઊગેલું છે એ હું કહું છું. એ સાચું જ છે એવો કંઈ મારો દાવો નથી. મને જે સમજણ પડી છે અને જે બાળકને ઉછેરવાનું આવ્યું, ત્યારથી આ વિશેનું જ્ઞાન મેળવવાનો મેં પ્રયત્ન કરેલો. મારા જીવનમાં એક પાસું બાકી હતું. બાળકને ઉછેરવાનું. તે પણ મેં કર્યું, કારણ, હું પરણેલો ખરો, પણ એ છોકરી તો મરી ગઈ. એટલે મારે પોતાને છોકરાં હોવાની શક્યતા હતી જ નહિ. એટલે એ બાળક જન્મ્યું, ત્યારથી જ એને ઉછેરતો હતો. 'ચાઈલ્ડ સાઈકૉલૉજી' સમજેલો તે પ્રમાણે એનું બધું કહ્યું કર્યા કર્યું. પાંચ વર્ષનો થયો ત્યાં સુધી હું એને શહેરમાં લઈ જતો. એ મને જે કહે તે બિલકુલ શરમ વગર કરું. બજારમાં એને ખભે બેસાડીને લઈ જઉં, તો કહે કે, 'મોટા, ઘોડો થાઓ.' તો હું બજારમાં ઘોડો થઉં ! ઇંગ્લૅંડનો પ્રાઈમ મિનિસ્ટર-(વડાપ્રધાન) હું એનું નામ ભૂલી ગયો છું, એ પોતાના છોકરાને માટે ઘોડો થઈને એને ફેરવતો. આ ઇંગ્લૅંડના ઇતિહાસની હકીકત છે.

મેં છોકરાને ઉછેરવાનું માથે લીધેલું. માબાપ એને ઝંખતાં

હતાં, પણ છોકરાને મારી સાથે એટલી બધી માયા કે માબાપ પાસે જાય જ નહિને ! દૂધ પીવા પૂરતો જ જાય. મારી સમજણ એવા પ્રકારની કે માતાનું દૂધ જ બાળકને મળવું જોઈએ. બહારનું દૂધ બાળકને આપે એ બરાબર નથી. ભગવાને આ બધી રચના શા માટે કરી છે ? એ આખી રચનાને તમે ફગાવી દો છો, એ રચનાને તમે ઉડાવી દો છો તે બરાબર નથી. માનું દૂધ જ બાળકને મળે એ મારી સમજણ. એટલે તેટલા સમય પૂરતું બાળકને ભૂખ લાગે એટલે ત્યાં જાય. પછી તરત જ આવતો રહે મારી પાસે. મારી સાથે ને સાથે રહે. છસાત વર્ષનો થયો ત્યાં સુધી એનું બધું જ કહ્યું કરેલું. બધાં આવ્યાં હોય, મારી સાથે વાતો કરતા હોય અને એ કહે કે 'મોટા, બોલશો નહિ' તો હું બધાંને કહું કે 'મારો બાળક હુકમ કરે છે કે મારે બોલવું નહિ, એટલે હું બોલીશ નહિ.' પછી શાંત રહું-બોલું નહિ-કંઈ પણ નહિ. ગમે ત્યાં જતાં ત્યાં મને કહે, 'આ બારણે સાંકળ મારી દો'-કોઈકના ઘેર. હું કહું પછી, 'ભાઈ, આ બાળકના હુકમથી સાંકળ મારી છે, તે મારી ભૂલચૂક તમે માફ કરજો. હમણાં થોડી વારમાં ઉઘાડી દઉં છું, પછી હું સાંકળ ઉઘાડી નાખું, પણ તેય હું કરું ખરો.'

બાળકનું-એટલે ચાર પાંચ વર્ષના બાળકનું-બધું જ કહ્યું કરવું જોઈએ. જેથી એનું અહમ્ ખીલે. બાળકનું સેલ્ફ-(પોતાપણું) ખીલવવાને માટે, એને આગળ આવવા માટે, એને ઘણું જ ઈમ્પૉર્ટન્સ-(મહત્ત્વ) મળવું જોઈએ. જેમ આપણને ઈમ્પૉર્ટન્સ મળે છે તો આપણને સારું લાગે છે, તેમ બાળકને આટલું બધું ઈમ્પૉર્ટન્સ આપવાથી કરીને એનો વિકાસ થાય.

સમાજમાં એ શાસ્ત્રની સમજણ આવશે-આજે તો એ નથી.

તા. ૧૮-૧૦-૧૯૭૪

**સ્વજન :** સંગીતથી બાળકનો વિકાસ થાય ?

**શ્રીમોટા :** બાળકને સ્વાભાવિક રીતે હાર્મની-(સંવાદિતા)માં રહેવું ગમે છે. પછી સંસારમાં હાર્મની તૂટી જાય છે. આગળ પાછળના વહેવારથી તૂટે. માબાપને લીધે તૂટે. સંગીત હાર્મની પેદા કરે છે. ઈન્ટર્નલ હાર્મની-(આંતરિક સંવાદિતા)નો વિકાસ થાય છે, પણ બાળકની કોઈ એવી કાળજી રાખતા નથી.

તા. ૨૧-૧૧-૧૯૭૪

❑

# (૨૦) કુટુંબ અને સમાજનું વાતાવરણ

**સ્વજન :** તો મોટા, અંદર રહેલું જે જ્ઞાન છે, તેને છતું કરવા માટે 'ઑબ્જેક્ટિવ કોન્શ્યસનેસ'-(હેતુની સભાનતા)માં આવે તેને માટે સચોટ ઉપાય લેવા જોઈએ ?

**શ્રીમોટા :** તેને છતું કરવા માટે, આપણે આગળ પાછળ તે જાતનું વાતાવરણ ઊભું કરવું જોઈએ. એ જાતનું વાતાવરણ બીજી કઈ રીતે આપણાથી થાય ? સમાજમાં તો આપણે કરી શકીએ નહિ. સમાજ માટે તો એ પૉસિબલ-(શક્ય) નથી, પણ આપણું ઘર છે-આપણું ફૅમિલી-(કુટુંબ) છે, એમાં આપણે એ જાતનું વાતાવરણ ઊભું નહિ કરી શકીએ, કારણ કે દરેકની સ્વતંત્ર વિચારસરણી છે. એટલે ત્યાં પણ શક્ય નથી. એટલે એવું વાતાવરણ આપણા કુટુંબના માણસોમાં પેદા કરવું આપણા માટે શક્ય નથી. એ માત્ર આપણા એકલાને માટે શક્ય છે, તે પણ એવી રીતે કે બીજાની અવગણના કર્યા સિવાય ગુડ્‌વિલ-(સદ્‌ભાવ) જીવતો રાખીને તે થયા કરે.

એનો જીવતોજાગતો દાખલો ટૉલ્સ્ટોય છે. ટૉલ્સ્ટોય પોતાનો આદર્શ પોતે જાતે કરીને અમલમાં મૂકે છે, પણ એની બૈરી એવા પ્રકારની છે કે પોતાના પતિને-કુડ નૉટ અપ્રીશિયેટ-(કદર કરી શકતી નથી.)

ટૉલ્સ્ટોયને એટલા બધા હેરાન કરેલા, છતાંય ટૉલ્સ્ટોયે એના તરફ સદ્‌ભાવ રાખેલો છે, પણ એણે પોતે જે કરવા ધારેલું, એટલે કે જે જાતનું જીવન હોવું જોઈએ, તેવી જાતનું જીવન જીવ્યા અને પોતે જાતે પ્રૅક્ટિસમાં-(આચરણમાં) મૂકીને જાતે જીવ્યા.

એ પોતે બહુ પૈસાદાર-અમીર હતા. છતાં છેક ગરીબ અવસ્થામાં રહ્યા. ગરીબ અવસ્થા જાણી જોઈને વહોરી લીધી, અને એ સ્થિતિમાં રહ્યા. એની પત્ની વગેરેને તો આ બધું કેવી રીતે ગમે ? એ કંઈ એમણે ગણકાર્યું નહિ. એમણે કોઈની અવગણના નથી કરી, પણ પોતાને જે કરવું હતું, એ એમણે કર્યું. છેવટે એક અજાણી ધર્મશાળામાં એમનો દેહ પડી જાય છે. ગરીબમાં ગરીબ અવસ્થા એમણે અનુભવી.

કૉમ્યુનિઝમ-(સામ્યવાદ)નું બીજ ટૉલ્સ્ટોયથી શરૂ થાય છે. એ પ્રમાણે એ બરાબર જીવ્યા. આ ગરીબોને સમાજમાં ખૂબ અન્યાય થાય છે. એ સમાજમાંથી અન્યાય કેવી રીતે દૂર કરવો, એ સવાલ જ્યારથી સામે આવ્યો ત્યારથી એમણે નક્કી કર્યું કે આપણે ગરીબ થવું. ગરીબ થઈને જાતે જીવન જીવવું એ આપણું પ્રાયશ્ચિત્ત છે. એટલે એ પ્રમાણે ગરીબાઈ ભોગવે છે અને અજાણ્યો એકલો ગમે તે સ્થળે ગુજરી જાય છે. રશિયામાં પણ એને માટે ઘણું માન છે. કૉમ્યુનિસ્ટ-(સામ્યવાદી)લોકોને પણ ઘણું માન છે. આખી દુનિયામાં ટૉલ્સ્ટોય માટે માન છે.

ટૉલ્સ્ટોય અસલ સારી સ્થિતિમાં હતા, ત્યારથી ગાંધીજીને અને એમને પત્રવહેવાર થયેલો. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં આટલી મોટી સરકાર સામે જે માથું ઊંચકેલું, તે વાત ટૉલ્સ્ટોયને બહુ ગમેલી અને ગાંધીજીને બહુ ધન્યવાદ આપેલા.

એટલે કે જેને ખમીર કહીએ-એટલે જે કંઈ સારા ગુણો કહીએ, એ બધું જ આપણામાં છે, પણ એને ફૂટવા માટે, એને ખીલવવા માટે, એને ક્રિયાશીલ કરવા માટે આગળ પાછળનું જે વાતાવરણ જોઈએ તે હોતું નથી. આથી ઊલટું

એને દબાવી દે એવું વાતાવરણ હોય છે. કુટુંબનું કહો, સમાજનું કહો, બીજું બધું જે હોય છે, એનામાં જે સદ્ગુણો છે, તે ખીલવા દે એવું વાતાવરણ હોતું નથી.

મને પોતાને અનુભવ છે. અમારી બાજુમાં જ ચામડાવાળા લોકો રહે. ચામડા કેળવે અને ચામડાના જોડા-ચંપલ બનાવે. એટલે આવા ફેન્સી-(સુંદર) નહિ. ગામડાંના લોકો પહેરે એવી જાતના બનાવે. એમની સાથે રહેવાનું, હંમેશાં ચામડાની દુર્ગંધમાં રહેવાનું. ઘરનું ભાડું છ આના હતું. મકાનનો નાનો ઓરડો હતો અને આગળ છ ફૂટની રવેશી. બસ, એટલામાં બધું કુટુંબ રહેતું. તેવી સ્થિતિમાં મારે કંઈ પણ કરવાનું આવે તો એમ જ કહે કે 'તારાથી થાય જ નહિ. આપણાથી આવું થતું હશે ! ગરીબ માણસથી ?' ચારે તરફથી એક જ વાત આવે : 'થાય જ નહિ-થાય જ નહિ.' એટલે આ જ જાતના સંસ્કારો પડે. આવી જાતનો અવરોધ એ આપણી સામે આવે. એવા જ સંસ્કારો પડ્યા કરે. તોય મેં નક્કી કરેલું 'આપણે આવા થવું છે.'

મારા બાપને જ્યારે પોલીસચોકી સુધી મારતાં મારતાં લઈ ગયા, બિલકુલ વાંક વગર, ખરેખર વાંક ન મળે, તેમ છતાં લઈ ગયા, તે મેં તો જાતે જોયું ત્યારથી મેં નક્કી કર્યું કે 'સાલા, આપણે ગરીબ છીએ, માટે આ લોકો આપણને આમ કરે છેને ? આવો જો પૈસાદાર માણસ હોત તો પોલીસની તાકાત હતી તેને મારવાની ? અને તેને લઈ જાત પોલીસચોકી સુધી ? ગરીબ હતા માટે જ આમ કરે છે. એ મને ભાન જાગ્યું. ત્યારથી મેં નિશ્ચય કર્યો કે 'આપણે એવા થવું કે આપણને બધાં નમે.' પણ એવું શી રીતે થવાય ? તો કહે, 'આ ગામમાં

આ તાલુકાના મામલતદાર સાહેબને રાવબહાદુર પણ સલામ ભરે છે. માટે, રાવબહાદુરેય આપણને સલામ ભરે એવા આપણે થવું. તો એ માટે-એવા થવા પહેલાં રહેતાં રહેતાં એલએલ.બી. સુધી ભણવું જોઈએ.' તે સાલમાં નવી અંગ્રેજી નિશાળ ઊઘડેલી. ફાઇનલ પાસ તો થયો હતો. મારી ઇચ્છા કે આપણે સાત રૂપિયાના માસ્તરમાં જોડાઈ જવું, એટલે કુટુંબમાં મદદગાર થવાય, પણ મારી ઍમ્બિશન-(મહત્ત્વાકાંક્ષા) આ જાગી કે 'હવે આપણે આવા થવું !' માટે એલએલ.બી. સુધી ભણો. પણ ફી આપવાની માબાપની સ્થિતિ ન હતી. નવી નિશાળ ખૂલેલી એટલે ફી માફીની પણ જોગવાઈ નહિ. એટલે નિશાળ વાળવાની કામગીરી લીધી. પછી ટેબલ સાફ કરું, પાટિયાં સાફ કરું, એના મને બે રૂપિયા મળતા. તેમાંથી ફી આપું. એમ કરતાં કરતાં મને થયું કે 'મારી ઉંમર મોટી છે અને એકાદ વર્ષમાં જો ચાર ચોપડી થઈ જાય તો હું આગળ આવી શકું.' મેં જિલ્લાના કેળવણી અધિકારી પાસે જઈને સલામ ભરીને વાત કરી કે 'સાહેબ, હું ફાઇનલ પાસ થયો છું. ગણિત, ઈતિહાસ, ભૂગોળ કૉમન છે. તે બધું આવડે છે. અંગ્રેજી પણ તૈયાર થઈ ગયું છે. હું પાસ થઈ જઉં એવો છું. કૃપા કરીને મને એક્સ્ટર્નલ તરીકે-(બહારથી) બેસવાની રજા આપો. અરજી લખીને લઈ ગયેલો. એના પર સહી ઠોકી આપી. એમ એક વર્ષમાં મેં ચાર ચોપડી પાસ કરી દીધી. એટલે હું ચાર ધોરણ ઝપાટાભેર આગળ આવી ગયો. મારી કહેવાની મતલબ એ છે કે ખરી રીતે આપણે પોતે આપણી જાતને ઘડીએ છીએ. આપણો પોતાનો વિલપાવર-(સંકલ્પશક્તિ) ખીલ્યો હોય તો આપણી જાતને વિકસાવી

શકીએ છીએ. નહિતર પછી ગાડરિયા પ્રવાહની પેઠે આપણે ઘસડાઈએ છીએ અને આપણું વિચારવાનું પણ એવું બને છે. આપણે સોસાયટીમાં બેઠાં હોઈએ તો ત્યાં વાત બધી ઊંચી જાતની કરીએ, પણ વર્તનમાં કે કંઈ કશામાં આવી શકે નહિ. અથવા એનું કંઈ જોર ના મળે. એનું જે જોર આવવું જોઈએ, તે આપણામાં ન પ્રગટે.

ખરી રીતે તો રાશિ કહો, ગ્રહ કહો, વાતાવરણ કહો, તમે ગરીબ અવસ્થામાં જન્મ્યા હોવ કે ગમે તે અવસ્થામાં જન્મ્યા હોવ તોપણ તમારો વિલ પાવર ખીલ્યો હોય અને તેની સાથે હિમાલય જેવો નિશ્ચય પ્રગટ્યો હોય તો તમે તેવા થવાના. કોઈ અટકાવી શકે એમ નથી, કારણ શું ? કે જે આપણું બીઈંગ-(હોવાપણું) છે, જેને તમે ભગવાનનું તત્ત્વ કહો કે ગમે તે કહો, પણ અંદર જે બીઈંગ છે, એ જબરજસ્ત છે. એ કંઈ જેવું તેવું નથી. એ હકીકત એટલી બધી સાચી છે. આપણે મોઢેથી બોલીએ ખરાં, પણ એનો અનુભવ કરવા માટે અનેક સંજોગોમાંથી પસાર થવું પડે. એનો પ્રયોગ કરીને સાબિત થાય છે, ત્યારે જે આનંદ થાય છે, એ આનંદનો કોઈ પાર નથી. અપરંપાર આનંદ છે.

ટૉલ્સટોય આટલો મોટો અમીર હતો, એટલો મોટો કે જેનું આપણે વર્ણન નહિ કરી શકીએ. એટલાં બધાં સુખ, વૈભવ, પૈસાટકા, જમીનો-આ બધું એની પાસે પુષ્કળ હતું, એ બધો વૈભવ છોડીને તેણે ગરીબાઈ ભોગવી, એ ગરીબાઈમાં એણે જે આનંદ માણ્યો છે, એ કેવી રીતે માણ્યો હશે ? આવો જે મોટામાં મોટો અમીર, રાજદરબારમાં રાજાની પાસે એની જગા હતી. એવી એની સ્થિતિ હતી. લશ્કરમાં રહેલા ત્યારે પણ મોટા અમલદાર હતા. દેશની ભક્તિ માટે એ લશ્કરમાં

રહેલા, તેવા માણસ પણ ગરીબીમાં આનંદ ભોગવે છે, એવો જીવતોજાગતો દાખલો ઇતિહાસમાં જવલ્લે જ મળે. આપણાં પુરાણોમાં એવી ઘણી બધી વાતો મળે છે, પણ આ તો જીવતોજાગતો દાખલો છે. જાણીતો દાખલો છે.

**સ્વજન :** સેલ્ફ માસ્ટરી-(આત્મસત્તા)નો ખ્યાલ ધીમે ધીમે આવી જાય ?

**શ્રીમોટા :** હા, આવી જાય. એમ છેને કે આપણે નિશ્ચય કર્યો કે 'આમ કરવું છે.' એ રસ્તે જતાં જતાં કંઈ પણ થોડું ફલિત થતું આપણે અનુભવીએ છીએ, સોમાં દસ ટકા પણ આપણો નિશ્ચય ઓર પાકો થાય છે કે 'આટલું તો થયું જ, તો બીજું વધારે કેમ ન થઈ શકે ?' એમ આપણો એ નિશ્ચય ધીરે ધીરે વધતો જાય છે. પછી મુશ્કેલીઓ વગેરે આવે છે, તો મુશ્કેલીઓનો સામનો કરીએ છીએ અને એમાંથી વધારે બળ મળે છે.

આ સંગ્રામ એસેન્શ્યલ-(અનિવાર્ય) છે. આ સંગ્રામ વિકાસ થવાને માટે એટલો બધો જરૂરનો છે કે કહ્યે કસર નહિ. આપણે તે દેખતાં નથી. ભલે દેખતાં નથી પણ દરેકના જીવનમાં સંગ્રામ છે અને એનો હેતુ વિકાસ માટે છે, પણ સંગ્રામને એ રીતે કોઈ સ્વીકારતું નથી. એટલે એ હેતુ ફળે કેવી રીતે ? જે હેતુ માટે પરિસ્થિતિ પ્રગટી એ પરિસ્થિતિના હેતુને જ આપણે જાણતાં નથી, સમજતાં નથી, તો પછી એનું ફળ આપણને ક્યાંથી મળે ? એમ જ થાય.

એ તો હું એમ પછીથી સમજ્યો કે આ ગરીબી મને મળેલી છે, એ સમજણપૂર્વક અને જ્ઞાનપૂર્વક છે. વિકાસ થવાને માટે જ આપેલી છે. મારાં લખાણોમાં ઘણીવાર આવે છે.

ભગવાને ગરીબાઈનો પ્રસાદ આપ્યો છે એમ અનુભવાય છે. તેવી રીતે અમીરાઈમાં જે ધનદોલત વગેરે છે, એમાં જે ઉદારતા છે, એ પણ પ્રસાદ છે, પણ આજે તો ઉદારતા ઓછી થઈ ગઈ છે. આખી પ્રજામાં, હું આ વ્યક્તિગત વાત નથી કરતો, પણ પહેલાંના વખતમાં ધનવાન લોકો ઉદાર હતા, બીજાને માટે ઘસાવાની તત્પરતા હતી, તૈયારી હતી પણ એ આજે સમાજમાં ઘટતી જાય છે.

મને યાદ છે કે મારા મોટાભાઈનાં લગ્ન વખતે રાવબહાદુર સાહેબને ત્યાંથી ઘોડાગાડીથી માંડીને જાજમ વગેરે સામાન અમારે ત્યાં આવેલો. કાલોલથી રેલવે સ્ટેશન દોઢેક માઈલ દૂર છે. અને એમની બે ઘોડાગાડીઓ પણ આવેલી. આવે પ્રસંગે ધનવાન લોકો ગરીબોને મદદરૂપ થતા, એ મેં જાતે અનુભવેલી હકીકત છે. મારા બાપને પોલીસે માર્યા ત્યારે રાત્રે સાડાબાર વાગ્યે મેં બૂમ મારી જગાડ્યા છે. ત્યારે ઘોડાગાડી જોડાવીને મારી સાથે આવેલા. આ કાળમાં કોઈ નહિ આવે ?

હવે, આજે જ્યારે આવી વસ્તુ બને કે એકબીજા તરફની સિમ્પથી-(સહાનુભૂતિ) ઘટે ત્યારે વર્ગવિગ્રહ જ થાય, બીજું થઈ જ ના શકે ! સાઇકૉલૉજી-(માનસશાસ્ત્ર)ની રીતે આપણે વિચારીએ કે સિમ્પથી ઓછી થઈ, તો વર્ગવિગ્રહ થાય જ. આપણા દેશમાં પણ એ થયા વગર રહેશે નહિ. ત્યાર પછી આપણે કંઈક ઠેકાણે પડીશું, કેમ કે એકબીજા તરફનો સિમ્પથીનો ભાવ ઘટતો જાય છે, એ મારા મનથી બહુ ચોક્કસ લાગે છે.

તા. ૧૮-૧૦-૧૯૭૪

❑

# (૨૧) સર્જન અને વિદ્યા

**સ્વજન :** મોટા, આપણામાં જે 'કન્સેપ્ટ'-(ખ્યાલ) મૂક્યો છે, બ્રહ્મા અને સરસ્વતી એટલે સર્જન અને વિદ્યા-એ જ અર્થ લેવાયને ?

**શ્રીમોટા :** હા, સરસ્વતી એટલે વિદ્યા, કલા, જાણવાનું છે એ. બુદ્ધિ પણ એમાં આવી જાય. બુદ્ધિનો સ્વામી આત્મા છે. આત્માને લીધે જ ગુણ અને ભાવ છે. બ્રહ્માને લીધે આ સરસ્વતી છે. સિમ્બૉલિક-(પ્રતીક) રીતે આને ઘટાવવી, પ્રત્યક્ષ સ્વરૂપ રૂપે નહિ.

અંબાજી માતા, બહુચરાજી માતા, કાળકા માતા એ બધી કલ્પનાઓ છે. એ ખરેખર છે નહિ. આપણે મનુષ્યરૂપે છીએ અને એમાં પત્ની, પુત્ર, પિતા જેવા સંબંધો છે. એવા સંબંધો આપણે દેવત્વ પર આરોપ્યા. એ આરોપીને એનો આકાર કર્યો. જેથી એના વિશે આપણને વિશેષ સભાનતા રહે. અંબાજી માતાની મૂર્તિનાં દર્શન કર્યાં, એટલે માતાની-દેવીની સભાનતા રહે. દેવ હોવાથી દેવી અને દેવી હોવાથી દેવ.

**સ્વજન :** આપણે 'કલ્પના' કરીએ અને 'જાણીએ' એ બે વચ્ચેનો તફાવત...

**શ્રીમોટા :** બહુ તફાવત. કલ્પનામાં વાસ્તવિકતા ન હોય. જાણવામાં નક્કરપણું હોય.

**સ્વજન :** પહેલાં તો કલ્પના કરીને આગળ જવાયને ?

**શ્રીમોટા :** કાંઈ કરવાનું હોય એના વિશે કલ્પના કરી શકાય. કલ્પના કરતાં કરતાં એ આકાર લે. પછી જાણવાના

સ્વરૂપમાં આવે. ત્યારે વાસ્તવિકતાનું સ્વરૂપ ધારણ કરે. પછી કર્મ બને. અમસ્તા કલ્પના કરીએ એનો કંઈ અર્થ નહિ.

**સ્વજન :** ધારો કે આપણે ભગવાનનો અનુભવ કરવો હોય, તો પહેલાં આપણે ઈમેજિનિંગ-(ધારણા) કરવું પડેને ?

**શ્રીમોટા :** હા, ઈમેજિનિંગ કરવું પડે. એમ કરતાં કરતાં નોઈંગ-(જાણવાની)ને લીધે ગ્રીપ આવે. ગ્રીપ આવતાં આવતાં ભક્તિ પ્રગટે. ભક્તિ વડે ભગવાન વશ થાય.

તા. ૧૭-૯-૧૯૭૪

❑

# (૨૨) 'મહાદેવ'

**સ્વજન :** મોટા, રિઆલિટી-(વાસ્તવિકતા)નો ખ્યાલ આવે એ વાત આપે કરી. જ્યારે આધ્યાત્મિક ક્ષેત્રમાં આગળ વધાય અને જ્યારે એલાયન્સ-(વિસ્તાર) પમાય ત્યારે આ બધું અનરીઅલ જેવું લાગે?

**શ્રીમોટા :** ના, એવું ન લાગે. ત્યાર પછી જે સંસાર-વહેવારનાં ક્ષેત્રમાં છે, એ ક્ષેત્ર અનરીઅલ છે તેવું નહિ. વળી, 'પેલા'ની સરખામણીમાં આ બધું અનરીઅલ છે એવું પણ નથી. રીઅલ તો 'પેલું' જ છે, આ તો માત્ર એનો પડછાયો જ છે. આ બધું બદલાયા કરે છે. 'એ' હંમેશાં-કાયમ છે. આ દેખાય છે તે રિઆલિટી બદલાયા કરવાની છે. આજે જુદી, કાલે જુદી, પરમ દિવસે જુદી. આમાં ફેરફાર થયા કરે, એટલે કે વફાદારી ના મળે. સંસારવહેવારની જે રિઆલિટી છે, એમાં એટલી સિન્સીઆરિટી-(સચ્ચાઈ), ઑનેસ્ટી-(પ્રમાણિકતા) બહુ ઓછી હોય. એના પરસન્ટેજ કાઢીએ તો ભાગ્યે જ બેચાર ટકા નીકળે. સોએ હોં, પણ 'ત્યાં' એવું નથી. સો ટકા કાયમ. ઓછાવત્તા થવાનો સવાલ નથી. સમુદ્રમાં જેમ ભરતી ઓટ હશે, તેમ ત્યાં નથી. આપણી પ્રકૃતિનાં ક્ષેત્રમાં એવું છે. રિઆલિટીનાં ક્ષેત્રમાં એ નથી. ત્યાં કાયમ છે. એક જ સલામત સ્થિતિ ધારણ કરેલી છે. ગમે તેટલો ધોધ પડે-ગંગામાતાનો-પણ શિવજીના માથા ઉપર પડવાની સ્થિતિ જ છે.

આપણી સંસ્કૃતિમાં આ એક સુંદર દૃષ્ટાંત આપી દીધું છે. એ લોકોએ કમાલ કરી દીધી છે કે અનુભવ સ્થિતિ કેવી હોય એ બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ-એ ત્રણેયમાંથી-પેલા બ્રહ્મા અને વિષ્ણુમાં તો બિલકુલ નથી, છે ખરી પણ પૂરતી સ્પષ્ટતાવાળી

નથી. પણ મહાદેવમાં તદ્દન કૉન્ટ્રાડિક્ટરી-ઑપોઝિટ-(પરસ્પર વિરોધી સ્થિતિ) છે. એણે કામદેવને બાળી નાખ્યો છે, તેમ છતાં પાર્વતી સાથળ ઉપર બેઠેલાં છે. એમની સાથે રમત રમે. એને છોકરાં પણ છે. એટલે બે કૉન્ટ્રાડિક્શન થયા. એને છોકરાં ઉત્પન્ન થયાં છે. છતાં કામને બાળી નાખ્યો છે. એનામાં કામ નથી. એ આપણે સંસારી માણસ માની શકીએ એવી હકીકત છે, તો તે દેવોનો રાજા અને પેલા અસુરોનોય રાજા. એ પણ પાછું કૉન્ટ્રાડિક્શન થયું. એકબીજાથી તદ્દન જુદાં જુદાં ક્ષેત્રવાળાનો સમન્વય. એટલે સંસારમાં આવા અનેક કૉન્ટ્રાડિક્ટરી એકબીજાની તદ્દન વિરોધાત્મક જે છે, તેનો જેનામાં સમન્વય થયેલો છે તે અનુભવી. આ સરળ વ્યાખ્યા. પછી મહાદેવને જુઓ : ભિખારી જેવો રાખ ચોળીને પડી રહે, પણ એની પાસે લક્ષ્મી કેટલી કે કુબેરભંડારી એનો ગણ-એનો નોકર. આખી દુનિયાની લક્ષ્મીથી ભરપૂર, છતાં ભિખારી. વળી, એના જેવો કોઈ સુંદરમાં સુંદર ના મળે. છતાં એ એવો કદરૂપો લાગે. રાખ ચોળેલો. ગળે સાપ વીંટાળેલો હોય, ગળે મુંડની માળા, ખોપરીઓની માળા પહેરેલી હોય. આટલો બધો ગંદો લાગે છતાં એના જેવો કોઈ સૌંદર્યવાન નથી. એ બે ઑપોઝિટ ભેગાં થયાં. દુનિયામાં જે કંઈ તત્ત્વ છે, એ તત્ત્વની અંદર જે બે થયા તે એકસાથે વિરોધાત્મક પાસાં છે. એ બધાંનો જેનામાં સમન્વય થયેલો છે તે અનુભવી. આપણે જેમ ઘર કરાવીએ તો આર્કિટેક્ટ-(મકાનનો શિલ્પી) પાસે નકશો દોરાવીએ. એવી રીતે મહાદેવનું ચિત્ર આપીને આ લોકોએ બતાવી દીધું કે ‘આવી સ્થિતિ તમારી થાય ત્યારે તમારે સમજવું કે અનુભવ થયો.’ પણ દુનિયા આને સ્વીકારી ન શકે, બિલકુલ ન સ્વીકારે.

મારા ગુરુમહારાજને એક જણે પૂછેલું, તે બહુ જિજ્ઞાસુભાવે બિચારાએ પૂછેલું કે ‘ભગવાન કા અનુભવ કબ હોગા ?’ ‘જબ મા કી સાથ ભોગ કરેગા તબ.’ પેલો બિચારો સડક થઈ ગયો. હું તો તરત સમજી ગયો. મા એટલે પ્રકૃતિ. એટલે પ્રકૃતિની સાથે તું ભોગ કર. એટલે પ્રકૃતિ તને રમાડે એમ નહિ, પણ તું જ્યારે પ્રકૃતિને રમાડે, ત્યારે તને અનુભવ થાય. આવી ભાષા બોલે, સમજણ પડે નહિ એટલે ગભરાઈ જાય. આ શું બધું બોલે છે ? બીભત્સ બોલે છે. એમ જ સમજાય.

**સ્વજન :** પ્રકૃતિનો સ્વામી થાય ત્યારે અનુભવ થાય. તમે કહ્યું કે મહાદેવનું જે દૃષ્ટાંત આપ્યું છે, એમાં બંનેનો સમન્વય થયેલો છે. આ દૃષ્ટાંત બરાબર છે, પણ જ્યારે અનુભવ થાય ત્યારે પોતાને પોતાની જાતને સાક્ષી તરીકે જોયા કરે એવું થાય ?

**શ્રીમોટા :** બંનેમાં તે હોવા છતાં પણ બંનેમાં સમન્વય થયેલો હોય અને પોતે સાક્ષી તરીકે તો રહ્યા જ કરે. બધાંમાં ભળેલો હોવા છતાં પાછો ભળેલો હોતો નથી એવું આપણે તો બોલીએ છીએ, પણ પેલાને તો પ્રત્યક્ષ લાગે છે. ભળેલો હોવા છતાં ભળેલો નથી. બંને એક્સ્પીરિઅન્સ-(અનુભવ)માં સમધારણ રહ્યા કરે અને તે વખતે સાક્ષી પાછો, એ જે બંને તત્ત્વની અંદર તે સમાયેલો હોય ત્યારે ‘આ હું નથી’ આ વાતની પાછી એને પાકી ખાતરી. જેમ મહાદેવજીએ કામને બાળી નાખેલો છતાં પાર્વતીજી સાથે રમતા હતા. આટલો બધો અનુભવી માણસ એમ કરે ? એવો પ્રશ્ન થાય, પણ ત્યારે એની અવેરનેસ છે, તેના હેતુની સભાનતા છે. આવી રીતે

તેનામાં કૉન્ટ્રાડિક્ટરી ભેગું થાય છે. સમન્વય થાય છે, તે વખતે જો એને હેતુની અવેરનેસ ના રહે તો નકામું. ત્યાં હેતુની અવેરનેસ પાકી જોઈએ અને આ તો આપણે આધ્યાત્મિક બાબતમાં કહીએ છીએ, પણ સંસારવહેવારમાં તમારે જે કામ કરવું હોય એનો હેતુ તમારી આગળ સ્પષ્ટ ના હોય અને હેતુનો ખ્યાલ રાખ્યા વગર જો એ કર્મ કરો તો કર્મ બરાબર થાય જ નહિ, એ વાત ચોક્કસ છે, સાહેબ. એટલે એમ વિચારીને જોઈએ તો જે તે બધું હેતુપૂર્વકનું જ છે. આ જગત બનેલું છે, જે તે બધું બનેલું છે, તેમાં હેતુ જ છે. સકળ કર્મમાં હેતુ રહેલો છે. માટે, એને હેતુપૂર્વક કરીએ અને સમજ્યા વગર જો કરીએ એમાં આસમાન જમીનનો ફરક છે, પણ સામાન્ય લોકો એ નથી સમજતા. હેતુપૂર્વકનું જે કામ કરતા હોય તેને સંસારવહેવારમાં કે ઘરમાં યોગ્ય રીતે નથી સમજી શકતા. કેટલાક તો એને વાયડો કહે. મને ઘણાં એવાં ઉપનામ મળેલાં છે, કારણ કે હું જે ઑફિસમાં કામ કરતો તે બરાબર એવી રીતે કરતો. દરેકની ડીટેલ્સ-(વિગત) બરાબર સાથે જ. એવો આપણો કલીગ-(કાર્યસાથી) હોય તો એય સમજી શકે નહિ, કારણ કે એવા માણસોને ચોકસાઈ અને વ્યવસ્થા સાથે સાથે આવે છે. યદ્વાતદ્વાપણું એનામાં કશું રહે નહિ. જે તે બધું વ્યવસ્થાપૂર્વક કરે એટલે સામાન્ય જાતનો માણસ હોય તેને પછી આપણા માટે ચીડ ચડે છે. આવો મારો અનુભવ છે. નવાં નવાં ઉપનામ આપી દે. ઈલકાબ આપી દે કે 'ચીકણો છે.' ગમે તેમ કહે તે આપણે સાંભળી લેવાનું.

**સ્વજન :** મોટા, વિચારોમાં શક્તિ છે, તે આપે કહ્યું. શક્તિ તો એકાગ્રતામાં છેને ?

**શ્રીમોટા :** બસ એટલું જ, પણ તે એકનો એક જ વિચાર હોય તો જ. અને ધ્યેય પરત્વે વિચાર હોય તો જ અંદરથી ક્લૅરિટી-(સ્પષ્ટતા) આવે. બાકી આવે નહિ. અનેક વિચારો જેને આવ્યા કરતાં હોય એને કોઈ દિવસ ક્લૅરિટી આવશે નહિ. એને એકાગ્રતા થાય પણ નહિ. એક કર્મ કરતાં કરતાં અનેક જાતના વિચારો, તે કર્મ સિવાયના કર્યા કરતો હોય, એનું કર્મ થાય ખરું, પણ ઉત્તમ પ્રકારનું ન થાય.

**સ્વજન :** (જ્યોતિબહેન) મોટા, ઈગો-(અહમ્) માટે ઘણા માણસો અમુક કામ કરે ત્યારે બીજા લોકોને ફાયદો થાય ?

**શ્રીમોટા :** ત્યાં ગેરફાયદો પણ થાય. ઈગો માટે આપણે જો કામ કરતાં હોઈએ તો બીજા માણસોને ફાયદો ઓછામાં ઓછો થાય. પોતાના ઈગો માટે કામ કરતાં હોઈએ તો બીજાને એની મેળે ફાયદો થવાનો હોય તો થાય. 'આ ફાયદો થાય જ' એમ નક્કી ન કહેવાય અને એમાં ઈગો માટે આપણે કામ કરતાં હોઈએ તો આપણને પણ સોએ સો ટકા લાભ જ થશે એમ પણ આપણે નક્કી નહિ કહી શકીએ, એ પણ એટલી સાચી વાત છે.

**સ્વજન :** પોતાના ઈગોને સૅટિસ્ફાઇ-(અહમ્‌ની તૃપ્તિ) કરવા માટે કંઈ કામ શરૂ કર્યું. ધારો કે ઘર બંધાવ્યું તો એ કામ કરતાં કરતાં બીજા લોકોને ફાયદો થાય. રોજગારી મળે.

**શ્રીમોટા :** તમે જે કામ કર્યું તેનાથી સંપૂર્ણપણે તમને સંતોષ થઈ શકશે એમ કહી શકાય નહિ. એ ન થાય કારણ કે ઈગોમાં એ ગુણ જ નથી. કદી ઈગોનો ગુણધર્મ નથી. સંપૂર્ણ સંતોષી ગુણ થાય નહિ. વધારે ને વધારે એને જોઈએ

જ. એ ઈગોને લીધે દુઃખી થઈએ, નિરાશ થઈએ. આ બધું ઈગોને લીધે થતું હોય છે, પણ જેને ઈગો નથી તે હંમેશાં પ્રસન્ન રહી શકે છે.

**સ્વજન :** મોટા ! લેડીઝમાં-(સ્ત્રીઓમાં) આ ઘરેણાં કરાવે, બીજું કાંઈ પણ કરાવે, જો એક સાડી હોય તો મારાથી ચડિયાતી બીજા કેમ પહેરે છે ? એમ થાય !

**શ્રીમોટા :** એ ઈગો-(અહમ્) છે. પુરુષોમાં બીજી જાતનું બધું બહુ હોય છે. અનેક ઠેકાણે જોયેલું છે. પહેલાંના વખતમાં હતું જ ક્યાં ? આ ઘરેણાં અને જુદી જુદી જાતનાં લૂગડાં ક્યાંથી ? દસ બાર લૂગડાં તો બહુ જ થઈ ગયાં. જ્યાં ત્યાં એક જ ઘાટનાં હોય, પણ આજે તો રોજ રોજનાં નવાં. કેટલાક તો દિવસમાં બેત્રણ વાર નવી ભાતનાં, સરસ સરસ કપડાં પહેરે. પહેલાં તો એવી સ્થિતિ હતી જ નહિ. વળી, આમાં સુધારો માને અને કહે, 'ધીસ ઈઝ સિવિલિઝેશન.'-(આ એક સભ્યતા છે) હું કહું છું કે આ સિવિલિઝેશન નથી. આ તો ખરાબ ટેવો છે. તમારી જાતને તમે ખરાબ ટેવ પાડો છો. એ તો ભગવાનની કૃપા છે. કાલે ન હોય તો શું કરશો ? દુઃખ પડશે. માટે, એવી રીતે ટેવ પાડો કે તમારી પાસે હોય, ભગવાને આપ્યું હોય તો સારી વાત છે, છતાં તમારી પાસે હોય છતાં ઓછામાં ઓછાથી ચલાવી શકાય. ભગવાને તમને સુખી થવા આપ્યું છે. દુઃખી થવા નથી આપ્યું. સુખ વધારે એવી ટેવ ના પાડો, પણ લોકો આજે એવું નથી સમજ્યા.

સમાજમાં ભેદ વધે છે એનું કારણ આપણે જ છીએ. આપણા દેશમાં ધનિક હોય એની પાસે હોય જ. હેવ ઍન્ડ હેવ નૉટ, એમ બે ભેગા થયા છે. જેની પાસે છે એણે પોતાનું વર્તન અને વર્તાવ સીધો સાદો ન રાખ્યો. લોકોને અદેખાઈ

થાય એવી રીતે વર્તવા લાગ્યા. એટલે આમાંથી આ બધી પંચાત ઊભી થઈ. સમાજમાં અદેખાઈ વધી છે, ઘટી નથી. શ્રીમદ્ રાજચંદ્ર પાસે લક્ષ્મી હતી, છતાં પણ વાપરતા નહિ. આ રીતે તેઓની લાઇન જ જુદી હતી.

તા. ૨૪-૧૦-૧૯૭૪

**શ્રીમોટા :** એક વખત મારે **'ગીતા'** લખવી હતી, એ માટે એકાંત જોઈતું હતું. તે હું, ડાંગમાં રહેલો. ઘોર જંગલના એકાંતમાં અમે રહેલા. ત્યાં સરકારી બંગલો હતો તે લીધેલો. આગળ પાછળ કોઈ ના મળે. તે વખતે મેં આ ગરીબી વિશે વિચાર કરેલો. આવા જંગલમાં કેમ જન્મ થાય ? જીવ કેમ અહીં જ જન્મતો હશે ? અહીં શું દાટ્યું હશે એને ? આમાં શો રસ પડતો હશે તે અહીં આવ્યો ? આ ઠેકાણે આવવાની કોઈ ઇચ્છા થયેલી હશે, કારણ કે કંઈ કશા કારણ વિના કર્મ બનતું નથી, એ જેમ સિદ્ધ હકીકત છે, તેવી રીતે આ જન્મ પાછળ કોઈ કારણ છે. પહેલાંના જન્મમાં માણસ જ્યારે જીવતો હશે ત્યારે એને એવા વિચારો વારંવાર થયા હશે કે, સ્વતંત્ર, જંગલમાં ફરવું હરવું. આપણને કોઈની રોકટોક ન હોય, આપણે મેળે કમાવું અને ખાવું. આવા એને વિચારો આવ્યા કરે. મેં જોયેલું કે એને સંપૂર્ણ સ્વતંત્રતા હતી. આવા વિચારવાળાઓ આવા જીવનમાં આવે. પોતાના આવા વિચારો, આવા પ્રકારની જિજીવિષા, આવી ઇચ્છા વગેરે ભેગાં થઈને એક બીઇંગ થાય. પછી તે તે પ્રકારના જીવનમાં જીવ પ્રવેશે છે. આપણે કહીએ છીએ કે કર્મને આધારે જીવન થાય છે. એ વાત કાઢી નાખવા જેવી નથી, પણ એ એકલું સાચું નથી. એની સાથે બીજું ઘણું છે.

❑

# (૨૩) ચાર મહાશક્તિ

**સ્વજન :** મોટા, આ ચાર દેવીઓ-સરસ્વતી, લક્ષ્મી, કાલિકા અને મહેશ્વરી, એ બધાં પ્રકૃતિનાં રૂપો દર્શાવવા માટે છે ?

**શ્રીમોટા :** બસ, બસ, એ જ. આ સરસ્વતી દેવી છે કે લક્ષ્મીદેવી છે કે કાલિકાદેવી છે, એવું એનું સ્વતંત્ર એગ્ઝિસ્ટન્સ-(અસ્તિત્વ) છે એવું કંઈ નથી. દરેકનું એક સિમ્બૉલ-(પ્રતીક) છે. સંસારમાં આ ચારેયની જરૂર છે. કાલિકા વિના બિલકુલ ચાલે નહિ. મહેશ્વરી એ ઐશ્વર્યની દેવી છે. લક્ષ્મીમાં ઐશ્વર્ય ના આવી જાય. ઐશ્વર્ય સાથે બીજા ઘણા ગુણો છે. ગુણોની આ દેવીઓ છે. બ્રહ્મા સર્જન કરનાર છે, એને દેવ ઠરાવી દીધા. પોષણ કરનાર વિષ્ણુ. વિનાશ કરનાર શંભુ. આ દેવીઓ પણ ઉચ્ચ ગુણોને પ્રદીપ્ત કરનાર. દરેકને લક્ષ્મીની જરૂર. મહેનત વિના લક્ષ્મી નહિ મળે. લક્ષ્મી મહેનત કરાવે છે. મહેનત કર્યા વિના જેને લક્ષ્મી મળી છે, એની લક્ષ્મી ઝપાટાભેર જતી રહેવાની-ટકવાની નહિ. કોઈ પૂછે કે આ વાતનો કોઈ આધાર છે ? જેની આપણે જાળવણી કરતાં નથી, એ બહુ ટકવાનું નહિ. કાચનાં વાસણની જાળવણી ન કરીએ, તો એ તૂટી જાય. સુંદરમાં સુંદર જે છે, તેની વધારેમાં વધારે કાળજી રાખવાની જરૂર છે. એ વાત તો બુદ્ધિ સ્વીકારે છે. તેવી રીતે જે લક્ષ્મી છે, તે તો સુંદરમાં સુંદર છે, એનાં સૌંદર્યની તોલે કશું જ આવી શકે તેમ નથી, તો એ જે લક્ષ્મી છે, એની જાળવણી તો પ્રેમ, વિવેક અને વ્યવસ્થાથી જો ના કરીએ તો નહિ રહે. આ વાત ડરાવવાની નથી, પણ સમજણની વાત છે.

સરસ્વતી, વિદ્યાની દેવી, સુખથી જીવવા માટે, જાણવા માટે, જેમાં આપણે પડ્યાં તેને સમજવાને માટે વિદ્યા જોઈશે. વિદ્યાનો શોખ અથવા જુદા જુદા મહાન પુરુષોએ લખેલા વિશે જાણવું, વિચારવું અને સ્વતંત્ર રીતે વિચારવું એ આપણો ધર્મ છે. એ વિના-સરસ્વતી વિના-આપણે યથાયોગ્યપણે જીવન જીવી નહિ શકીએ. એ નક્કી વાત છે. લક્ષ્મી કે મહાલક્ષ્મી ભલે હોય, પણ સરસ્વતી સાથે ન હોય, તો તમે યદ્વાતદ્વા જીવશો. સરસ્વતી એસેન્શ્યલ-(જરૂરી) છે. ગરીબના જીવનમાં કે શાહુકારના જીવનમાં સરસ્વતીને લીધે વિવેક, વ્યવસ્થા વગેરે ગુણો પ્રગટે છે. આપણી મેળે પ્રગટાવીએ છીએ, એ વાત સાચી, પણ જે હેતુ માટે પ્રગટાવીએ છીએ, એ હેતુ સરસ્વતી છે. સરસ્વતીને હું મહત્ત્વ વધારે આપું છું.

કાલિકા એટલે કે વિનાશ. એ તો નિશ્ચિત છે, પણ આપણામાં જ્ઞાન હોવું કે જ્ઞાન થવું એ નિશ્ચિત નથી. એ આપણે પુરુષાર્થ કરીને મેળવી શકીએ છીએ. એની દેવી છે સરસ્વતી. આ ચારેય દેવીઓમાં હું સરસ્વતી દેવીને ઇમ્પૉર્ટન્સ-(મહત્ત્વ) આપું છું, કારણ કે એ મનુષ્યને ઘડે છે, એવું બીજું કોઈ કરી શકતું નથી. પૈસા જીવનને ઘડશે નહિ. ઐશ્વર્ય પણ જીવનને નહિ ઘડી શકે. લય થવાથી પણ જીવનને ઘડી નહિ શકાય. જીવન વિશેનો, પરજીવન વિશેનો, ચૈતન્ય વિશેનો, ઈશ્વરને ના માનતો હોય પણ જીવનના ઉત્તમ ગુણ વિશેનો, ઉત્તમતા વિશેનો આપણને ખ્યાલ આપે છે. આ જે દેવીની વાત કરીએ છીએ, એ એકલા હિંદુ ધર્મની છે એમ કંઈ નહિ. એ વિશ્વના સર્વ ધર્મમાં છે. નામરૂપ જુદાં હોય.

લક્ષ્મી સ્થૂળ રીતે ઘડે છે. પૈસા વિના કોઈને ન ચાલે. એકેએક મનુષ્યને, એકેએક ઘરના લોકને પૈસાની જરૂર છે. લક્ષ્મી ચારેબાજુ પથરાયેલી છે. મહાલક્ષ્મી બધે જ છે. મહાસરસ્વતી અને મહાકાલી બધે જ પ્રસરેલી છે.

**સ્વજન :** મહાસરસ્વતીને કુંવારી ગણી છે અને બીજી દેવીઓ તો ભગવાનને વરેલી છે, એની પાછળનો હેતુ એ કે આપણામાં સતત શોધવાની ટેન્ડન્સી રહે એટલા માટે ?

**શ્રીમોટા :** જરૂર. સરસ્વતી જો પરણે તો કોઈ એકની થઈ જાય. ચાલે નહિ. એ બધાંની જ રહેવી જોઈએ. બધાંની સાથે સંકળાયેલી હોવી જોઈએ. એથી સરસ્વતીને કુમારીનું રૂપ આપ્યું. એ રૂપ પ્રત્યે શુભભાવ રાખીને આપણે એની ભક્તિ કરીએ, એ આપણે માટે ઉત્તમ છે. જો એને પોતાની પત્નીરૂપે જોઈએ તો ભોગ્ય ભાવના આવે છે. એ નિકૃષ્ટ ભાવના છે. નીચામાં નીચી ભાવના રહેલી છે. આ ધોરણ પર સરસ્વતીને મુકાય નહિ. એટલે આપણા ઋષિમુનિઓએ સરસ્વતી દેવીનું કુંવારિકાનું રૂપ વિચાર્યું. એ બધાંની જ છે. બધાં માટે જ છે, અને બધાંની સાથે સંકળાયેલી છે.

કોઈ મનુષ્યજીવ એવો નથી કે એનામાં બુદ્ધિ ન હોય. તેના સંજોગ પ્રમાણે, તેની સ્થિતિ પ્રમાણે, તેના વાતાવરણ પ્રમાણે તેનામાં બુદ્ધિ હોય છે. એ બુદ્ધિ બધાંને વરેલી છે. એથી કોઈ એકની એ ના થઈ શકે. કોઈ મહાપંડિત હોય કે એનો ખાં-(ઉસ્તાદ) થઈ ગયો હોય તોય એ સરસ્વતીની સંપૂર્ણતાએ કંઈ પહોંચી શકવાનો નથી. એને સોળે કળાએ ગ્રહી શકે કે સ્વીકારી શકે એવો કોઈ છે નહિ કે થયો નથી, થશે કે કેમ એ

તો કોણ જાણે ! એથી એને કુંવારીનું રૂપ આપ્યું.

**સ્વજન :** (જ્યોતિબહેન) નબળાં છોકરાં હોય તો શું કરાય ?

**શ્રીમોટા :** શિક્ષકે ધ્યાન રાખવું જોઈએ. માબાપે ધ્યાન રાખવું જોઈએ. દુનિયાની ફિનૉમિનન-(ચમત્કાર) તપાસીએ તો ફેરફાર થયા જ કરે છે. તો 'આ છોકરો ડફોળ છે, તો એ કેમ ના ફેરવાય ?' એની પાછળ સાચી રીતે કોઈ મહેનત લેતું નથી. મહેનત લે તો જરૂર ફેરવાય. એના વિશે વાંચવું જોઈએ. અભ્યાસ કરવો જોઈએ. એની પાછળ સમય કોણ આપે છે ?

**સ્વજન :** (જ્યોતિબહેન) આ જે કહેવાય છે કે છ વર્ષ સુધી બાળકની ઈન્ટેલિજન્સ-(ચતુરાઈ)નો મૅક્સિમમ-(વધુમાં વધુ) ડેવલપ-(વિકાસ) થાય એ વાત સાચી ?

**શ્રીમોટા :** હા, છ વર્ષ સુધી એની પોતાની મેળે ડેપલપ થાય એ બધું જરૂર.

❑

# (૨૪) રઘા ભગત

**શ્રીમોટા :** રઘા ભગત હતા. એટલા બધા ઉચ્ચ વિચારના હતા. જાતે ભંગી હતા, પણ બ્રાહ્મણ કરતાંય ચડી જાય. એની વાણીમાંથી બ્રહ્મજ્ઞાન નીકળે. તંબૂરો લઈને ભજનો પણ લલકારે. કેટલી બધી લાંબી ઉંમર સુધી કુંવારા રહ્યા. પછી લગ્ન કર્યું. એથી પૈસાનું દુ:ખ પડ્યું. મારી પાસે પૈસા માગવા આવેલા. મેં કહ્યું, 'આ કામમાં હું પૈસા નહિ આપું. મારા અંગત પૈસામાંથી આપું, પણ સંસ્થામાંથી મળે નહિ.' મારી સાથે ઘણો વખત રહેલા. જ્યારે હું છૂટો થયો ત્યારે એનું ઠેકાણું પાડવું પડેને ? એટલે 'નવજીવન'માં મૂકેલો. પગાર પણ સારો મળતો. ઘર કરાવ્યું. પરણવાનું મન થયેલું ત્યારે મેં કહ્યું, 'ભાઈ, જવા દે. હવે દુ:ખી થઈશ. બાકીનું જીવન તને વાંધો નહિ આવે.' 'મારે પરણવું છે.' 'તો પરણ'. અત્યારે એ જીવે છે ખરો, પણ એનું બધું ડહોળાઈ ગયું. આત્મામાં સંનિષ્ઠ ન થયો હોય અને આવું સંસારી જીવન જીવવા જાય તો એનું કરેલું પણ માર્યું જાય. સંસ્કાર જતા ના રહે. બીજા જીવનમાં ખપ લાગે એ જુદી વાત છે, પણ આ જીવનમાં તે બગડી જાય. એના સંસ્કાર જે ઊંધા પડે એ સંસ્કાર બીજા જીવનમાં પાછા ભાગ ભજવેને ! એ પેલાની સામે ભાગ ભજવે એટલે એને પંચાત જ પડે!

**સ્વજન :** પણ મોટા, દરેક વ્યક્તિમાં આગળ જવાનો એક ઍલિમેન્ટ-(તત્ત્વ) તો હોય છેને ? આ રઘા ભગતની વાત કરી, એ સંસારમાં પડ્યા એટલે એમને સંસારની બાબતમાં કંઈ અનુભવવાનું હશે એટલે આમ થયું હશે એમ ના હોઈ શકે ?

**શ્રીમોટા :** મારી પાસે બહુ ફ્રૅંક-(નિખાલસ) હતા. મેં

કહેલું કે 'રઘા ભગત, તમને ચોપ્પન વર્ષ થયાં. તમને આ ઉંમરે પરણવાનું મન કેમ થયું ?' 'મોટા, મને પંદર દિવસથી રાત્રે આવાં ખરાબ સ્વપ્નાં આવે છે. હું ગભરાયો. આ વિકારની વૃત્તિઓ પડી છે, એને હું યોગ્ય સ્થાન નહિ આપું તો બગડી જશે.' એ વિચારથી પરણ્યો. પરણ્યા પછી મને એમ થાય છે કે આ ન હોત તો સારું, કારણ કે સત્તરસો વસ્તુ જોઈએ. મારી પાસે પૈસા નહિ એટલે મારે માટે આ દુ:ખનું જ કારણ છે !

એની પાસે જમીન હતી, કોઈક બહારવટિયો ત્યાં કામ કરતો હતો, તે એનો માલિક થઈ પડ્યો. એ ઘણું કરગર્યા. એ ધરાળ-(બિલકુલ) ન માન્યો. દોઢ મણ અનાજ એ આપે છે.

ઉચ્ચ જીવન જીવવામાં જોડીદાર સાથવાળો ન હોય તો હેરાન થઈ જાય છે. ટૉલ્સટોયને જુઓને, એની બૈરીએ કેટલો હેરાન કર્યો !

**સ્વજન :** મોટા, સાથીદાર એવો મળે કે ના મળે ?

**શ્રીમોટા :** મળે ખરો, પણ એવો સાથીદાર મેળવવાની એને ઝંખના જોઈએ. ટૉલ્સટોયને એવી ઝંખના ન હતી. એનું લક્ષ્ય ગરીબી અનુભવવાનું હતું.

**સ્વજન :** મોટા, આ જીવન વિશે વિચારીએ અને પ્રયત્ન કરીએ તેમ જીવનના હેતુનું, એની આજુબાજુ જે લિંક-(સાંકળ) છે, એનો સ્ફોટ થાયને ?

**શ્રીમોટા :** થાય જ.

**સ્વજન :** કારણ કે આ લાઈફનો પરપઝ-(જીવનનો હેતુ) શો છે ? લોકો શા માટે આવું જીવે છે ? એનો સ્ફોટ થાય ? દા.ત., આજે મેં આપને આ ગરીબાઈનું પૂછ્યું....

**શ્રીમોટા :** જીવન ઍક્સ્પાડિંગ-(વિસ્તરતું) છે. બધે પ્રસરેલું છે. આ જીવન જ્યારે અનુભવના દેશમાં આવે છે ત્યારે કોઈ એક ઠેકાણે છે એવું નથી હોતું. બધે પ્રસરેલું છે. અનુભવ ત્યારે જ થયો કહેવાય કે બધે જ 'એ' છે એવું અનુભવાય. બધે જ હોવાથી, બધાંનામાં પણ છે. એથી બધાંના ગુણદોષને એ જાણે છે. મનુષ્યની લાઈફનું-પશુઓની લાઈફનું, બધાંનું એને જ્ઞાન થાય છે. એ કહી શકે એવી સ્થિતિમાં હોતો નથી. કોઈને કહેતો નથી. કોઈને પ્રેરણા પણ ન કરે, કારણ કે એવી જાતની જિજ્ઞાસા કોઈની હોતી નથી.

પછી કોને મળે ? માત્ર પૂછનારને જ ના મળે, પણ એવી જાતની ભૂમિકાવાળો હોય એને જ મળે. એનો અર્થ એમ નહિ કે સંપૂર્ણ અનુભવ જેને થઈ ગયો છે એને જ મળે, પણ જેની ટેન્ડન્સી-(વલણ) આ બાબતની છે, આ બાબતનું થિંકિંગ છે. 'આ શું હશે ? અને પાછળ શું હશે ?' એવું જે વિચારનાર છે, તેને એ સ્ફુરાવે. સ્ફુરાવવાની એ લોકોની રીત એવી છે કે પ્રત્યક્ષ આમ સિનેમાનાં દશ્યો જોતાં હોઈએ એવી રીતે બતાવે. આપણને બરાબર ખ્યાલ આવે, કારણ કે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્-એ ખીલેલાં હોય, પણ આપણાં આંખ, નાક, કાન સ્થૂળ છે. એમાં ઑલ્માઈટી-(સર્વ સમર્થ)ની એનર્જી-(શક્તિ) પ્રગટી નથી. એટલે એને તો આવી રીતે સમજણ આપી શકાય. પછી એને બરોબર ખ્યાલ બેસી જાય.

મને મારા ઘણા મિત્રોએ કહેલું કે 'મોટા, બીજું કંઈ નહિ પણ તમારી મા ક્યાં છે અને તે શું કરે છે, એ તો તમે જુઓ.' હું જોઈને કરું શું ? જે કરતી હશે એ ! મારે કંઈ એમાં ભાગ

લેવો નથી. જ્યાં હશે ત્યાં ભગવાન એને સુખી રાખે. એનું ભગવાન કલ્યાણ કરો. મારી માનો જ્યારે વિચાર આવે ત્યારે હું તો પ્રાર્થના કરું, એ સિવાય કશો વિચાર ન કરું.

**સ્વજન :** મોટા, તમે આ પ્રાર્થનાની વાત કરી. પ્રાર્થના આપણે ભગવાનને કરીએ. ભગવાન તો બધાંનું શ્રેય કરે છે, એ તો શ્રદ્ધા થાય, છતાં આપણે જ્યારે પ્રાર્થના કરીએ ત્યારે એને અમુક વળાંક કે ઝોક આપવાને માટે પ્રાર્થના કરીએને ?

**શ્રીમોટા :** કોઈ માંદું હોય, કોઈને મુશ્કેલી હોય, કોઈ મને કહે કે 'મોટા, આટલું કરો તમે' તો હું તો કહું છું કે 'મારી પાસે કોઈ શક્તિ નથી. ભગવાનને બધું કહું છું. એને જેમ કરવું હોય તેમ કરે. હું પ્રાર્થના જરૂર કરીશ.' તે વખતે એણે ફોટો આપ્યો હોય તો ફોટો રાખીને પ્રાર્થના કરું અને પછી હું નિશ્ચિંત થઈને સૂઈ જઉં. પછી એનું જે થવાનું હોય તે થાય. પછી એના વિશે મને વિચાર બિચાર કશો આવે નહિ. પછી મને એ પાછો લખે કે 'તમે પ્રાર્થના કરી, આ પંદર દિવસ થયા પણ આટલો આટલો સુધારો થયો છે.' પ્રાર્થના કર્યા કરું. એનો અંત ના આવે ત્યાં સુધી પ્રાર્થના કર્યા કરું. પ્રાર્થનાથી જે થવાનું હોય તે થાય. રિઝલ્ટ-(પરિણામ) વિશે નિશ્ચિંત, કારણ કે કર્તાહર્તા 'એ' છે. તા. ૨૬-૯-૧૯૭૪

**સ્વજન :** કાળને લીધે રજવાડાંમાં ફેરફાર થયા એવી રીતે કાળના બળને લીધે આપણા દેશમાં જે પરિસ્થિતિ ચાલી રહી છે એમાં ફેરફાર થવાનોને ?

**શ્રીમોટા :** ચોક્કસ. કાળને લીધે ઘણું થાય છે. ચાર વીઘા જમીન ખેડનાર ખેડૂત એનો માલિક થઈ ગયો. હવે લોકોને

ખ્યાલ આવવા માંડ્યો છે. હજી તો હિંદુસ્તાનમાં અચંબો ઉપજાવે એવા ફેરફારો થશે. હજી વાર લાગશે, કારણ કે આ કૉમ્યુનિસ્ટ ટેન્ડન્સી અને એ જાતનાં કામ કરવાની ભૂમિકા પાકી છે. બધાંનું હિત થવું જોઈએ, રક્ષણ થવું જોઈએ, પણ પૈસાદારોનો નાશ કરવો જોઈએ એ બરાબર નથી. એમને એમની રીતે રહેવા દો અને ભાન જાગવા દો કે આપણે પણ કંઈ કરવા જેવું છે. એમને જ્યારે લાગશે ત્યારે કરવા માંડશે. આ પૈસા છે એ તમારા નથી. તમે એના ટ્રસ્ટી છો. તમે ખરી રીતે એ પ્રમાણે કરશો તો કોઈને તમારા પ્રત્યે ઈર્ષ્યા જાગશે નહિ. ગાંધીજીનું આ રીતનું મંતવ્ય હતું. કોઈનું ઝૂંટવી ન લેવાય કે કોઈને મરાય પણ નહિ.

**સ્વજન :** (જ્યોતિબહેન) આપણે નિઃસ્પૃહી થવું જોઈએ એમ કહીએ છીએ અને ભગવાન પાસે જવા માટે જ્વાળામુખી જેવી ઝંખના રાખવી જોઈએ, બેય કેવી રીતે થાય ?

**શ્રીમોટા :** જ્યાં સુધી સંસારી રીતે આપણે જીવીએ છીએ ત્યાં સુધી આપણાથી નિઃસ્પૃહી નહિ થવાય. નિઃસ્પૃહી થવા સંસારથી ઉપર થવું પડે. સંસારમાં રહીને નિઃસ્પૃહી ન થવાય. શક્ય નથી. સંસારની બહારના વર્તુળમાંથી કંઈ વિરોધી વલણ આવે તો એનો સામનો કરવો, પણ આપણા કુટુંબના વર્તુળમાંથી કંઈ આવે તો એનો સામનો નહિ કરવો. એ વખતે નિઃસ્પૃહતા રાખીને પ્રેમથી, ત્યાગથી સહન કરવું. સામાના અવગુણનો વિચાર કર્યા વિના સહન કરવાથી એનું ફળ ઉત્તમમાં ઉત્તમ આવે, પણ સંસારમાં રહીને તમે સંપૂર્ણ નિઃસ્પૃહી નહિ થઈ શકો. હા, ઈન્ડિફરન્ટ-(બેદરકાર) રહી શકાય.

❑

# (૨૫) ભાવ

**સ્વજન :** (જ્યોતિબહેન) ભાવ કેવી રીતે જાગે ? બધાં માટે ભાવ હોવો જોઈએ, પણ અમુકને જોઈને જ એવું થાય કે જાણે ભાવ જ ન હોય...

**શ્રીમોટા :** ભાવ એ દુનિયાદારીનો વિષય નથી. પેલામાં બહુ બહુ તો સિમ્પથી-(સહાનુભૂતિ) કહેવાય. એ શી રીતે જાગે ? ભાવ એ ભગવાન તરફનો વિષય છે. લાગણી થાય. લાગણી બે પ્રકારની છે. એક નિમ્ન પ્રકારની અને બીજી ઊર્ધ્વ પ્રકારની. જેની સાથે લાગણી થઈ હોય એની સાથે ને સાથે એ આપણને જોડી રાખે. એનું ભલું કરવાની વાત એ વખતે નહિ જાગે, જોકે નહિ જ જાગે એવું મારું કહેવું નથી, પણ કોઈક વખત ઈન ધ ઈનરમોસ્ટ કૉર્નર ઑફ અવર લાઈફ-(આપણા જીવનના અંતિમ ખૂણામાં) એવો પ્રસંગ બને ત્યારે આપણને એના જીવનમાં ભાગ લેવાનું થાય. એ ભાગ લેતી વખતે આપણાથી જે કાંઈ થાય એ આપણે કરી છૂટીએ. એમ કરી છૂટીએ તો એટલું આપણે એનું હિત કરી શકીએ. સંપૂર્ણ હિત કરવા માટે તો અનેક કારણો ભેગાં થયેલાં હોવાં જોઈશે. એ હિતમાં પાસ્ટ પણ આવે, પણ ભવિષ્યકાળ ન આવે. પણ ભૂત અને વર્તમાન બે આવે. એના મનમાં સંસ્કાર પડેલા હોય છે. આપણે એની અંદર ક્યારે પડી શકીએ ? આપણે વધારે બુદ્ધિશાળી હોઈએ અને પ્રશ્નોનો ઉકેલ સરળતાથી કરી શકીએ એવી સ્થિતિના હોઈએ અને સામો માણસ આપણું કહ્યું માને એવો હોય, તો આપણે કહીએ કે 'આ સ્થિતિમાં તું આમ વરત તો તારું ચોક્કસ સારું થશે.' એ વર્તે તો સારું થાય. આપણે આ રીતે ભાગ લઈ શકીએ.

એટલે આપણા આ જીવનના પાર્ટનર-(સાથી)ને કે સગાં વહાલાંને કે જે કોઈ આપણી સાથે મમતા રાખે તેનું કોઈ પણ પ્રકારે અનિષ્ટ કે એવું થયું તે વખતે આપણે જ રસ્તો લેવાનો છે. જો અનિષ્ટ થયું તો કહે, કોઈકનું બગડ્યું હોય તેનું સુધારી લેવાનો આપણો પહેલો પ્રયત્ન હોવો જોઈએ. એ કરીને એની લાગણીને આપણા તરફ વાળીને પછી આપણે એને કહેવું જોઈએ કે 'આ તેં શું કર્યું ? તું આવું કરે એવો નથી. તને કોણે આવી દોરવણી આપી ?' એમ કરીને સમજાવાય. તેમ છતાં એનાથી થયેલાં કર્મને યથાયોગ્ય સમજે તો સારું, પણ જો 'ના, એ તો હું એનું વેર જ લઈશ' એવા નિશ્ચય પર આવ્યો હોય, તો એને સમજાવવો મુશ્કેલ છે.

આપણે તો એ બેની વચ્ચે સંપ કરાવવો છે, સમાધાન કરાવવું છે, પણ એ તો હથિયાર લઈને ઊપડ્યો છે બીજી બાજુએ. પેલા માણસને વેર કે કંઈ કશું નથી અને આ માણસને વેર પાકું થયું. આવી પરિસ્થિતિ થાય ત્યારે આપણે શું કરવું ? આપણી બુદ્ધિ કેવી ચાલે ?

મને એવું થયેલું છે. આ પૈસાદાર ગરીબને કચડે છે, તો એની સામે હથિયાર ઉગામો કે આવી રીતે દબાવી નહિ શકાય, પછી એને સમજણ પડે !

**સ્વજન :** મોટા, કાલે આપણે ગરીબાઈની વાત થયેલી. આટલી બધી ગરીબાઈ આપણા દેશમાં છે. એટલે આપણે અમુક જાતના વિચારો કરતાં હોઈશું અથવા આપણાં અમુક કાર્યો હશે એને લીધે હશે ?

**શ્રીમોટા :** આપણાં કર્મનું શાસ્ત્ર છે, પણ એમાં એકલું

કર્મ નથી હોતું. એમાં પરિસ્થિતિ, સંજોગો એ બધું પણ ભેગું થાય છે. દા.ત., હું, રામ (શ્રી રામભાઈ પટેલ) સાથે સંકળાયેલો હોઉં, એનો પાકો દોસ્ત હોઉં. એનાથી છૂટી શકું એમ ન હોઉં. હું ઉત્તમમાં ઉત્તમ પૈસાદાર થઈ શકું એવી સ્થિતિ હોય. હવે જો એ ગરીબાઈમાં જાય તો હું ગરીબાઈમાં જઉં. દુનિયામાં ગરીબાઈ વિશેષ છે, એનું કારણ એ છે પૈસાની ખોટી વહેંચણી છે. એક પૈસાદાર કુટુંબમાં છસાત છોકરાં હોય, બીજા કુટુંબમાં બેત્રણ છોકરાંઓ હોય, એમાં જે વહેંચણી થાય એમાં ઘણે ઠેકાણે અન્યાય થાય છે, પણ ભગવાન આવો અન્યાય કરે છે એમ આપણાથી વિચારાય નહિ. એ વિચારદોષ છે. થોડોક ભાગ ધનિક, સામાન્ય વર્ગ અને વધારે ભાગ ગરીબ. તો શું વધારે ભાગના લોકોએ ખરાબ કામ કરેલાં ? અને આ લોકોએ સારાં કામ કરેલાં ? એમાં કર્મનો સિદ્ધાંત નથી આવતો. ગરીબ થવાનું કારણ શું ? હાલ ગરીબ લોકો છે, એમણે પોતાની મેળે જ ગરીબ જન્મ માગેલો. એની પાછળ કર્મનું ધોરણ કે પ્રાબલ્ય, જોશ અથવા કરેલાં કર્મનાં પરિણામ સ્વરૂપે થયેલો અંશ હોય, પણ મૂળ તો પૈસાદાર હોય ત્યારે એને ગરીબ થવાની ઇચ્છા થાય છે. એવું જીવન જીવવાની ઇચ્છા થાય છે. આપણને એમ થાય કે આવું વિચારે છે ? અક્કલ વગરનો મૂર્ખો છે. આટલું બધું ધન હોવા છતાં ગરીબ થવાની શું કરવા ઇચ્છા થાય છે ? એમ કહીને આપણે આપણો ન્યાય આપી દઈએ. બાઇબલમાં કહે છે કે 'તું કોઈને ન્યાય ન આપતો, નહિતર તારો ન્યાય થઈ જશે.' આવું તો શાસ્ત્રમાં કહ્યું છે, પણ ક્યાં એને વિશે વિચારવું છે કે કરવું છે ?

દા.ત., ટાગોર બહુ પૈસાદાર. ગજબના પૈસાદાર. એમણે ગરીબનાં દુઃખ જોયાં અને દુખી થયા. એટલા બધા પરોપકારી માણસ. એમણે તે બધું ગરીબાઈ માટે કર્યું.

જગત બીબાં જેવું નથી. એમાં વિવિધતા અને અનંતતા છે. તે બધાંના અનુભવમાં આપણે આવવાનું છે. ગરીબાઈનો મોટો ભાગ બધા જ દેશમાં છે. અમેરિકા, લંડન જેવા પૈસાદાર દેશોમાં પણ ગરીબાઈ છે. ગરીબાઈ માત્ર કર્મના કારણે જ થાય છે, એ બરાબર નથી. બીજાં ઘણાં કારણો છે. માત્ર એક જન્મ છે, એવું માનનાર ખ્રિસ્તી કે મુસલમાન ધર્મવાળા છે. એમને માટે આ પ્રશ્ન વિચારવાનો છે. એ તો જે કંઈ છે એમાં જ જીવવાનું છે. મેં મારા એક મુસલમાન મિત્રને કહેલું કે 'તમે જીવનની અનંતતામાં માનતા નથી, પણ દરગાહમાંથી માણસ ઊઠે છેને ત્યારે એનો ન્યાય છે. અને એ પ્રમાણે એણે જીવવું પડે છે. પાછો કબરમાં દટાઈ જાય છે. વચલો ગાળો થોડોક ગયો. અમારામાં પણ થોડોક વચલો ગાળો જાય છે. અમારામાં એ ગાળો ઘણો મોટો પણ હોય છે. જન્મ લેતાં ૭૦૦ વર્ષ પણ થઈ જાય. તમારે અને અમારે સરખું જ છે. એટલે આમાં ડહાપણ કરીને કંઈ નિર્ણય કરીએ એ બરાબર નથી. એ તો ખુદાએ કંઈ કર્યું એ બરાબર છે.' એણે કહ્યું, 'તમારે કર્મ વડે જે જ્ઞાતિઓ થઈ એવું અમારે નહિ, અમારે તો સબ મુલ્લા એક જ.' મેં કહ્યું, 'એ ઉત્તમ છે ભાઈ, તે અમારામાં પહેલેથી-વેદકાળ પહેલાંથી કેટલાક લોકો ખુદા વિશે વિચારનારા હતા. બસ, એમાં જ મશગૂલ અને મસ્ત હતા. બીજી પંચાતમાં પડતા નહિ. એવો એક વર્ગ હતો. એ નાનોસૂનો વર્ગ ન હતો. એ

વર્ગ પર્વત પર રહેનારા આવા લોકોને ખાવાનું પહોંચાડતો. આ કંઈ નાનુંસૂનું કામ ન હતું. જે બ્રહ્મ વિશે-ભગવાન વિશે વિચારનાર હતા એને અમે બ્રાહ્મણ કહ્યા. સમાજનું રક્ષણ કરનારા હતા તે ક્ષત્રિયો હતા. વેપાર કરનારા વાણિયા હતા. વેપાર વિના જગત કેમ ચાલે ? રસ્તા, મહોલ્લા વગેરે સાફ કરનાર વર્ગ હતો તે શૂદ્ર ગણાય, પણ ખરી રીતે બધાં એક જ છે, પણ કામ કરવાની રીતે બધા જુદા ગણાયા. તમારામાં એ રીતે નથી. બધા બિસ્મિલ્લા છે.' 'તમે જુદા ને જુદા રાખો, પણ અમે તો જમતી વખતે બધા એક જ. અમારે ત્યાં ભેદ નહિ. ગરીબમાં ગરીબ હોય તોય એક થાળીમાં જમીએ.' 'અમારે ત્યાં એવું થયું નથી. એમાં ઘણાં કારણો હું આપું, પણ તમારે ગળે નહિ ઊતરે. બધાંએ ભેગાં બેસીને જમવું એ આરોગ્યની દૃષ્ટિએ પણ બરોબર નથી. તમારા લોકોએ વિચારીને સુધરવું જોઈએ. કોઈ રોગવાળો હોય તો એના જર્મ્સ-(જંતુ) તમારામાં આવી જાય, પણ તમે આ નહિ સ્વીકારો !'

પછી એમણે મને કહ્યું 'તમારી વાત બરાબર છે. હું આ જાણતો ન હતો, પણ અમારા લોકો આ રીતે વિચારતા નથી.'

મેં કહ્યું, 'તમે વિચાર મૂકો. એમ કરતાં કરતાં એ પ્રસાર થશે.'

જગતમાં જુદી જુદી રીત રહેવાની જ ! ગરીબાઈની વાત ચાલતી હતી.

ગરીબાઈમાં સ્વયં રીતે અવતરે. ગરીબાઈથી ઊર્ધ્વ પ્રકારના જીવનમાં જવું અને તે જીવનમાં સારું છે, એવું વિચારનારા બહુ ઓછા છે. ભારે મથામણને લીધે થાય છે.

આવી મથામણ કરનારને ઊંચું જીવન મળે છે. પૈસાદાર લોકો છે. એ જીવન વિશે વિચારતા નથી. યદ્વાતદ્વા જીવન જીવે છે. આટલી બધી સારી સ્થિતિમાં હોવા છતાં, એમણે જીવન વિશે કંઈ જ વિચાર્યું નથી.

તા. ૨૭-૯-૧૯૭૪

**શ્રીમોટા :** ત્રિચિમાં એક મંદિર છે. તેમાં એક ભક્ત હતો. બહુ ઊંચી જાતનો. આપણા દરેક મંદિરમાં ઘંટ હતો તો ખરો જ, પણ આમના જેવો નહિ. એણે મોટો મિનારો બંધાવ્યો અને છેક ઊંચે ખૂબ મોટો ઘંટ મુકાવ્યો. સમયે સમયે એ વાગે. એવો ટકોરો વાગે કે આખા ગામમાં સંભળાય.

મંદિરમાં ઐતિહાસિક બનાવો પણ બનેલા. ટીપુ સુલતાન પોતાના માણસોને લઈને મંદિરમાં ગયેલો. પાછળ અંગ્રેજોનું લશ્કર પડેલું. રહેવાનું પણ ત્યાં જ. પછી એણે જોઈ લીધેલું. મંદિરનાં દર્શન બંધ થઈ ગયાં. એટલે લોકો અટવાયા. 'એને કાઢી મૂકો.' આ લોકો આ દેશ વિશે કે દેશના ગૌરવ કે અભિમાન વિશેનું જાણે નહિ. સમજે નહિ. એટલે દર્શન કરનારાં માટે દર્શન ખૂલ્યાં. એટલે પેલાને જવું જ પડે. એની સામે એને ઘેરી લેવા અને મારી નાખવા કેટલાય માણસો તત્પર હતા. તેમાંથી પણ એ છૂટી ગયો. બીજી દિશાએથી નીકળી ગયો. બધા માણસોને એકઠા કરી આગળ આવ્યો. આગળ ચાલતાં ચાલતાં આ ત્રિચિનાપલ્લીનું જંક્શન આવે છે. તેના પહેલાં એક સ્ટેશન આવે છે, એનું નામ ભૂલી ગયો. ત્યાં બહુ મોટું કારખાનું છે, સધર્ન રેલવેનું. ત્યાંથી આગળ જઈને ટીપુ સુલતાને પોતાના માણસો સાથે પડાવ નાખ્યો. અને લડાઈનાં

અને ખાવાનાં સાધનો સાથે પડાવ નાખ્યો. પછી લોકોને ખબર પડી એટલે પાછા ત્યાં આવ્યા અને ત્યાં તેણે લડાઈ આપી. ટીપુ સુલતાને જીવ સટોસટ યુદ્ધ કર્યું. તેણે જાણ્યું કે હારી જવાશે. એટલે પાછું નાખીને જતા રહ્યા. પછી જતાં જતાં આઠ દસ ઠેકાણે લડાઈ આપી. પછી પોતાના કિલ્લામાં જ આવે છે. અને ત્યાં પાંચ મહિના સુધી નિરાંતે રહે છે. ત્યાં સુધી લશ્કરની તૈયારી કરે છે. દાણાબાણા ભરી રાખે છે. ત્યાં લડાઈ થાય છે અને છેવટ સુધી લડે છે. બ્રિટિશ સરકારે એ જગાએ એનું પૂતળું પણ મૂક્યું છે. ત્યાં એ લડતાં લડતાં પડ્યો. ક્યાંક લખ્યું છે પણ ખરું. આવા પણ આપણા દેશમાં માણસો હતા. ખમીરવાળા હતા. રશિયા અને બધાની સાથે સંદેશા પણ ચલાવેલા અને તે આવવાની તૈયારીમાં હતા. કેવી રીતે આવવું તેના નકશા પણ બનાવેલા અને તોય ટીપુ થોડો મોડો પડ્યો. અંગ્રેજોને નસાડવા માટેની તૈયારી તૂટી પડી.

હમણાં સુધી આપણા દેશે માનેલું કે હિમાલય હોવાથી આપણા દેશ પર કોઈ ચડી આવી શકે તેમ નથી. એથી એટલા બધા અંધારામાં રહ્યા. એને માટે આપણે કોઈ તૈયારી કરી નહિ. લશ્કરની પણ તૈયારી ન હતી. અને ચીનના લોકો ચડીને ત્યાંથી જ આવ્યા અને કોણ જાણે કેમ તે શું સૂઝ્યું કે છેક બિહારના મેદાન સુધી આવેલા તોય ત્યાંથી પાછા ફર્યા. એ સમજાયું નહિ. કાં તો પછી અમેરિકાનું નૌકાદળ આવ્યું તેથી પાછા ફર્યા કે પછી ઇંગ્લૅંડે આપણને મદદ કરવાની તૈયારી બતાવી તેથી પાછા ફર્યા, પણ કોણ જાણે કેમ એ એક પ્રૉબ્લૅમ છે !

**સ્વજન :** મને લાગે છે કે એમને લાગ્યું કે જેમ જેમ નીચા ઊતરીશું તેમ તેમ તેમને ત્યાંથી સામગ્રી લાવવાની લાઇન લાંબી થતી જાય અને આપણે વધારે સારી રીતે લડત આપી શકીએ અને બીજું, અમેરિકાની અને ઇંગ્લૅંડની પુષ્કળ મદદનાં ચિહ્નો શરૂઆતમાં જ લાગ્યાં હશે. એટલે એમને લાગ્યું હશે કે લાંબી રીતે લડીશું તો કદાચ ફાવીશું નહિ. આને બદલે પૉલિટિકલ, સાઇકૉલૉજિકલ-ઍડ્વાન્ટેજ-(રાજકીય અને માનસિક રીતે લાભ) એ લોકોએ લઈ લીધો. આપણને સજ્જડ હરાવ્યા. એમણે એમ ઓછા ખર્ચે ઉપયોગ કરી લીધો. દુનિયામાં એવી છાપ પાડી દીધી કે ચાઈના એકદમ પાવરફૂલ છે અને એની સામે હિંદનું લશ્કર કંઈ કરી શકે તેમ નથી !

**શ્રીમોટા :** હોય. હોય. એવું લશ્કર તૈયાર કર્યું ખરું. હિમાલયની આબોહવા માટે.

**સ્વજન :** હવે તો આપણા દેશનું લશ્કર તૈયાર થયું. હવે તો ગમે તે લડાઈ આપી શકીએ, પણ લડાઈની પાછળ આપણું ઈન્ડસ્ટ્રિઅલ પ્રૉડક્શન-(ઔદ્યોગિક ઉત્પાદન) કરવાની તૈયારી કરવાની આપણી તાકાત જોઈએ અને લોકોમાં એક જાતનું મહેનત કરવાનું વલણ જોઈએ અને રાજ્ય અને પ્રજામાં એક જાતની એકતા જોઈએ. આજે એ નથી. લાંબી લડાઈ કરવી હોય તો મુશ્કેલી. દસ પંદર દિવસ કે મહિનો ખેંચવો હોય તો ખેંચી કાઢીએ, પણ જો ચાર છ મહિના કે બાર મહિનાની લડાઈ ચાલી તો એ માટે પછી બધું આખું તંત્ર બરાબર બેસવું જોઈએ. આમ તો શૉર્ટેજ-(અછત) છે, તે પાછી વધી જાય.

તા. ૨૦-૯-૧૯૭૪

❑

# (૨૬) શંકરાચાર્યનું અર્પણ

**શ્રીમોટા :** શંકરાચાર્યે શિવાલયો સ્થાપ્યાં. એમાં શિવના પ્રતીકરૂપે લિંગ રાખ્યું. લિંગનો અર્થ આપણા લોકો જે સમજે છે તે નથી. આ જડ કે ચેતન, જે કંઈ અસ્તિત્વ છે, એ ઊર્ધ્વાકાંક્ષી છે. ઊંચી સ્થિતિમાં જવાવાળું છે. એના આદર્શ તરીકે લિંગને ઊંચું રાખ્યું. આ જ એનો અર્થ છે. બીજો અર્થ નથી. લોકો જે નેગેટિવ અર્થ ઘટાવે છે, તે બરાબર નથી. આપણા દેશમાં જુદા જુદા નેગેટિવ પંથવાળા થઈ ગયા, તે લોકોએ એનો બહુ દુરુપયોગ કર્યો છે.

જ્યારે શંકરાચાર્ય હિમાલયમાં ગયા-કાશ્મીર ગયા. ત્યાં 'શંકરાચાર્ય હિલ' નામની જગ્યા પ્રખ્યાત છે. એ સ્થળે ધ્યાનમાં બેઠા હતા. ત્યાં એમને લાગ્યું કે આ એકલું નહિ ચાલે. ભક્તિ સંપ્રદાયને સાથે લેવો પડશે. ત્યારે આપણો દેશ આ એક લિંગને નહિ સ્વીકારી શકે. એટલે મહાદેવની સાથે માતા તરીકે પાર્વતીને બેસાડ્યાં. પાર્વતી પણ એકલાં નહિ. સાથે ગણેશને બેસાડ્યા. પછી હનુમાનજીને બેસાડ્યા અને જે દેવોની મહત્તા હતી, એ બધાંને બેસાડ્યા. એ જાતનાં મંદિરો કર્યાં. બધાંની પ્રાણપ્રતિષ્ઠા કરી અને આવી રીતે બધાંને સાચવ્યા.

પોતે એકેશ્વરવાદી હતા. જે શંકરાચાર્ય, એકેશ્વરવાદી હતા, તે મટીને આવી જાતના પણ થઈ ગયા. કાળને પણ મહાપુરુષે ગણવો પડે છે. છૂટકો જ નથી થતો, કારણ કે એને જે કંઈ કરવાનું હોય તે કાળ સાથે કરવાનું હોય છે. કાળ બહાર રહીને એ કંઈ કશું કરી શકતો નથી. કાળમાં રહીને જ કરી શકે છે. ત્યારે એમણે જાણ્યું કે આ સમાજમાં વિવિધતા

છે. એ વિવિધતાને એ તોડી નહિ શકે. તે કુદરતી છે. ત્યારે આ ભગવાન-આ એકેશ્વરવાદ કહું છું, તે આ લોકો નહિ સમજી શકે, નહિ સ્વીકારી શકે.

શંકરાચાર્યે બીજું બહુ મોટું કામ કર્યું. આપણે કોઈ જાણતાં નથી.

એ એટલો બધો પૉલિટિકલ-(રાજકીય) માણસ હતો ! આપણાં મંદિરો સીમા પર હતાં. અત્યારે પણ જુઓ તો-ગુજરાતમાં પણ-મોટાં મોટાં મંદિરો સીમા પર છે. ત્યાં અનેક દેશના બહુ લોકો આવતા હોય છે. ત્યાં બધી ખબરો તેમને મળી શકતી. એમાં પૉલિટિકલ દૃષ્ટિબિંદુ પણ હતું જ. ત્યારે પણ હશે અને આજે પણ છે. ત્યારે તો રેલવે મળે નહિ, કોઈ સાધન મળે નહિ. ત્યારે બધી હકીકત જાણવી કેવી રીતે ? આ એક સરળ રસ્તો હતો. દરેક સરહદ ઉપર મંદિરો બંધાવેલાં. તમે જુઓ દરેક સરહદ ઉપર મંદિરો છે. જગન્નાથ જુઓ, રામેશ્વર જુઓ, રામેશ્વરની બાજુથી જ્યાં શ્રીલંકા જવાય છે, ત્યાં પણ મંદિર છે. હમણાં પાછું વિવેકાનંદનું મંદિર પણ ત્યાં જ બંધાય છે. એ પહેલાં પણ મંદિર હતું જ, પણ જુદા પ્રકારનું હતું. પહેલાં જ્યાં જ્યાં આવી સરહદો હતી, જ્યાં લોકો બહુ આવ્યા કરતા, ત્યાં લોકોએ મંદિરો બંધાવેલાં. શંકરાચાર્યે જાણ્યું કે આ બદરીનાથનું મંદિર પડી ગયું છે, બેહાલ થઈ ગયું છે. એનો પુનરોદ્ધાર કરવો જોઈએ. એમણે એકલાએ એ મંદિરનો પુનરોદ્ધાર કર્યો. આજે ચાલે છે. એને પૈસા મળ્યા હશે. નહિતર કેવી રીતે કરે ? જગન્નાથજીનો પુનરોદ્ધાર કર્યો. દ્વારકાનો પુનરોદ્ધાર કર્યો. બધાં સરહદનાં મંદિરોને આ એકલા માણસે

જીવતા કર્યા. બત્રીશ વર્ષની ઉંમરમાં એમણે કેટલાં બધાં કામ કર્યાં ! ફક્ત બત્રીશ વર્ષની ઉંમરમાં તો ચાર વખત હિંદુસ્તાનની પ્રદક્ષિણા કરી. કેટલાં બધાં પ્રવચનો કર્યાં.

એ વખતે હિંદુસ્તાનમાં બૌદ્ધ ધર્મનું બહુ જોર હતું. એ ધર્મનું એમણે નામનિશાન કાઢી નાખ્યું. એવું એમણે કામ કર્યું. આપણી દૃષ્ટિએ એમ લાગે કે, કોઈનું કંઈ હોય, તેનો નાશ કરી નાખવો-એને નષ્ટ કરી નાખવું-એ કેવું ? પણ એ મહાપુરુષ હતો. એને સમજણ હતી, શું કરવું અને શું ના કરવું ! આપણી બુદ્ધિથી એનો ન્યાય કરવો એ બરાબર નહિ કહેવાય. ઘણા લોકો એક જ નિયમ રાખે, પણ જે મહાપુરુષ હોય છે, તે કાળની માગ હોય છે, તે જાણે છે. દરેક કાળની જુદી જુદી માગ હોય છે. એ 'ડીમાન્ડ ઑફ ટાઈમ'-(કાળની માગ) એ લોકો આપણા કરતાં વધારે સમજે અને આપણે એમાં ડબડબ કરવા જઈએ, તે બરાબર નહિ.

❑

# (૨૭) સમયની માગ

તમે અહીંયાં ખોટી થીઅરી-(સિદ્ધાંત) કરો અને પ્રશ્ન કરો કે 'ડીમાન્ડ ઑફ ટાઈમ'-(કાળની માગ) એ શી રીતે ? આજના કાળની માગ એ છે કે એક સંપ થઈને હિંદુસ્તાનને આપણે ટકાવી રાખવું જોઈએ. નહિતર આપણે સ્વરાજ ખોઈ બેસીએ. આજે કાળ એવો છે. સંપથી આપણો દેશ ટકી રહ્યો છે. નહિતર આપણા દેશને કોઈ જીતી લેત. આ કાળ એવો છે. કાળને લીધે આપણો દેશ ટક્યો છે. નહિતર આપણા દેશને કોઈને જીતી લેતાં વાર લાગે તેમ નથી. એવી આપણી સ્થિતિ છે. એવી સ્થિતિમાં બધાંએ એક થઈને સ્વરાજ ટકાવવું જોઈએ. કોઈ પૂછે. આવા રાજ્યને ટકાવવું ? 'આવું રાજ્ય, તેવું રાજ્ય' આપણે વિચારવું નહિ. ગમે તેમ કરીને આપણે બધાં ભેગાં થઈને રાજ્યને સુધારી શકીશું. આપણે બધાંય એક થઈને આપણા દેશને ટકાવવો જોઈએ. મને આજનો કાળધર્મ લાગે છે. અનુભવની રીતે મારા જીવનમાં જેટલું થાય તેટલું હું કરું છું. તે તે કાળે, તે તે કાળનો ધર્મ હશે. હું તમને કેવી રીતે સમજણ પાડું ? કેટલાક સંતોષ પામે અને કેટલાક ના પામે. 'મોટા, તમે જુદી રીતે બોલો છો.' ત્યારે કહું, 'તમે બોલો છો અને પૂછો છો ત્યારે તમને કહું છું. બાકી, મારે કહેવાની શી જરૂર છે ? બોલવાની શી જરૂર છે ?'

એ જે વાત બધી હું કહેતો હતો, તે લગભગ પૂરી થઈ ગઈ. પહેલાંય ઉદારતાવાળા માણસો પણ આપણા દેશમાં હતા. ધર્માચાર્યોએ હરિજને બંધાવેલું મોટું ધર્મનું મંદિર સ્વીકારેલું છે.

'આમાં ના જવાય' એવું કોઈએ નથી કહ્યું. એવી ઉદારતા આપણા દેશમાં છે. હજુય હરિજનોને ભલે ના અડકે, પણ એમાં કોઈ ભક્ત થયો હોય તો તેને પગે લાગે એ ચોક્કસ. એ જોયેલી હકીકત છે. સમાજમાં એ જે તત્ત્વ રહેલું એ જતું નથી રહેવાનું.

આજે નહિ તો કાલે, આપણે અને હરિજનો ભેગાં થઈશું ખરાં. ગાંધીજીએ ભવિષ્ય ભાખ્યું, તે મને સાચું જ લાગે છે. હરિજનોને આપણે નહિ અપનાવીએ તો નાશ પામી જઈશું. નાશ પામીશું એટલે પૉલિટિકલ દૃષ્ટિથી આપણી તાકાત તૂટી જાય છે. હિંદુઓની સ્ટ્રેન્થ-(શક્તિ) છે, તે મૅજૉરિટી-(બહુમતિ) હરિજનોને લીધે છે. હરિજનોનો આપણને ટેકો ના હોય, હરિજનો જો આપણામાં ના હોય, તો આપણે હિંદુ તરીકે માઇનૉરિટી-(લઘુમતિ)માં આવી જઈએ, તો માઇનૉરિટીના રાઈટ્સ-(હક્ક) ઘણા ઓછા હોય. પછી આપણે માઇનૉરિટી તરીકે રાજકીય દૃષ્ટિ બિંદુથી હિંદુસ્તાનમાં કંઈ કશું કરી ના શકીએ. આ હરિજનો જો ખસી જાય તો હિંદુ ધર્મ માઇનૉરિટીમાં આવી જાય અને એની ખાનાખરાબી થઈ જાય. એ કોઈ ધર્માચાર્યોય સમજતા નથી અને કોઈના ખ્યાલમાં કેમ આવતું નથી તેની મને સમજણ નથી પડતી. રાજકીય દૃષ્ટિ કરીને લોકો કાઢી નાખે છે, પણ એમાં માત્ર રાજકીય દૃષ્ટિ નથી. હવે બીજું કંઈ પૂછો.

❑

# (૨૮) સમાસમાનાં દર્શન

**સ્વજન :** (ધીરજબહેન) વૈષ્ણવ મંદિરો ચોવીસ કલાક કેમ ખુલ્લાં નહિ રહેતાં હોય ? અમુક જ ટાઈમમાં જ દર્શન થાય એ મને સમજાતું નથી !

**શ્રીમોટા :** શિવ મંદિર ચોવીસે કલાક ખુલ્લાં રહે. વૈષ્ણવ મંદિરો ચોવીસે કલાક ખુલ્લાં નથી. એનું કારણ એ છે કે આઠે વખતે જુદા જુદા શણગાર અને એના પ્રસાદ મૂકવા પડે. ત્યારે એ કરવા માટે ઈન્ટર્વલમાં-(વચગાળામાં) આ બધું જોઈએને ? ઉઘાડે છોગ ન કરે. જો ઉઘાડું હોય તો કેવી રીતે કરે ? એટલે બાકીના વખતમાં મૂર્તિઓને પહેરવેશ પહેરાવવા વગેરે કામકાજ એ લોકો કરતા હોય છે. એમના ભોગ બોગ લાવવા કરવાના હોય તે લાવી કરીને મૂકે. બધું વ્યવસ્થિત ગોઠવે અને મૂર્તિને દરેક વખતે જુદો જુદો પોશાક, જુદાં જુદાં ઘરેણાં, મુગટ વગેરેનું બધુંય લિસ્ટ-(યાદી) કરેલું હોય. આ વખતે આ જ હોય. એ લોકો બધા ટેવાઈ ગયેલા. એ પ્રમાણે બધું કરે. એક દર્શન થઈ જાય પછી બીજાં દર્શનની તૈયારી પહેલેથી બીજા માણસો કરી રાખતા હોય. એક વખતનાં દર્શનના એક માણસો-બીજાં દર્શનના બીજા માણસો અને તે માણસો આ બધી તૈયારીઓ કરી રાખે અને આ દર્શન બંધ થઈ જાય પછી પડદો પડી જાય. પછી પેલા બધા, જે બધું કર્યું હોય તે લઈ જાય અને બીજાં બધાં વસ્ત્રો ઉતારી લે. અને ગડી વાળી કરીને પાછા એને સોંપી દેવાય. આ દર્શન વખતે આટલાં કપડાં એ લખાય અને એ પાછાં આવે એ જમા પણ થાય. આમ બધું પાકું ખાતું. જેમ તેમ નહિ. આમ પોશાક પહેરાવવા, આ બધું ગોઠવવું. એને ટાઈમ જોઈએને,

બહેન ! એને માટે બે દર્શન વચ્ચે ઇન્ટર્વલ-(મધ્યાંતર) હોય છે. બાકી, ઇન્ટર્વલની કંઈ જરૂર નહિ.

વૈષ્ણવ મંદિરમાં આઠ વખતનાં દર્શન. એ આઠેય વખત પોશાક જુદા અને સામગ્રી જુદી. એક જાતની નહિ, જુદી જાતની. 'કેટલી વખત ખાતા હશે ભગવાન ! અરે, મારા હાળા તમારા ભગવાન ખાઉધરા હશે ! આઠ વખત ખાતા હશે ?' એમ કોઈને સવાલ જાગે, પણ હું એમ કહું છું કે આપણા દેશમાં એક કાળ એવો હતો, એ કાળ વિશે કોઈ સાહિત્ય શોધી કાઢે તો હું રાજી થઉં. આ મારું અનુમાન છે. હું કહું કે કોઈ ચાલી આવતી પ્રથા હોય તે નકારવી નહિ. તેને સમજવા પ્રયત્ન કરો. એને રૅશનલી-(તાર્કિક રીતે) સમજવા પ્રયત્ન કરો, કે ભાઈ, આપણા દેશના આ જે માણસો, પહેલાંના માણસો-આટલાં બધાં શહેરો ન હતાં, યંત્રો ન હતાં અને લોકો ખેતી જ કરતા. બહુ મહેનત કરતા. એમને બહુ ખાવા જોઈએ. હું મારી જ વાત કરું. નાનપણમાં-હું સાડાસાત વર્ષનો હતો ત્યારે હું ધરુ રોપવા જતો ત્યારે દોઢ રોટલો (આટલો મોટો) ખાવા માટે જોઈએ. આજે હું તેનો આઠમો ભાગેય નથી ખાતો, પણ તે વખતે મારે એટલો રોટલો જોઈએ. અને કામ કરું જોડાજોડ. ખેડૂત ધમકાવે, 'જો તું પેલા બીજા લોકોની જોડાજોડ કામ નહિ કરે તો તને આવતી વખતે નહિ લાવીએ.' પૈસાની લાલચે હું પેલાની જોડાજોડ કામ કરું, પણ મારે કટકો રોટલો વધારે જોઈએ તે ના આપે. આ મારા મનમાં બહુ લાગે. દિવસના છ પૈસા આપે. તેય પંદર દિવસના નેવું થાય. તેને બદલે એંશી પૈસા આપે. હું કહું કે 'ભાઈ,

દસ પૈસા મારા હકના છે. આટલું હું કામ કરું છું.' તો કહે, 'તું બહુ બોલ બોલ કરે છે. કાલથી તું આવીશ નહિ. જા.' ખલાસ. આ ન્યાય ! આની સામે નહિ થવું જોઈએ ? પણ તે વખતે મારામાં શક્તિ નહિ. આવો અન્યાય ચાલે. ન્યાયપૂર્વકના નેવું પૈસા રોકડા થાય અને એ એંશી આપે. દસ પૈસા કાપી લે. લોકોને બિચારાને કમાવાની ગરજ રહી. પૈસાની ગરજ રહી, એટલે જાય. શું કરે ? આવા માણસોની તો સામે જ થવું જોઈએ. એ સાંખી લેવું તે ધર્મ નહિ-બિલકુલ ધર્મ નહિ. ધર્મ તો એ છે કે અન્યાય સામે થવું જોઈએ.

**સ્વજન :** મોટા, આપણને કંઈ વિચાર આવે, આપણને લાગે કે આ વસ્તુ સત્ય છે. વિચારની દૃષ્ટિથી એને પછી સાકાર કરીને અનુભવીએ તો જ સત્ય દૃઢ થાય છે ! એક્સ્પીરિઅન્સ-(અનુભવ)થી જોઈએ તો જ એને સાકાર કરવા પ્રયત્ન કરવો જોઈએ.

**શ્રીમોટા :** એ પછી એને લાગ્યું હોય કે આ સત્ય છે. એ સત્યની સાથે સાથે શ્રદ્ધા હોય જ. આગળ ચાલવામાં શ્રદ્ધા જ આપણને મદદ કરતી હોય છે. આગળ જતાં જે મુશ્કેલીઓ આવે તેમાં જ્ઞાન પ્રગટાવે છે, પણ શ્રદ્ધા જ એને જો આપણું જ્ઞાન, કેવળ જ્ઞાન સાચું જ હોય તો એ બતાવીને પાર કરીને એ સત્યના અનુભવની સ્થિતિમાં આપણને સ્થિર કરાવે. એ વાત ચોક્કસ.

ઓગણીસો ચોવીસની સાલ, એ ગાળામાં અસ્પૃશ્યતા ઘણી હતી. મારા મનમાં કે ગાંધીજીના જન્મદિવસે આ અસ્પૃશ્યતા નિવારણ અંગે એવું કંઈ કામ કરું. જો બધાંને જમાડવાનું કામ

રાખું તો પત્તો ખાશે નહિ. શહેરના પ્રતિષ્ઠિત લોકો કરતાં હરિજનોને બેવડી સંખ્યામાં બોલાવવાનું નક્કી કર્યું. મેં ખર્ચો કરેલો. ટેબલો ગોઠવેલાં. એની ઉપર પીન મારીને ચાદર ગોઠવેલી. રકાબીઓ ભાડે આણેલી અને ખાવામાં મેવો અને થોડીક સાકર રાખેલી. બધી જાતનો સૂકો મેવો રાખેલો. ભગવાનની કૃપા એવી કે ઘણાખરા લોકો આવ્યા. મારા ધાર્યા કરતાં ઘણા લોકો આવ્યા. હરિજનો પણ આવ્યા અને બધા પ્રસાદ જમ્યા. આ તો કંઈ અભડાઈ જવા જેવું હતું નહિ, પણ બીજે દિવસે એવો ઊહાપોહ જાગ્યો કે ખડાયતા વાણિયા કહેવાય છે, એ વાણિયાના પંથ પડી ગયા. જે આવેલા અને નહિ આવેલા તે બે જુદા પડી ગયા. આવેલા તે જુદા પડી ગયા. એના લીધે જે નેતાઓ હતા, અમારા નડિયાદના ફૂલચંદ બાપુભાઈ શાહ, ગોકુળદાસ એ બધા નાતબહાર મુકાયા. મેં ઊભું કરેલું અને મારી નાતવાળા વિચારતા હતા, 'આ છોકરાનું આપણે શું કરવું ? મારી બા, મને રોજ બહુ ગાળો ભાંડે, 'મારા રોયા, આપણે ગરીબ, પાછા નાતબહાર થઈશું. આ છોકરાં કેવી રીતે પરણશે ?' એને બિચારીને તો એ જને ? એ બિચારીને શું ? વિશેષ જ્ઞાન ના હોય. 'છોકરાંઓ પરણ્યાં વિનાનાં રહેવાનાં નથી. પરણશે જ.' 'આપણને નાતબહાર મૂકે પછી કોણ આપે ?' મારી માને એવી ફિકર થાય. કોઈ કન્યા ના આપે. મેં કહ્યું શ્રદ્ધા રાખને. એ તો આપશે, પણ એ શી રીતે શ્રદ્ધા રાખે ? એ કહે, તું ઊંટને ઘરમાં પેસાડવાની વાત કરે છે, પછી હું એની સાથે દલીલ ના કરું. મારાથી શી રીતે એને સંતોષાય ? પછી નાતવાળા ભેગા થઈને મને

નાતબહાર મૂકવા તૈયાર થયા. એ કહે, 'આને નાતબહાર જ મૂકી દો.' આપણે આ વાણિયાઓએ બે ભાગ કરી દીધા એવું નહિ. આને નાતબહાર જ મૂકી દો. આ બધાંનું મૂળ જ આ છે. ત્યારે નડિયાદમાં ગોદડિયા મહારાજ આવેલા. એમનું વર્ચસ્વ ખરું. અમારી નાતના નેતા જેવા પાંચસાત માણસ એમની પાસે જાય. આ વાત પંદર સત્તર દિવસ સુધી ચર્ચાયા કરી. મહારાજને મળે તો આ જ વાત કરે. તે તેમણે મારા વિશે મહારાજને આ વાત કરી. તો કહે, 'સાલાઓ, મૂર્ખા છો ? એ છોકરાને નાતબહાર મૂકશો તો તમે નાતબહાર મુકાઈ જશો. આ છોકરો ભજન ભાવ કરે છે. એને હું જોઉં છું. અહીં સ્મશાનમાં આખી રાત જોઉં છું. એ ભજનકીર્તન કરે છે અને એવા છોકરાને તમે નાતબહાર મૂકશો ? તો તમે જ નાતબહાર મુકાઈ જશો. એને પ્રોત્સાહન આપો.' 'આખા ગામે આવું કર્યું છે.' 'ગામ કરતું હોય તો ગામને કરવા દો. આપણે શું કામ એવું કરીએ ?' આનો સાહેબ, એ લોકો ઉપર પણ પ્રભાવ પડ્યો. અમારી નાતના મુખ્ય માણસો ઉપર પણ પ્રભાવ પડ્યો અને મને નાતબહાર ના મૂક્યો. મને બાકી રાખ્યો. કાળ જતાં પેલા બે ભાગ ભેગા થઈ ગયા, હમણાં પાંચેક વર્ષ પહેલાં જ. આપણે અહીંયાં બાલુભાઈ-(બી. સી. શાહ) હતાને ! એ જ જ્ઞાતિના લોકો.

આવું કંઈક કરી શકીએ તો થોડે ઘણે અંશે કંઈક કામ થાય એમ મેં વિચારેલું, પણ અમારા બજેટમાં આવું ખરચ થાય નહિ. એટલે ઉઘરાવી ઉઘરાવીને કરીએ. મનમાં તો વિચાર એવો કે આ જીવન મળ્યું તો બીજી વખતે બરફી પેંડા કે એવું

કંઈ લાવીને કરવું. કાગળની ડિશોમાં લાવીને કરવું, પણ પછી તો બધાંએ ના પાડી કે 'આવું ના કર. ગામમાં શું કામ ઝઘડો ઊભો કરવો ? હવે બધું શમી ગયું છે. તમને તો કશી આંચ આવી નથી. તને તો કોઈએ નાતબહાર મૂક્યો નહિ. તને તો કોઈ જાતનું નુકસાન થયું નથી. હવે આ ઢોંગ રહેવા દે.' મેં કહ્યું, 'હું કંઈ ઢોંગ ખાતર નથી કરતો. હું તો અસ્પૃશ્યતા નિવારણ ખાતર કરું છું. હું તો શિક્ષણ માટે કરું છું.' એમને ભણાવીએ ગણાવીએ ખરા પણ ખરું કામ તો આ છે, પણ આપણામાં હિંમત જોઈએ, પણ મને નડે છે પૈસા. મારી પાસે પૈસા નથી. કોઈ પૈસા આપતું નથી. સાહેબ, ઓછામાં ઓછું કરીએ તો દોઢ બે હજાર થઈ જાય. એટલા બધા પૈસા મને આપે કોણ ? એ કાળમાં કોઈ ના આપે. એ વખતે મારે દોઢ હજાર રૂપિયા મેળવવા પડેલા, તેય બોચીયે આંખો આવી ગયેલી. મહાપરાણે મળેલા. આ કૉંગ્રેસવાળા પૈસા આપે નહિ, પણ હિંમત કરીને મેં કરેલું ખરું. બાપુજીને-ગાંધીજીને મેં બધું લખેલું કે 'આ પૈસાની બહુ મુશ્કેલી ! પૈસા ક્યાંથી લાવવા ? કોણ આપે મને ? શહેરમાં મારી કોઈ જાતની પ્રતિષ્ઠા નહિ. હું ગરીબ માણસ છું.' તો કહે, 'શ્રદ્ધા રાખવાની, મળી આવે એ તો.' એવું એમણે લખ્યું. બીજી વખત મુશ્કેલી પડેલી. મને પૈસા નહિ મળી શકેલા.

તા. ૨૦-૯-૧૯૭૪

❑

# (૨૯) નીરોગી રહેવાનાં સૂચનો

- સૂવાથી પાચનક્રિયામાં મદદ થાય, ઉપરાંત, શરીરમાં થતા ઘણા રોગોમાં માત્ર ડાબે પડખે સૂવાથી ફાયદો થાય છે.

- કંઈક વસ્તુ મોંમાં નાખીએ પછી તરત જ કોગળા કરી નાખવા. કોગળા કરવાથી દાંતના રોગ ન થાય.

- જમીને તરત જ પેશાબ કરો. તેથી પેશાબનાં કોઈ દર્દ ન થાય.

આ પ્રમાણે હું વર્તું છું તોય પ્રોસ્ટેટનું દર્દ થયું, પણ હું એ પ્રમાણે લઉં છું કે આ પ્રમાણે હું ન વર્ત્યો હોઉં તો બીજું ભયંકર દર્દ મને થયું હોત. તોપણ આ ત્રણે નિયમ ચાલુ છે.

આવી કેટલીક નિર્દોષ ટેવો પાડવાથી ફાયદો છે.

તા. ૧૪-૧૦-૧૯૭૪

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# સૂચિપત્ર


અકસ્માતથી મૃત્યુ (પ્રસંગ)-૪૮
અજમેરના પીર-૫૮
અથર્વવેદના મંત્રો-૪૪
અભયની કેળવણી-૨૫
અમેરિકા-૬૨, ૭૫, ૧૧૩, ૧૧૭
અર્જુન-૨૩
અસ્પૃશ્યતા નિવારણ (પ્રસંગ)-૧૨૫
અંદરના બીઇંગની શક્તિ-૮૯
અંધાધૂંધી-૨૫
અંબાજી-૯૨
આનંદમયી મા-૪૫
આનંદશંકર ધ્રુવ-૭, ૮
આપઘાત પછીનું જીવન-૪૭
આપઘાતનો પ્રસંગ-૪૮, ૪૯
આફ્રિકા-૭૪, ૮૬
આબુ-૨૯
આલ્પ્સ પર્વત-૬૮
ઈરાન-૫૬
ઈગો માટે કામ-૯૮
ઈગોનો ગુણધર્મ-૯૮
ઈસુ ખ્રિસ્ત-૨૦
ઇંગ્લૅંડ-૨૧, ૬૨, ૮૨, ૧૧૭
ઉત્તમચંદ (શ્રીમોટાના મિત્ર)-૭૬
એની બિસન્ટ-૧૮, ૧૯
ઓલિયા-૫૬
ઋગ્વેદ-૪૪
ઋષિકાળની સ્ત્રીઓ-૭૪
કર્મ ઉપરાંત-૧૧૧, ૧૧૨
કલ્પના અને જાણકારી-૯૨
કવાલી-૫૭
કસ્તૂરબા (પ્રસંગ)-૭૯, ૮૦
કાગડા (શ્રાદ્ધ વખતે)-૬૪
કાગઋષિ-૬૫
કાંતાબહેન (ડૉક્ટર)-૪૬, ૫૦, ૫૫
કામચોરી-૩૦
કામથી સંતોષ-૯૮
કાલિકા-૧૦૧ થી ૧૦૩
કાલોલ-૯૧
કાવેરી (નદી)-૨૮
કાશ્મીર-૧૧૮
કાળકામાતા-૯૨
કાળબળ-૩૨, ૧૦૮
કાળના વિચારો-૪૨
કિશોરલાલ મશરૂવાળા-૨૩
કેદારનાથજી (કિશોરલાલના ગુરુ)-૨૩
કૃષ્ણમૂર્તિ (જે)-૪૨
કોમ્યુનિઝમ-૮૬
ખરાબ ટેવો-૯૯
ગણેશ-૧૧૮

ગરીબી દૂર કરવી-૩૪
-નો હેતુ-૧૧૪
ગંગામાતા-૯૪
ગંગેશ્વરાનંદ (ચાર વેદનું સંકલન કરનાર)-૪૫
ગાંધીજી-૨૩, ૩૫, ૬૯, ૧૨૧
ગાંધીજી (પ્રસંગ)-૧૮, ૭૯, ૮૦
-અને ટૉલ્સ્ટોય-૮૬
ગાંધીજીનો જન્મદિન-૧૨૫
ગુરુમહારાજની ગાળ-૯૬
ગુરુકેળવણી-૨૫
ગુણ કેળવવા-૨૪
ગોકુળદાસ તલાટી-૧૨૬
ગોખલે વિશે-૧૭, ૧૮
ગોદડિયા મહારાજ-૧૨૭
ગ્રહોનાં નંગ-૬૧
ચીનનું આક્રમણ-૧૧૬
ચીનુભાઈની દીકરી (પ્રસંગ)-૪૫
ચૂનીલાલ (સર પુરુષોત્તમદાસના ભાઈ)-૧, ૨
ચૂનીલાલ (શ્રીમોટા)-૮
જગતનું સ્વરૂપ-૧૧૩
જગન્નાથજી-૧૧૯
જન્મદિવસનો ઉપયોગ-૧૨
-થી ફેરફાર-૧૧
જપ કરવા વિશે-૬૦
જર્મનીનો દાખલો-૭૨
જયપ્રકાશ નારાયણ-૩૦
જ્યોતિબહેન-૧૮, ૨૨, ૩૧, ૫૫, ૬૩, ૬૬, ૯૮, ૧૦૪, ૧૦૯
જળચરયોનિ-૫૩
જાપાન-૪૫
જામનગર-૭
જીવનસાથી-૧૦૬
'જેવા વિચાર તેવા'-૧૫
ટાગોર-૧૧૨
ટીપુ સુલતાન (પ્રસંગ)-૧૧૫
ટૉલ્સ્ટોય (પ્રસંગ)-૮૫, ૮૬, ૮૯
ડાહીબહેન-૪૯
ડાંગ-૧૦૦
તટસ્થતા-૩૬
'તારા શત્રુ સાથે'-૨૮
તંત્રના શબ્દો-૪૪
ત્રિચિ-૧૧૫
દર્શનનું લક્ષણ-૩
દાન-૬૩
દિલ્હી-૫૫, ૫૮
દીવાન સાહેબ (પેટલાદ)-૫૮
દેવયોનિ-૫૩
દેશની સમૃદ્ધિ-૩૦
દેશનું આર્થિક માળખું-૭૧
દેશનું ભાવિ-૩૪
દેશનો સ્થિતિ વિચાર-૧૨૨
દ્વારકા-૧૧૯
ધનવાનની ઉદારતા-૯૧
ધીરજબહેન-૧૧, ૫૦, ૧૨૩

નડિયાદ-૭, ૨૪, ૬૪, ૧૨૭
નર્મદા-૨૮
નબળાં બાળકો વિશે-૧૦૪
નંદુભાઈ-૪૫, ૪૬, ૪૮, ૪૯
નિર્ભયતાનો પ્રસંગ-૨૪
નિઃસ્પૃહા અને ઝંખના-૧૦૯
પર્શિયા-૫૬
પશુયોનિ-૫૩
પંખીયોનિ-૫૩
પંજાબ-૧૯
પંઢરપુર-૨
પાર્વતી-૯૫, ૯૬, ૧૨૮
પીર-૫૫
-માં દેવત્વ-૫૫
ફકીર સામે (શ્રીમોટાનો પ્રસંગ)-૫૬
-પાસેથી પડીકી-૫૫
પુનર્જન્મ ક્યાં ?-૧૧
પુરુષાર્થનું મહત્ત્વ-૬૮
પોંડિચેરી-૬૪
પ્રકૃતિના સ્વામીનું લક્ષણ-૯૬
પ્રસરેલું જીવન-૧૦૭
પ્રાર્થના-૧૦૮
પ્રારબ્ધ-૩૬
પ્રેત-૪૯
પ્રેતયોનિ-૫૩
પ્રેમ-૫૪
ફકીર-૫૫
ફિરદોશી-૫૭
ફૂલચંદ બાપુભાઈ શાહ-૧૨૬
બદરીનાથનું મંદિર-૧૧૯
બહુચરાજી-૯૨
બ્લેવેટ્સ્કી-૧૯
બાઈબલ-૧૧૨
બારડોલી-૭૬
બાળઉછેર-૮૨ થી ૮૪
બાળકોની કેળવણી-૨૬
-અને માબાપ-૮૧
બાળકોમાં જ્ઞાન-૭૮
બી.સી.શાહ (બાલુભાઈ)-૧૨૭
બીજાને પ્રકાશ આપવો-૩૧
બૅંગ્લોર-૪૫
બ્રહ્મા-૯૪, ૧૦૧
-વિષ્ણુ મહેશ-૯૪, ૧૦૧
ભગતની સેવા (પ્રસંગ)-૩૧
ભારતની પ્રજાનું ભાવિ-૨૭
ભાવથી કામ-૩૨
-જગાડવા-૧૧૦
-વધારવાની રીતે-૫૪
ભાવનગર-૮
ભૂખ (શ્રીમોટાનો પ્રસંગ)-૧૧૩
ભૂત-૪૭
મદ્રાસ-૧૮, ૧૯
મરણ પછી-૪૭
મણિબા-૪૫
મણિલાલ નભુભાઈ (પ્રસંગ)-૬
મહંમદ પયગંબર-૨૦, ૨૧

'મહાદેવ' (દૃષ્ટાંત)-૯૪ થી ૯૬
મહેશ્વરી-૧૦૧
મંત્રની સંખ્યા-૪૪
માતાજી (શ્રી)-૬૪
માબાપની અસર-૮૧
મુશ્કેલીઓ આવે ત્યારે-૧૭
મુસલમાન-હિંદુ (સાથે જમવા વિશે)-૧૧૪
મુંબઈ-૩૦, ૩૨, ૪૮
મૅટ્રિકની પરીક્ષા (પ્રસંગ)-૧૫
મોટાનો ગરીબીનો અનુભવ-૮૭
-નું પ્રવચન-૨૯, ૩૦
-નો પ્રસંગ-૭, ૮
-સ્થિત લગ્નવિધિ-૭૬
-ને પૂર્વજન્મની જાણ-૫૧
-ના મુક્તિ પ્રયોગો-૪૮, ૪૯
-ની વિધિ-૪૯
-ના શરીરનો જન્મદિન-૧૦
-ને જ્ઞાતિબહાર-૧૨૮
મોંમાંથી કંકુ-૪૬
મૌલાબક્ષ (અનુભવ)-૫૮
રઘા ભગત (પ્રસંગ)-૧૦૫, ૧૦૬
રમણભાઈ (અમીન)-૨૭
રશિયાની કદર-૬૮, ૬૯
રસ-૨૨
રામભાઈ પટેલ-૧૧૨
રામેશ્વર-૧૧૯
રાવબહાદુર સાહેબ-૮૮, ૯૧
રાષ્ટ્ર અને ભક્તિ-૨૮
લક્ષ્મી-૧૦૧ થી ૧૦૩
લંડન-૧૧૩
લાગણીના પ્રકાર-૧૧૦
લાઠી-૮
લાલા ભગત (સાયલા)-૫૦
લિંગ (શિવનું પ્રતીક)-૧૧૮
લોકોનું ઘસડાવું-૩૧
વડોદરા-૮
વાગોળવાની સ્થિતિમાં-૫૩
વાસનો અર્થ-૬૩
વિચાર સ્વાતંત્ર્ય-૭
-માં શક્તિ-૯૭
વિઠ્ઠલનાથની મૂર્તિની આંખમાં આંસુ-૨
વિવિધતા-વિસ્તાર-૧૯
વિવેકાનંદનું મંદિર (રામેશ્વર)-૧૧૯
વિશ્વામિત્રી (નદી)-૨૬
વૈષ્ણવ મંદિરો-દર્શન-૧૨૩
શરીરના પ્રકાર-૧૪, ૫૨
શંકરાચાર્ય હિલ (હિમાલય)-૧૧૮
શંકરાચાર્યનું કાર્ય-૧૧૮, ૧૧૯
શંભુ-૧૦૧
શિવજી-૯૪
શ્રાદ્ધ કેવી રીતે કરવું ?-૬૩
શ્રીનિવાસ શાસ્ત્રી-૧૮
શ્રીમદ્ રાજચંદ્ર-૧૦૦
શ્રીલંકા-૧૧૯
સત્ય અને શ્રદ્ધા-૧૨૫

સબકોન્શ્યસમાંથી-૪૫
સરસ્વતી-૧૦૧ થી ૧૦૩
-કુંવારી કેમ ?-૧૦૩
સંગીતથી વિકાસ-૮૪
સંગ્રામનું મહત્ત્વ-૯૦
સંતોકબા (ઉત્તમચંદનાં પત્ની)-૭૭
સંપ-૨૮
સંપત્તિ વિચાર-૩૫
સંસ્કારનું પરિણામ-૪
સામાજિક સલામતી-૭૦
સાયલા-૫૦
સાયલાના દરબાર (પ્રસંગ)-૫૦
સિંધિયાનો બંગલો (સિંધ)-૫૬
સિંધી પંજાબીનું જીવન-૫
સુદર્શન (માસિક)-૬
સુરત-૧
સુરત આશ્રમ-૪૯
સુરેશભાઈ (પટેલ)-૭૩
સૂફી-૫૫
સ્ત્રીઓમાં ઈગો-૯૯
હનુમાનજી-૧૧૮
હરિજન આશ્રમ-૭૩
હરિજન-હિંદુ-૧૨૨
હરિદાસ (પ્રસંગ)-૭૯ થી ૮૧
હરિસ્મરણથી રક્ષા-૧૧
હાથમાંથી સાકર અને સૂંઠ-૪૫
હિમાલય-૬૮, ૧૧૬, ૧૧૭
હિંદ-હિંદુસ્તાન-૯, ૧૯, ૨૭, ૫૬, ૧૦૯, ૧૨૨
હોંગકોંગ-૪૫
જ્ઞાન છતું કરવાની રીત-૮૫
જ્ઞાન વ્યક્ત થવું-૨૦

•

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહ્રદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહ્રદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહ્રદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહ્રદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઈંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હ્રદયકેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહ્રદયમાં.... ૬

ખટ રસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા રૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ **- શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં ‘મારું મારું ’ ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુ:ખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિ:સ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો.

- **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને – સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનંસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | |
|---|---|
| ૧૩. આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. ભાવ | ૧૯૭૧ |
| ૧૭. જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. જીવનઆહ્‌લાદ | ૧૯૭૨ |
| ૨૬. રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહ્દય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

૧૭. દુર્લભ દેહ મનુષ્યનો ૨૦૦૭
૧૮. દૈવાસુર સંગ્રામ ૨૦૦૭
૧૯. પ્રસાદી (ગુજરાતી) ૨૦૦૮
૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ ૨૦૧૪
(તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક)
૨૧. જીવનયોગ ભાગ ૧ અને ૨ ૨૦૧૬
૨૨. બુદ્ધિ ૨૦૧૭

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિ:ૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિ:ૐ ॥

પહેલાંના વખતમાં ધનવાન લોકો ઉદાર હતા, બીજાને માટે ઘસાવાની જે તત્પરતા હતી, તૈયારી હતી, એ આજે સમાજમાં ઘટતી જાય છે. મને યાદ છે કે મારા મોટા ભાઈનાં લગ્ન વખતે રાવબહાદૂર સાહેબને ત્યાંથી ઘોડાગાડીથી માંડીને જાજમ વગેરે સામાન અમારે ત્યાં આવેલો. કાલોલથી રેલવે સ્ટેશન દોઢેક માઈલ દૂર છે. તે એમની બે ઘોડાગાડીઓ પણ આવેલી. આવે પ્રસંગે ધનવાન લોકો ગરીબોને મદદરૂપ થતા, એ મેં જાતે અનુભવેલી હકીકત છે.

મારા બાપને પોલીસે માર્યા ત્યારે રાત્રે સાડાબાર વાગ્યે મેં બૂમમારી જગાડ્યા છે. ત્યારે ઘોડાગાડી જોડાવીને મારી સાથે આવેલા. આ કાળમાં કોઈ નહિ આવે !

- શ્રીમોટા

*'ગ્રહ ગ્રહણ', ત્રીજી આ., પૃ. ૯૧*

કિંમત : રૂ. ૧૫/-